અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

01 DECEMBER-2025 MONDAY | Vol. : 17 | Issue : 150 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  અમેરિકી બારની ઓફર- અપ્રવાસીઓને પકડાવો, અનલિમિટેડ ફ્રી-બીયર મેળવો

4  જીવન એવું જ છે.જ્યાં પ્રેમ છે ત્યાં કોઈ હિસાબ નથી અને જ્યાં હિસાબ છે ત્યાં કોઈ પ્રેમ નથી,ત્યાં ફક્ત વ્યવસાય છે..!!


6  કોહલીએ વન-ડેમાં 52મી અને ઈન્ટરનેશનલ કરિયરની 83મી સેન્ચુરી ફટકારી, કોઈ એક ફોર્મેટમાં સદીના મામલે સચિનનો ...

7  વૃદ્ધિ અને વૈવિધ્યકરણ ભાગ 4- ભારતનું રિયલ એસ્ટેટ બજાર નોંધપાત્ર વિસ્તરણ માટે તૈયાર....

### 149 પશુઓના જીવ ગયા, 234 કાચા મકાનો તૂટ્યા, 57,000 હેક્ટર ખેતીની જમીન ડૂબી

## વાવાઝોડા દિતવાહથી તમિલનાડુમાં 3નાં મોત





**ચેન્નઈ, તા.30**

સાયક્લોન દિતવાહના કારણે વરસાદ સંબંધિત ઘટનાઓમાં તમિલનાડુમાં ત્રણ લોકોના મોત થયા છે. તુતીકોરિન અને તંજાવુરમાં દીવાલ પડવાથી બે લોકોના મોત થયા, જ્યારે મયિલાદુથુરાઈમાં વીજ કરંટ લાગવાથી એક 20 વર્ષના છોકરાનો જીવ ગયો.

રાજ્ય સરકારના મંત્રી કે. રામચંદ્રને જણાવ્યું કે દરિયાકાંઠાના વિસ્તારોમાં 234 ઝૂંપડીઓ/કાચા ઘરોને નુકસાન થયું છે. આ ઉપરાંત 149 પશુઓના પણ મોત થયા છે. ખેતીલાયક લગભગ 57,000 હેક્ટર જમીન પાણીમાં ગરકાવ થઈ ગઈ છે.

શ્રીલંકામાં તબાહી મચાવ્યા બાદ ચક્રવાત દિતવાહ રવિવારે તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠે ટકરાશે. હવામાન વિભાગે કુડ્ડાલુર, નાગપટ્ટિનમ, મયિલાદુથુરાઈ, વિલ્લુપુરમ, ચેંગલપટ્ટુ સહિતના અનેક વિસ્તારોમાં ભારે પવનો સાથે ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

તમિલનાડુના દરિયાકાંઠાના જિલ્લાઓમાં રાહત અને બચાવ માટે NDRF અને SDRF સહિત 28 થી વધુ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત, મહારાષ્ટ્ર અને ગુજરાતના NDRF બેઝ પરથી 10 ટીમો ચેન્નઈ પહોંચી છે.

## લોકોમાં તમારી છબી બદલવાની જરૂર, કોસ્ટલ વિસ્તારોમાં સુરક્ષા વધારો : PM મોદીની પોલીસને ટકોર

**રાયપુર, તા.30**



છત્તીસગઢના પાટનગર રાયપુરમાં 60મી અખિલ ભારતીય ડીજીપી-આઈજી સંમેલનનો આજે અંતિમ દિવસ હતો. કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ સંમેલનમાં સામેલ થયા હતા. કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ સંબોધનમાં પોલીસને ટકોર કરતાં કહ્યું છે કે લોકોમાં પોલીસની જે છબી છે તે બદલવાની જરૂર છે, ખાસ કરીને યુવાનોમાં.

PM મોદીએ સંબોધનમાં કહ્યું કે પોલીસ ખાતામાં પ્રોફેશનલિઝમ અને સંવેદનશીલતા વધારવાની જરૂર છે. પ્રતિબંધિત સંગઠનોનું રેગ્યુલર મોનિટરિંગ તથા માઓવાદથી મુક્ત થયેલા વિસ્તારોમાં વિકાસ અને દરકિયાકાંઠા વિસ્તારોમાં સુરક્ષા વધારવાની જરૂર છે. વડાપ્રધાન મોદીએ વધુમાં ભારતીય ન્યાય સંહિતા, ભારતયી નાગરિક સુરક્ષા સંહિતા વિશે લોકોમાં જાગરૂકતા વધારવાની અપીલ પણ કરી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે ખાલી ટાપુઓને જોડવા માટે નવી વ્યૂહનીતિ અપનાવો. NATGRID હેઠળ જોડાયેલા ડેટાબેઝનો વધુ સારો ઉપયોગ કરો તથા હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની પણ મદદ લો.

આ વખતે કૉંફરેન્સની થીમ 'વિકસિત ભારત, સિક્યુરિટી ડાઈમેન્શન્સ' રાખવામાં આવી હતી. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, દેશના NSA અજિત ડોભાલ સહિત અનેક લોકો સામેલ થયા હતા. નોંધનીય છે કે આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સુરક્ષા અંગે ઊંડી ચર્ચા કરવામાં આવી. જેમાં આતંકવાદ અને કટ્ટરતાના નવા ટ્રેન્ડ સામે લડવા માટેનો રોડ મેપ, મહિલાઓની સુરક્ષા વધારવા માટે ટેક્નોલોજીની મદદ તથા વિદેશ ભાગી ગયેલા ભાગેડુઓને પાછા લાવવા કેવી સ્ટ્રેટેજી અપનાવી શકાય તે અંગે ચર્ચા કરવામાં આવી.

## સમૂહલગ્નમાં MPના CMના દીકરાના લગ્ન થયા

### સાદગીપુર્ણ લગ્નની સોશિયલ મીડિયા પર ખુબ ચર્ચા, બળદગાડામાં પુત્ર-પુત્રવધુની એન્ટ્રી, ઉજ્જૈનમાં સમૂહલગ્નમાં 22 યુગલોએ ફેરા ફર્યા

**ઉજ્જૈન, તા.30**



મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવના પુત્ર અભિમન્યુના લગ્ન સમારોહનું આયોજન 21 યુગલો સાથે સમૂહલગ્ન સ્થળ પર થયું. ઉજ્જૈનના સાંવરખેડીમાં સમૂહલગ્નમાં લગ્નની વિધિઓ ચાલી રહી છે. લગ્નમાં વરમાળા દરમિયાન બાબા રામદેવે મંત્રોચ્ચાર કર્યા. મુખ્યમંત્રીના પુત્ર અને પુત્રવધૂએ સમૂહલગ્નમાં લગ્ન કર્યા.

બાબા રામદેવ, પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રી, કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, રાજ્યપાલ મંગુભાઈ પટેલ, મંત્રી તુલસી સિલાવત અને અખાડા પરિષદના પ્રમુખ રવિન્દ્ર પુરી સમૂલગ્નમાંહ હાજરી આપી છે.

અખાડા પરિષદે તમામ યુગલોને 1.25 લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે અને બાબા રામદેવે પતંજલિ પીઠ વતી 1-1 લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીના પુત્રએ કહ્યું, 'આપણે એક સામૂહિક મેળાવડામાં લગ્ન કરી રહ્યા છીએ. આ બમણું આનંદદાયક છે. આટલો ભવ્ય સમારોહ થઈ રહ્યો છે. ખૂબ જ સારું લાગે છે. મેં બાબા મહાકાલને સુખી ભવિષ્ય માટે પ્રાર્થના કરી છે.'

ઉજ્જૈનમાં MPના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવના નાના પુત્ર ડૉ. અભિમન્યુ યાદવના લગ્ન સમારોહનો બીજો દિવસ શનિવારે ખાસ રહ્યો. અથર્વ હોટલ પાછળના મેદાનમાં આયોજિત કાર્નિવલ કાર્યક્રમમાં ડૉ. અભિમન્યુ તેમની ભાવિ પત્ની ડૉ. ઈશિતા યાદવ સાથે બળદગાડામાં સવાર થઈને એન્ટ્રી કરી હતી. બંને ચશ્મા પહેરીને બળદગાડા પર ઉભા જોવા મળ્યા.

શનિવારે રાત્રે ગીત-સંગીતનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. અભિમન્યુ યાદવના લગ્ન 30 નવેમ્બરે ઉજ્જૈનના સાંવરા ખેડીમાં યોજાનાર સમૂહલગ્ન સમાહોરમાં ખરગોનની ડૉ. ઈશિતા યાદવ સાથે થયા. આ સંમેલનમાં કુલ 22 યુગલો એકસાથે ફેરા ફર્યા, જેમાં સીએમના પુત્ર-પુત્રવધૂ પણ સામેલ છે.

મુખ્યમંત્રી મોહન યાદવના પુત્ર અભિમન્યુ અને ઈશિતાના લગ્ન એક ભવ્ય સમૂહલગ્ન સમારોહમાં થયા, જ્યાં કુલ 22 યુગલો એક સાથે લગ્ન કર્યા. મુખ્યમંત્રીના પુત્રના આ સાદગીપુર્ણ લગ્નની ચર્ચા રાજ્યભરમાં થઈ રહી છે.

સગાઈની તસવીર સીએમએ પોતે X પર શેર કરી હતી મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ અને સીમા યાદવને બે પુત્રો અને એક પુત્રી છે. મોટા પુત્ર અને પુત્રીના લગ્ન પહેલા જ થઈ ગયા છે. પુત્રની સગાઈ સમયે સીએમએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ફોટો શેર કરતા લખ્યું હતું કે, "બાબા મહાકાલ અને શ્રી ગોપાલ કૃષ્ણની કૃપા અને માતા-પિતાના આશીર્વાદથી પુત્ર ચિરંજીવી ડૉ. અભિમન્યુ યાદવની સગાઈ, ખરગોનના દિનેશ યાદવજીની સુપુત્રી ડૉ. ઈશિતા યાદવ સાથે સંપન્ન થઈ હતી."

## ભોપાલમાં મૌલાના મદનીનું પૂતળું સળગાવ્યું : બજરંગ દળ-વીએચપીએ કાર્યવાહીની માંગ કરી

**ભોપાલ, તા.30**



જમિયત ઉલેમા-એ-હિન્દના પ્રમુખ મૌલાના મહમૂદ મદનીના 'જ્યારે-જ્યારે જુલમ થશે, ત્યારે-ત્યારે જિહાદ થશે' વાળા નિવેદન મામલે વિરોધ તેજ બન્યો છે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે રવિવારે ભોપાલના રોશનપુરા ચોકડી પર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

પ્રદર્શનકારીઓએ મદનીના પૂતળા પર ચંપલ-જૂતાનો હાર પહેરાવ્યો અને તેના પર જૂતાથી માર માર્યો હતો. ત્યારબાદ મદનીનું પૂતળું સળગાવ્યું હતું. સંગઠનોએ તેને દેશ અને હિન્દુ સમાજ વિરુદ્ધ અપાયેલું નિવેદન ગણાવીને કાનૂની કાર્યવાહીની માંગ કરી છે.

બજરંગ દળનું કહેવું છે કે મૌલાના મદનીએ વંદે માતરમ, દેશ અને હિન્દુ ધર્મ વિરુદ્ધ નિવેદનો આપ્યા છે. VHPના પ્રાંત સહ મંત્રી જીતેન્દ્ર ચૌહાણે કહ્યું કે મૌલાના મદનીના નિવેદન વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી જુલમ થશે, ત્યાં સુધી જિહાદ થશે, તો જણાવો કે ક્યાં જુલમ થઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે, આઝાદી પહેલા દેશનું વિભાજન થયું, મુસલમાનોએ પાકિસ્તાન માંગ્યું તે આપી દેવામાં આવ્યું, હવે તેમને કયું પાકિસ્તાન જોઈએ છે. સતત વંદે માતરમ, સુપ્રીમ કોર્ટનો વિરોધ કરીને આ લોકો મુસ્લિમ યુવાનોને ભડકાવીને જિહાદ અને ગૃહ યુદ્ધની તૈયારી કરી રહ્યા છે.

વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય પ્રવક્તા વિનોદ બંસલે કહ્યું કે મદની જેવા લોકો મુસ્લિમ યુવાનોને 'ઝુલ્મ, જન્નત અને જિહાદ' જેવા નારાઓના નામે ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક કટ્ટરપંથી તત્વો દેશની ન્યાય વ્યવસ્થા અને રાષ્ટ્રીય સ્વાભિમાનને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

બંસલે કહ્યું કે મુસ્લિમ સમાજે પણ સમયસર આવા કટ્ટરપંથી તત્વોથી દૂર રહેવું પડશે. તેમનો આરોપ છે કે હલાલના નામે ગેરકાયદેસર કમાણી કરીને આતંકવાદી કૃત્યોને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવે છે, પરંતુ હવે આવું નહીં બને.

મદનીએ કહ્યું હતું કે- જ્યાં સુધી જુલમ થશે, ત્યાં સુધી જિહાદ થશે ભોપાલમાં જમિયત ઉલેમા-એ-હિન્દની ગવર્નિંગ બોડીની બેઠકમાં શનિવારે મૌલાના મહેમૂદ મદનીએ કહ્યું હતું કે વર્તમાન સમયમાં ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ નફરત ફેલાવવાના પ્રયાસો વધી ગયા છે. જેહાદ જેવા પવિત્ર શબ્દને આતંક અને હિંસા સાથે જોડવું જાણી જોઈને કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું- લવ જેહાદ, લેન્ડ જેહાદ જેવા શબ્દો મુસલમાનોને બદનામ કરવા માટે ઘડવામાં આવ્યા છે. ઈસ્લામમાં જેહાદનો અર્થ અન્યાય અને અત્યાચાર વિરુદ્ધ સંઘર્ષ છે. જ્યારે-જ્યારે જુલમ થશે, ત્યાં સુધી જિહાદ થશે.

## નેશનલ હેરાલ્ડ કેસ-સોનિયા અને રાહુલ સામે નવી FIR: દિલ્હી પોલીસે EDની ફરિયાદ પર નોંધી

**નવી દિલ્હી, તા.30**

દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા (EOW) એ નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ નવી FIR દાખલ કરી છે. તેમાં તેમના સિવાય અન્ય 6 લોકો અને ત્રણ સંબંધિત કંપનીઓના નામ સામેલ છે. આરોપ છે કે આ બધાએ મળીને એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) ને કથિત રીતે છેતરપિંડી કરીને હસ્તગત કરી.

AJL તે સમયે કોંગ્રેસ નિયંત્રિત કંપની હતી અને તેની પાસે લગભગ 2,000 કરોડ રૂપિયાની સંપત્તિઓ હતી. ફરિયાદ મુજબ, આ અધિગ્રહણ યંગ ઈન્ડિયન દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધી પરિવારનો હિસ્સો 76% હોવાનું જણાવાયું છે.

FIR 3 ઓક્ટોબરે EDની હેડક્વાર્ટર ઈન્વેસ્ટિગેશન યુનિટ (HIU)ની ફરિયાદ પર નોંધવામાં આવી હતી. ED એ 2008 થી 2024 સુધીનો પોતાનો તપાસ રિપોર્ટ શેર કર્યો હતો, જેના આધારે આ કાર્યવાહી થઈ. આની જાણકારી શનિવારે સામે આવી.

સૂત્રો અનુસાર, દિલ્હી પોલીસ ટૂંક સમયમાં AJLના શેરધારકોને બોલાવી શકે છે, જેથી એ જાણી શકાય કે શું આ ટ્રાન્સફર પહેલા કોંગ્રેસે તેમની પાસેથી મંજુરી લીધી હતી. કોંગ્રેસે આરોપોને રાજકીય બદલાની કાર્યવાહી ગણાવી છે અને કહ્યું છે કે તેમને FIRની જાણકારી નથી.

સોનિયા અને રાહુલ ગાંધીએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) હડપવાનો પ્રયાસ કર્યો. ED મુજબ, AJL ખોટમાં હતી. બે હજાર કરોડ રૂપિયાની સંપત્તિ હોવા છતાં, AJL એ કોંગ્રેસ પાસેથી 90 કરોડ રૂપિયાની લોન લીધી અને ચૂકવી શકી નહીં. સામાન્ય રીતે આવી સ્થિતિમાં સંપત્તિઓ વેચવામાં આવે છે.

આ પછી, સોનિયા અને રાહુલે AJL હડપવાનું કાવતરું ઘડ્યું. આ માટે યંગ ઈન્ડિયન (YI) નામની કંપની બનાવવામાં આવી. આ કંપનીએ AJL નું અધિગ્રહણ કર્યું. YI માં સોનિયા અને રાહુલનો 76% હિસ્સો છે. આરોપ છે કે આ દેખાડવા પૂરતું ફંડિંગ હતી. ખરેખરમાં AJL સાથે કોઈ લેણદેણ કરવામાં આવી ન હતી.



# 'રાજકારણમાં કોઈપણ પાર્ટીએ વંશવાદને પ્રોત્સાહન આપવું જોઈએ નહીં'

## વડોદરામાં પૂર્વ રાષ્ટ્રપતિ અને ભાજપ નેતા વેંકૈયા નાયડુનું સૂચક નિવેદન, રાષ્ટ્રીય એકતા યાત્રામાં હાજરી આપી







**વડોદરા, તા.30**

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે કરમસદથી શરૂ થયેલી 'સરદાર @ 150 રાષ્ટ્રીય એકતા યાત્રા' આજે વડોદરા શહેરમાં આગળ વધી હતી અને અરવિંદો આશ્રમથી યાત્રાની શરૂઆત થઈ હતી અને ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા, કીર્તિ સ્તંભ, ભારતીય વિદ્યા ભવન, મકરપુરા બસ સ્ટેન્ડથી નિકળીને જાંબુવા બ્રિજ સ્થિત આઈડિયલ સ્કૂલ ખાતે પહોંચી હતી.

આ યાત્રા દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા જોડાયા હતા. જાંબુવા બ્રિજથી યાત્રામાં દેશના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અને ભાજપના અગ્રણી નેતા વેંકૈયા નાયડુ જોડાયા હતા. વડોદરા શહેરમાં ઠેર ઠેર વિવિધ સમાજો, ધાર્મિક સંસ્થાઓ અને સંગઠનો દ્વારા સ્વાગત કરવામાં આવી રહ્યું છે. આઈડિયલ સ્કૂલ ખાતે સરદાર સભા યોજાઈ હતી. જ્યાં વેંકૈયા નાયડુ અને મનસુખ માંડવીયાએ પદયાત્રીઓ અને હાજર લોકોને સંબોધન કર્યું હતું.

દેશના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અને ભાજપના અગ્રણી નેતા વેંકૈયા નાયડુએ જણાવ્યું હતું કે, હું ભાષણ આપવા આવ્યો નથી, હું યાત્રા જોવા માટે આવ્યો છું. યાત્રા કેવી ચાલે છે. હું વર્ષ-1960માં અભ્યાસ કરતો હતો, ત્યારથી મારા નેશનલ લિડર સરદાર વલ્લભભાઈ પટેલ રહ્યાં છે. આજે પણ તેઓ મને પ્રેરણા આપી રહ્યા છે, તેઓએ દેશની એકતા માટે કામ કર્યું હતું. તેઓ આખા દેશને પ્રેરણા આપી રહ્યા છે. આજના કાર્યક્રમમાં ભાગ લેવો એ મારા માટે ગર્વ સમાન છે. આ યાત્રા રાજનીતિ નથી. આ યાત્રા દેશની એકતા માટે છે. જેથી હું આજે અહીં આવ્યો છું. આજે આ કાર્યક્રમમાં ભાગ લઈને ગર્વ અનુભવુ છું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વર્ષો પહેલા ભારતને વિશ્વગુરુ કહેવાતું હતું. નાલંદા વિશ્વવિદ્યાલય વિશ્વનું શ્રેષ્ઠ વિશ્વ વિદ્યાલય હતું. આવા ભારતને બ્રિટીશરોએ આપણા દેશને લૂંટી લીધો હતો અને આપણા દેશના લોકોના મન પર ઉપર અસર પાડી હતી.

તેઓએ ઉમેર્યું હતું કે, હું આશા રાખુ છું કે, નરેન્દ્રભાઈ મોદીની સરકારના નેતૃત્વમાં આપણા પાઠ્ય પુસ્તકોમાં મહાન હસ્તીઓ વિષે લખશે. નવી એજ્યુકેશન પોલીસીનો અમલ આખા દેશમાં થવો જરૂરી છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનાવ્યું, એ માટે હું નરેન્દ્ર મોદીને અભિનંદન આપુ છું. કોગ્રેસના જમાનામાં તેમના અને તેમના પરિવાર વિષે વધારે લખ્યું છે અને ઈન્સ્ટીટ્યુશનના નામ પણ તેમના પરિવારના નામ પરથી જ આપ્યા છે. દેશ માટે કામ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ અને સુભાષચંદ્ર બોઝ જેવા મહાનુભાવો માટે પુસ્તકોમાં લખાયું નથી.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આજકાલ વિશ્વમાં ભારતની ચર્ચા થઈ રહી છે. વિશ્વભરની મોટી મોટી કંપનીઓ ભારતનું યુવાધન પહોંચ્યું છે. આજે અમેરિકા અને ચાઈના બાદ ભારતની ચર્ચા બધે થઈ રહી છે. ભારતની પ્રગતિ ઘણા લોકો પચાવી શક્યા નથી. જેથી ભારત વિષે નેગેટીવ લખાઈ રહ્યું છે. આગામી વર્ષોમાં ભારત વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી ઈકોનોમી બની જશે. અમેરિકા, ચાઈના પછી ભારતનું નામ લેવાશે.

# રોંગ સાઈડ આવતા SITCO કંપનીના પિકઅપને અપાયો મેમો

## સુરત ટ્રાફિક ડીસીપીના ધ્યાને આવતા કાર્યવાહી, ચાલકને પૂછ્યું તો કહ્યું મારા સાહેબ પણ આ સાઈડથી જ આવે છે

**સુરત, તા.30**

સુરત રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટ નું કામ ચાલી રહ્યું હોવાથી રેલવે સ્ટેશનની આસપાસના વિસ્તારમાં બેરીકેટ મારીને કેટલાક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. ત્યારે આ રીડેવલપમેન્ટનું કામ કરતી કંપની SITCOના વાહનો પણ રોંગ સાઈડમાં ચલાવતા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. દરમિયાન ટ્રાફિક ડીસીપી આ અંગે નિરીક્ષણ કરી રહ્યા હતા તે દરમિયાન જ એક પીકઅપ ટેમ્પોનો ચાલક રોંગ સાઈડમાં આવ્યો હતો. જેથી તેને 3000નો મેમો ફટકારવામાં આવ્યો હતો. જ્યારે આ ટેમ્પો ચાલકને પૂછવામાં આવ્યું તો તેને જણાવ્યું હતું કે, મારા સાહેબ પણ આ સાઈડથી જ આવે છે. શહેર પોલીસ



ટ્રાફિકમાં પણ અવલ નંબર પર રહે એ માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે શહેર ટ્રાફિક પોલીસ રોંગ સાઈડ ઓવર સ્પીડ, ત્રણ સીટ, હેલ્મેટ વગર અને આડેધડ પાર્કિંગ કરતા વાહન ચાલક પર પગલાં ભરવાના શરૂ કર્યા બાદ શહેરના વિકાસલક્ષી કાર્યમાં અલગ અલગ કંપનીના વાહનો રોંગ સાઈડ પોતાના વાહન ચલાવતા હોય છે. જેના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાતી હોય છે ત્યારે વરાછાના પોદાર પાસે SITCOની કંપનીની બોલેરો ગાડી રોંગ સાઈડમાં આવતી હતી ત્યારે સુરત શહેરના કંટ્રોલ રૂમના ડીસીપી એએમ પરમારે અટકાવીને રોંગ સાઈડનો મેમો આપીને એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ચાર પાસે ચાલતા કામને લઈને ખાંડ બજારના ગરનાળા પાસેથી પોદાર સુધી રોંગ સાઈડમાં વાહનો આવતા હોય છે. જેને લઈને વરાછાથી સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ ટ્રાફિક જામ થતો હોય છે. આ દરમિયાન ટ્રાફિક પોલીસ દ્વારા આ અંગે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ત્યારે ટ્રાફિક ડીસીપી એએમ પરમાર પર હાજર રહ્યા હતા. દરમિયાન રેલવે રિ ડેવલપમેન્ટના કામગીરી સાથે સંકળાયેલી SITCO કંપનીનો પીકપ ટેમ્પો ચાલક આવ્યો હતો.

# 'EWS નહીં મળે તો પાટીદારોના રાજકારણનો અંત આવી જશે'

## ભાજપ નેતા વરુણ પટેલના નિવેદન બાદ અલ્પેશ કથિરીયાએ પણ સમર્થન કર્યું, સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં EWSની માગ

**સુરત, તા.30**

ભારતીય જનતા પાર્ટીના અગ્રણી પાટીદાર નેતા અને પાટીદાર અનામત આંદોલનના પૂર્વ નેતા વરુણ પટેલે તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક ગંભીર પોસ્ટ કરીને રાજકીય ક્ષેત્રે હલચલ મચાવી દીધી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં આક્રોશ વ્યક્ત કર્યો છે કે, જો પાટીદારોને 'આર્થિક રીતે નબળા વર્ગ (EWS)'નું અનામત વહેલી તકે લાગુ નહીં કરવામાં આવે, તો પાટીદારોના રાજકારણનો અંત આવી જશે. વરુણ પટેલના આ નિવેદનને સુરતના પાટીદાર અને ભાજપ નેતા અલ્પેશ કથીરિયાએ ખુલ્લું સમર્થન આપીને આ મુદ્દાને વધુ વેગ આપ્યો છે.

વરુણ પટેલે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે, તાજેતરમાં મહેસાણાની દૂધસાગર ડેરીની યોજાયેલી ચૂંટણીમાં ડેરીના મતદારોના લિસ્ટ પ્રમાણે પાટીદારોના પ્રતિનિધિત્વ પર કાતર ફેરવવામાં આવી છે. આ સહકારી ક્ષેત્રે પાટીદારોનો રાજકીય રકાસ છે. તેમણે વધુ આક્રોશ સાથે ચેતવણી આપતા કહ્યું છે કે, જો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આગામી સમયમાં યોજાનાર ચૂંટણીઓ પહેલાં EWS લાગુ કરવામાં નહીં આવે તો પાટીદારોના રાજકીય પતનની શરૂઆત થઈ જશે અને દૂરબિન લઈને જોશો તોય ક્યાંય નહીં દેખાય. વરુણ પટેલે ઉમેર્યું કે આવું દેખીતી રીતે રાજકીય અનબેલેન્સ સર્જાશે તો દરેક સમાજમાં આક્રોશ જોવા મળશે. તેમનો મુખ્ય સુર એ છે કે EWS અનામત તાત્કાલિક ધોરણે રાજકારણમાં પણ મળવું જોઈએ.

વરુણ પટેલના આ નિસાસાને પાટીદાર નેતા અને ભાજપના અગ્રણી અલ્પેશ કથીરિયાએ સમર્થન આપ્યું છે. તેમણે વરુણ પટેલની વાતમાં સુર પુરાવતા જણાવ્યું કે, પાટીદારો સહિત અન્ય સમાજને પણ રાજકીય ક્ષેત્રે EWS અનામત મળવું જોઈએ. કથીરિયાએ પણ આ મામલે



સક્રિયતા દર્શાવી છે અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં લાભ મેળવવા માટે EWS અનામતની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

EWS અનામતના મુદ્દે રાજકીય ક્ષેત્રે ઉગ્ર માંગ ઉઠી રહી છે, તે દરમિયાન આ મામલે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. પાટીદાર નેતાઓનું માનવું છે કે, કોર્ટના હસ્તક્ષેપ અથવા સરકારના ઝડપી નિર્ણયથી વહેલી તકે રાજકારણમાં આ અનામત લાગૂ થઈ શકે છે, જે ખાસ કરીને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં સમાજને મોટો લાભ અપાવી શકે છે. સમગ્ર મામલો પાટીદાર સમાજના રાજકીય પ્રતિનિધિત્વની આસપાસ કેન્દ્રિત છે અને ભાજપના જ બે અગ્રણી નેતાઓ દ્વારા આ રીતે જાહેર પ્લેટફોર્મ પર માંગ ઉઠાવવામાં આવતા રાજ્યના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે.

અલ્પેશ કથીરીયાએ જણાવ્યું હતું કે, હાલમાં વરુણભાઈએ જે બાબત મૂકી છે મીડિયા સમક્ષ એમાં બે બાબતોનો સમાવેશ છે. એક તો દૂધસાગર ડેરીની અંદર 21% થી પણ વધારે મતદારો હોય અને માત્ર બે ડિરેક્ટરનો સમાવેશ થયો છે અને સાથોસાથ ભવિષ્યની અંદર 10% EWS લાગુ નહીં થાય તો સમાજને નુકસાન થશે. સ્વાભાવિક છે કે 10% EWS હાલમાં શિક્ષણ અને રોજગારીમાં મળી રહ્યું છે ત્યારે ચૂંટણી પંચે EWS લાગુ એટલા માટે પાડવો જોઈએ કે જેનાથી 68થી પણ વધારે જ્ઞાતિનો એક EWSનો વર્ગ છે, એને એના અધિકાર પ્રાપ્ત થાય, લોકશાહીમાં સત્તાકીય ભાગીદારી નિભાવી શકે અને આ પર્વને એક રંગેચંગેથી ઉજવી શકે.

વર્તમાનમાં જ્યારે સંપૂર્ણ જે અનામતની વ્યવસ્થા છે એ પ્રથમ વખત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં લાગુ પડે છે ત્યારે સાથોસાથ 10% EWSનો સમાવેશ થઈ જાય તો ભવિષ્યમાં કોઈપણ પ્રકારના ટેક્નિકલી કોઈ પણ પ્રશ્ન પણ ન સર્જાય અને દરેક વર્ગને પોતાનું પ્રતિનિધિત્વ મળી શકે. એ માટે ચૂંટણી પંચને પણ અમે રજૂઆતો કરી છે. હાઈકોર્ટમાં પણ દિનેશભાઈએ પિટિશન કરી છે અને ભવિષ્યમાં આ બાબતે સુખદ નિર્ણય આવે એવી અમે આશા રાખીએ છીએ.

વરુણ પટેલને સંપૂર્ણ સમર્થન છે, કેમ કે આ જે મુદ્દો છે એ કોઈ વ્યક્તિનો, કોઈ સમૂહનો કે માત્ર ને માત્ર એક જ્ઞાતિ પૂરતો નથી. આખા EWS વર્ગને અસર કરતો મુદ્દો છે. દરેક વ્યક્તિને દરેક સમાજને પોતાનો હક પ્રાપ્ત થવો જોઈએ, એ માટે અમે પ્રયાસ કરતા રહીશું.

# સુરતમાં SIRના 67.37 ટકા ગણતરી ફોર્મ ભરાયા

## સી.આર.પાટિલ અને હર્ષ સંઘવીએ SIRના કામનું નિરીક્ષણ કરવા બૂથોની વિઝિટ કરી, BLOsની કામગીરીના વખાણ કર્યા

**સુરત, તા.30**

મતદાર યાદીની ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) હેઠળ સુરત શહેર-જિલ્લામાં 67.37% ગણતરી ફોર્મ ભરાઈ ગયા છે. આજરોજ રવિવારે આખરી ખાસ ગણતરી ફોર્મ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં જળશક્તિ મંત્રી પાટિલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના નેતાઓએ SIRના કામનું નિરીક્ષણ કરવા બૂથોની વિઝિટ કરી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડૉ. સૌરભ પારધીની અધ્યક્ષતામાં ધારાસભ્યો, વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ તેમજ મતદાર નોંધણી અધિકારીઓ (ERO) સાથે કલેક્ટર કચેરી ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન 30 નવેમ્બરને રવિવારે યોજાનારા આખરી ખાસ ગણતરી ફોર્મ કેમ્પમાં વધુમાં વધુ ફોર્મ પરત મળે તે માટે કલેક્ટરે સર્વે ધારાસભ્યો અને રાજકીય પક્ષોનો સહકાર માંગ્યો હતો. જેને પગલે આજે જળશક્તિ મંત્રી પાટિલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ધારાસભ્યો, નગરસેવકો અને અગ્રણીઓ અલગ-અલગ બૂથ પર ઉપસ્થિત રહી કામગીરીનું નિરીક્ષણ હાથ ધરાયું હતું.

અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ જિલ્લામાં અત્યાર સુધી ભરાયેલા એમ્યુનરેશન ફોર્મ(EF)ની માહિતી આપતા



કહ્યું કે, સુરત સિટી અને જિલ્લાની 16 વિધાનસભાઓ મળી કુલ 48,73,512 મતદારો પૈકી 32,83,500 મતદારો એટલે કે 67.37 ટકા મતદારોના ફોર્મ પરત થયાં છે. સાથે જ દરેક વિધાનસભામાં વોર્ડ વાઈઝ થયેલી કામગીરીની વિગતો આપી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારીએ ધારાસભ્યો અને વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, મતદાર નોંધણી અધિકારીઓને તેમના વિસ્તારના લોકોને જાગૃત કરી રવિવારના ખાસ કેમ્પમાં બાકી રહી ગયેલા મતદારોનાં ગણતરી ફોર્મ ભરાવી સુપરત મેળવવા અનુરોધ કર્યો હતો. સાથે જ વિવિધ પક્ષો દ્વારા અધિક ચુંટણી અધિકારી સમક્ષ વોર્ડ વાઈઝ લીસ્ટ મેળવવા, મતદારોને ત્યાં જાતે જઈ ફોર્મ ભરી પરત મેળવવા, બુથની યાદી જાહેર કરવા, મતદારોમાં સ્થળાંતર કે મરણ અંગેના પુરાવાઓ વિષે રજૂઆત કરવામાં આવી હતી.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ મજૂરા વિધાનસભાના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ઘોડદોડ રોડ ખાતે કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. દરમિયાન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર.પાટીલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં SIRની કામગીરી શરૂઆત થઈ છે. BLO દ્વારા ડોર-ટુ-ડોર સંપર્ક કરીને પણ જે રીતે મહેનત કરીને મતદાર યાદીને સ્વચ્છ કરવા માટે અને અપડેટ કરવા માટે, જે મૃત્યુ પામેલા મતદારો છે એમના નામ પણ કમી થાય, જે બોગસ મતદારો છે એના નામ પણ કમી થાય અને જે ડુપ્લિકેટ મતદારો છે કે જેમના એકથી વધુ જગ્યાએ પોતાના મતદાર યાદીમાં નામ છે. કેટલાક ભૂલમાં હશે, કેટલાક ઈરાદાપૂર્વકના હશે, પણ આ તમામના નામો કમી થાય એના માટે BLO અધિકારીઓ અને કાર્યકર્તાઓ જે મહેનત કરી રહ્યા છે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કોઈ મતદાર વધારવા કે મતદાર કાપી નાખવાની કોઈ યોજના નથી, પરંતુ જે ખરેખર મતદારો છે એમના જ નામ મતદાર યાદીમાં રહે. એના માટેનો આ પ્રયત્ન ઈલેક્શન કમિશનર દ્વારા જે કરવામાં આવી રહ્યો છે. એના કારણે ભવિષ્યમાં પણ કેન્દ્ર સરકારની કે રાજ્ય સરકારની જે યોજનાઓ છે એમાં પણ લાભાર્થીઓના નંબર ઓછા થશે. જેના કારણે નાણા પંચ અને નીતિ આયોગ પણ જે પ્લાનિંગ કરશે એ પણ ચોક્કસપણે થઈ શકશે. આજે ખૂબ મોટા પ્રમાણમાં વસ્તી હોવાને કારણે એકથી વધુ જગ્યાએ નામ હોવાને કારણે બિનજરૂરી મલ્ટીપલ સંખ્યામાં મતદારો દેખાય છે. એના કારણે એમની જે ગણતરી હોય છે તે ખોટી પડે છે, પરંતુ આમાં ચોક્કસપણે જે પ્લાનિંગ કરી શકશે. એનો ખૂબ મોટો ફાયદો દેશને ઉન્નતિના શિખરે લઈ જવા માટેના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો જે પ્રયત્ન છે એ પ્રયત્ન સફળ થશે એવો મને વિશ્વાસ છે. સૌ મતદાર ભાઈ-બહેનો પણ પોતે પોતાનું નામ મતદાર યાદીમાં હોય એ ચેક કરીને નોંધાવે. એકથી વધુ જગ્યાએ કદાચ રહી ગયો હોય, લગ્ન પહેલાનો હોય, લગ્ન પછીનો હોય, ટ્રાન્સફરને કારણે હોય કે અન્ય કારણોસર, જો એકથી વધુ જગ્યાએ હોય તો એ નામ પણ એક જ જગ્યાએ રાખવા માટે એ પ્રયત્ન કરી લે. તો એના કારણે પણ દેશને ખૂબ મોટો ફાયદો થવાનો છે. હું ફરીથી ઈલેક્શન કમિશનને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે એમના અધિકારીઓ, એમના કર્મચારીઓ, અને રાજ્ય સરકારના પણ અધિકારીઓ અને BLOs સુધી સતત ખૂબ મહેનત કરીને જે આ કામ કરી રહ્યા છે.

**દક્ષિણ ગુજરાતના પરીક્ષાર્થીઓને અમદાવાદનો ધક્કો નહીં**

# સુરતમાં 5 સેન્ટર પર UPSCની પરીક્ષામાં ચેકીંગ બાદ પ્રવેશ અપાયો, કેટલાક મોડા પડતા પ્રવેશ ન અપાયો

**સુરત, તા.30**

સુરત શહેરમાં UPSCની EPFOમાં એન્ફોર્સમેન્ટ ઓફિસર અને આસીસ્ટન પ્રોવિડન્ટ ફંડ કમિશ્નરની જગ્યાઓ માટેની પ્રવેશ પરીક્ષા-2025 યોજાઈ. જે સવારે 9.30થી 11.30 વાગ્યા સુધી શહેરના કુલ 5 કેન્દ્રો પર લેવામાં આવી રહી છે. આ પરીક્ષા માટે 1605 ઉમેદવારો નોંધાયા છે. પરીક્ષાથી એવો સેન્ટર પર પહોંચી ગયા બાદ તમામનું ચેકિંગ કરીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. કેટલાક પરીક્ષાર્થીઓ પ્રવેશ બંધ થયા બાદ આવતા તેમને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો.

પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈ ખલેલ ના પહોંચે અને શાંતિમય વાતાવરણ જળવાય રહે એ માટે પોલીસ કમિશનરે જાહેરનામુ બહાર પાડયું છે. પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ(સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા/લાવવા લઈ જવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. સુરતમાં કુલ 5 પરીક્ષા કેન્દ્રો પરથી ઉમેદવારો યુપીએસસીની પ્રવેશ પરીક્ષા આપવા પહોંચી ગયા છે અને ચેકીંગ બાદ પ્રવેશ આપવામાં આવ્યો છે.

સુરત જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથ પરમારે જણાવ્યું હતું કે, આજ રોજ સુરતમાં પાંચ પરીક્ષા



સેન્ટરોની અંદર યુપીએસસીની ઈપીએફઓની પરીક્ષા લેવાઈ રહી છે. આ માટે પરીક્ષા તંત્ર સજ્જ છે, જિલ્લા વહીવટી તંત્ર સજ્જ છે, પોલીસ ડિપાર્ટમેન્ટ પણ સજ્જ છે. કોઈ પણ વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તેની સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે. પાંચ પરીક્ષા સેન્ટરોની અંદર યુપીએસસીના 1605 વિદ્યાર્થીઓ આજ રોજ પરીક્ષા આપી રહ્યા છે.

વધુમાં જણાવ્યું હતું કે, આ યુપીએસસીની પરીક્ષા દક્ષિણ ગુજરાતમાં સુરતમાં લેવાની શરૂ થતા ઘણા બધા વિદ્યાર્થીઓને ખૂબ જ અનુકૂળતા રહે છે અને અમદાવાદ સુધી પરીક્ષા આપવા જવું પડતું નથી. પરંતુ જિલ્લા વહીવટી તંત્ર અને યુપીએસસી દ્વારા ખૂબ સારો નિર્ણય લઈ અને વિદ્યાર્થીઓ માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

પરીક્ષાર્થી આશા પનારાએ જણાવ્યું હતું કે, આજે એક્ઝામ છે તો મારી જે પ્રિપરેશન છે એ પ્રમાણે બહુ સારું એવું લાગે છે. અને હું લાસ્ટ 9થી 12 મહિનાથી જે પ્રિપરેશન કરું છું એ પ્રમાણે અને મેં જે ફીલ્ડ છે મારી MBA ફીલ્ડ કરેલી છે, તો એમાં EPFOમાં મારું સારું એવું કન્ટ્રીબ્યુશન રહેશે. રોજ 12થી 13 કલાક રોજ અભ્યાસ કરતી હતી. પેપર જે પ્રિપરેશન કરી છે એ પ્રમાણે બહુ સારું રહેશે એવું લાગે છે. ફેમિલીનો ફૂલ સપોર્ટ છે, મારા હસબન્ડનો ખૂબ જ સપોર્ટ છે. EPFOમાં જે મારું અત્યારે મારી ફીલ્ડ પ્રમાણે જે હું ચૂઝ કરીશ સિવિલ સર્વિસિસમાં, તો એ પ્રમાણે મારું સારું એવું કન્ટ્રીબ્યુશન હું આપી શકીશ.

પરીક્ષાર્થી રાની મિશ્રાએ જણાવ્યું હતું કે, હું બરોડાથી આવી છું, મેં છેલ્લા 6 થી 8 મહિનાથી તૈયારી કરતી હતી. અને લાગે છે કે પેપર સારું જશે. આમ તો તૈયારી કરી છે, હવે જોઈએ. રોજ 6થી 7 કલાક અભ્યાસ કરતી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# બ્રિટનમાં ભારતીય વિદ્યાર્થીની છરી મારીને હત્યા

## હત્યા પહેલા કોઈ બાબતે ઝઘડો થયો હતો, સરકારી નોકરી છોડીને ભણવા ગયો હતો

**લંડન**

બ્રિટનમાં 30 વર્ષીય ભારતીય વિદ્યાર્થી વિજય કુમારની છરીના ઘા ઝીંકીને નિર્દયતાથી હત્યા કરવામાં આવી. તે હરિયાણાના ચરખી દાદરી જિલ્લાનો રહેવાસી હતો. પરિવારે ભારત સરકારને તાત્કાલિક મદદ, નિષ્પક્ષ તપાસ અને મૃતદેહને વહેલી તકે ભારત લાવવા વિનંતી કરી છે.

આ દુ:ખદ ઘટના 15 નવેમ્બરની રાત્રે વોર્સેસ્ટર શહેરના બારબોર્ન રોડ પર બની હતી. વિજય ગંભીર ઈજાઓ સાથે રસ્તા પર પડેલો મળી આવ્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ થોડા સમય પછી તેનું મોત થયું.



પ્રાથમિક પોલીસ રિપોર્ટ અનુસાર, હત્યા પહેલા કોઈ બાબતને લઈને ઝઘડો થયો હતો, ત્યારબાદ તેના પર છરી વડે અનેક વાર હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, હત્યાનો સાચો હેતુ હજુ સ્પષ્ટ થયો નથી અને બ્રિટિશ પોલીસે આ ઘટના વિશે કોઈ વિગત જાહેર કરી નથી.

ચરખી દાદરીના ધારાસભ્ય સુનીલ સતપાલ સાંગવાને સોશિયલ મીડિયા પર આ ઘટનાની જાણકારી શેર કરતા કેન્દ્ર અને રાજ્ય સરકારને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે.

તેમણે લખ્યું, "અમે સરકારને અપીલ કરીએ છીએ કે વિદ્યાર્થીના મૃતદેહને જલદીથી જલદી ભારત લાવવામાં આવે અને દોષિતોને કડકમાં કડક સજા મળી શકે."

પરિવારનું કહેવું છે કે વિજય ખૂબ જ હોશિયાર અને મહેનતુ વિદ્યાર્થી હતો. વિદેશમાં ભણવાનું સપનું પૂરું કરવા ગયેલો તેમનો દીકરો હવે હંમેશા માટે શાંત થઈ ગયો છે.

વિજયે 2025ની શરૂઆતમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઈઝ એન્ડ કસ્ટમ્સની નોકરીમાંથી રાજીનામું આપ્યું અને બ્રિટનમાં ઉચ્ચ શિક્ષણ માટે અરજી કરી હતી. તે બ્રિસ્ટલ સ્થિત યુનિવર્સિટી ઓફ ધ વેસ્ટ ઓફ ઈંગ્લેન્ડ (UWE)માં અભ્યાસ કરી રહ્યો હતો.

તે કોચીમાં તેની છેલ્લી પોસ્ટિંગ પર તહેનાત હતો, જ્યારે તેણે સરકારી નોકરી છોડી હતી. હરિયાણામાં વિજયનો પરિવાર આશંકા વ્યક્ત કરી રહ્યો છે કે આ ગુનામાં હરિયાણા કે પંજાબનો કોઈ વ્યક્તિ સામેલ હોઈ શકે છે.

છેલ્લા કેટલાક મહિનામાં વિદેશોમાં ભારતીય વિદ્યાર્થીઓ અને નાગરિકો પર હુમલાની ઘટનાઓ ઝડપથી વધી છે, ખાસ કરીને અમેરિકા, કેનેડા, બ્રિટન, જર્મની અને આયર્લેન્ડ જેવા દેશોમાં.

સરકારી આંકડા મુજબ, 2020 થી 2024 સુધીમાં 91 હુમલાની જાણ થઈ. 2024માં જ 40થી વધુ કેસ નોંધાયા. આમાં છરીથી હુમલા, ગોળીબાર, વંશીય હિંસા અને રહસ્યમય મૃત્યુનો સમાવેશ થાય છે.

નિષ્ણાતોનું કહેવું છે કે વધતી સંખ્યા સાથે ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા ચિંતાનો વિષય બની ગઈ છે.


હાલમાં ઓસ્ટ્રેલિયામાં ભારતીય મૂળના એક નાગરિક સૌરભ આનંદ પર મેલબોર્નના સેન્ટ્રલ સ્ક્વેર શોપિંગ સેન્ટરની બહાર પાંચ સગીરોએ જીવલેણ હુમલો કર્યો. હુમલાખોરોએ સૌરભનું કાંડુ કાપી નાખ્યું હતું.

## 'આ વિરાટ છે, મદદ જોઈએ છે, મેડે...મેડે...'

# યુક્રેને બ્લેક સીમાં અંડરવોટર ડ્રોનથી રશિયન ઓઈલ ટેન્કર પર હુમલો કર્યો, હુમલા પહેલા ક્રૂએ મદદ માગી હતી

**કિવ, તા.30**

બ્લેક સીમાં એક માનવરહિત દરિયાઈ વાહને રશિયન તેલ ટેન્કર 'વિરાટ' પર હુમલો કર્યો. આ પહેલા શુક્રવારે મોડી રાત્રે આ જ ટેન્કર પર વિસ્ફોટ થયા હતા. ટેન્કરના ક્રૂએ ઈન્ટરસેપ્ટેડ ઓપન-ફ્રિક્વન્સી રેડિયો સંકટ કોલમાં 'ડ્રોન હુમલા'ની જાણ કરી. તેઓ માનવરહિત દરિયાઈ ડ્રોનની વાત કરી રહ્યા હતા. એક વીડિયોમાં, ક્રૂને એમ કહેતા સાંભળી શકાય છે, 'આ વિરાટ છે. મદદ જોઈએ છે! ડ્રોન હુમલો! મેડે!' તુર્કીના પરિવહન મંત્રાલયે X પર જણાવ્યું, 'વિરાટ, જેના પર પહેલા કહેવામાં આવ્યું હતું કે બ્લેક સીના કિનારેથી લગભગ 35 નોટિકલ માઈલ દૂર માનવરહિત દરિયાઈ વાહનો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, તેના પર સવારે ફરીથી માનવરહિત દરિયાઈ વાહનો દ્વારા




હુમલો કરવામાં આવ્યો.' એએફપીએ જણાવ્યું છે કે રશિયન 'શેડો ફ્લીટ' ટેન્કરો પર હુમલા પાછળ યુક્રેનનો હાથ છે. આ ઘટના રશિયા-યુક્રેન સંઘર્ષની પૃષ્ઠભૂમિમાં બની છે, એવા સમયે જ્યારે કિવ પર શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવા માટે અમેરિકાનું ભારે દબાણ છે. યુક્રેનની સુરક્ષા સેવાના એક અધિકારીએ જણાવ્યું કે 'શેડો ફ્લીટ' જહાજો પર હુમલો કરવાનું સંયુક્ત અભિયાન SBU અને યુક્રેનની નૌકાદળ દ્વારા ચલાવવામાં આવ્યું હતું. અધિકારીએ કહ્યું, 'વિડિયો (ફુટેજ) દર્શાવે છે કે હુમલા પછી, બંને ટેન્કરોને ગંભીર નુકસાન થયું હતું અને તેમને અસરકારક રીતે સેવામાંથી દૂર કરવામાં આવ્યા હતા. આનાથી રશિયન તેલ પરિવહનને મોટો ફટકો પડશે.' યુક્રેનની SBU સુરક્ષા સેવાના એક સૂત્રએ AFP ને જણાવ્યું કે, 'આધુનિક સી બેબી નેવલ ડ્રોન્સે જહાજોને સફળતાપૂર્વક નિશાન બનાવ્યા.' તેમણે એક વિડિયો શેર કર્યો, જેમાં કથિત રીતે દરિયાઈ ડ્રોન વિસ્ફોટો પહેલા બંને જહાજો તરફ આગળ વધતા દેખાઈ રહ્યા હતા. વેસલફાઈન્ડર વેબસાઈટ અનુસાર, બંને ટેન્કર જેના પર ગામ્બિયાનો ધ્વજ લાગેલો છે, રશિયા દ્વારા 2022માં યુક્રેન પર આક્રમણ કર્યા પછી લાદવામાં આવેલા પ્રતિબંધની અવગણના કરીને રશિયન બંદરોથી તેલ પરિવહન કરવા બદલ પશ્ચિમી પ્રતિબંધો હેઠળ છે.

# બાળકની બર્થડે પાર્ટી દરમિયાન મોતનું તાંડવ

## લોકોને લાગ્યું ફટાકડા ફૂટે છે, પણ હતો ભયાનક ગોળીબાર, કેલિફોર્નિયામાં 14ને ગોળી વાગી, 4નાં મોત

**વોશિંગ્ટન**

કેલિફોર્નિયાના સ્ટોકટન શહેરના લ્યુસિલ એવન્યુ વિસ્તારમાં શનિવારે રાત્રે એક બેન્ક્વેટ હોલમાં અચાનક ગોળીબાર થયો. આ હોલમાં બાળકની બર્થડે પાર્ટી ચાલી રહી હતી. ઘટનામાં 4 લોકોના મોત થયા જ્યારે 10 લોકો ગંભીર રીતે ઘાયલ થયા.




અધિકારીઓના જણાવ્યા અનુસાર, કુલ 14 લોકોને ગોળી વાગી હતી, જેમાંથી 4 લોકોએ હોસ્પિટલમાં દમ તોડ્યો. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરના ડેપ્યુટી મેયર જેસન લીએ ફેસબુક પર લખ્યું, 'આજે મારું હૃદય ખૂબ ભારે છે. એક બાળકના જન્મદિવસની પાર્ટીમાં થયેલા આ સામૂહિક ગોળીબારથી હું દુ:ખી અને ગુસ્સામાં છું. અમારી કોમ્યુનિટીને સત્ય જાણવાનો અધિકાર છે અને પીડિત પરિવારોને ન્યાય અને શક્ય તમામ મદદ મળવી જોઈએ.'

આ ઘટના એક બેન્ક્વેટ હોલમાં બની હતી જ્યાં લોકો ઉજવણી કરી રહ્યા હતા. ઉજવણી દરમિયાન ગોળીબાર શરૂ થયો. સેન જોક્વિન કાઉન્ટી શેરિફ કાર્યાલય (SJCSO) અનુસાર, પીડિતોમાં બાળકો અને પુખ્ત વયના બંનેનો સમાવેશ થાય છે.

શેરિફ કાર્યાલયના પ્રવક્તા હીથર બ્રેન્ટે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પ્રારંભિક સંકેતો પરથી આ એક પૂર્વયોજિત કાવતરું લાગી રહ્યું છે. બ્રેન્ટે કહ્યું, 'આ સમયે અમારી પ્રથમ પ્રાથમિકતા હુમલાખોરની ઓળખ કરવાની છે.'

પોલીસ અધિકારીઓએ હજુ સુધી પીડિતોની ઉંમર કે હુમલાખોર વિશે કોઈ માહિતી આપી નથી. પોલીસ સમગ્ર વિસ્તારને ઘેરીને તપાસ કરી રહી છે અને લોકોને તે વિસ્તારમાં ન જવા અપીલ કરી છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે ગોળીબાર એટલો તીવ્ર હતો કે તેમને લાગ્યું કે ફટાકડા ફૂટી રહ્યા છે. એક સાક્ષીએ કહ્યું, 'અમે નજીકમાં જ એક બાળકના જન્મદિવસની પાર્ટી ઉજવી રહ્યા હતા, અમને લાગ્યું કે ખુશીમાં આતિશબાજી થઈ રહી છે.'

# અમેરિકી બારની ઓફર- અપ્રવાસીઓને પકડાવો, અનલિમિટેડ ફ્રી-બીયર મેળવો

## યુઝર્સે કહ્યું- આ ગેમ જેવું, વિજેતા જાહેર કરવા અને લીડર બોર્ડ બનાવવાની સલાહ આપી


**વોશિંગ્ટન**

બારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, 'જો કોઈ પણ વ્યક્તિ અમેરિકન ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) ની મદદ કરીને ઈડાહોમાં હાજર કોઈ ગેરકાયદેસર ઈમિગ્રન્ટની ઓળખ કરાવે અને તેને અમેરિકામાંથી ડિપોર્ટ કરાવવામાં સફળ રહે, તો તેને આખા એક મહિના સુધી બારમાં અનલિમિટેડ ફ્રી બીયર મળશે.'

ઘણા યુઝર્સે તેને ગેમ જેવું ગણાવ્યું. જ્યારે, કેટલાકે વિજેતા જાહેર કરવા અને લીડર બોર્ડ બનાવવાની સલાહ આપી. કેટલાક યુઝર્સે તો આજીવન ફ્રી બીયર આપવાની માંગ પણ કરી દીધી.

બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈમિગ્રેશન પોલિસીને વધુ કડક બનાવી છે. તેમણે તાજેતરમાં 'થર્ડ વર્લ્ડ કન્ટ્રીઝ'માંથી આવતા શરણાર્થીઓને હંમેશા માટે રોકી દેવાની જાહેરાત કરી હતી.

આ બાર અગાઉ પણ વિવાદોમાં રહ્યો છે કારણ કે તેણે જ ગયા વર્ષે જૂન મહિનાને "હેટરોસેક્સ્યુઅલ અવેરનેસ મંથ" તરીકે જાહેર કર્યો હતો. બારે કહ્યું હતું કે આ મહિને ફક્ત હેટરોસેક્સ્યુઅલ લોકોને જ વિશેષ ઑફર અથવા છૂટ મળશે. જેના કારણે ઘણો વિવાદ થયો હતો.



આ પોસ્ટને અમેરિકી ગૃહ સુરક્ષા મંત્રાલય (DHS) ના સત્તાવાર હેન્ડલે રીપોસ્ટ કરી અને તેની સાથે એક રિએક્શન GIF લગાવ્યું. GIF માં 1991-94 ના પ્રખ્યાત અમેરિકી ટીવી શો "ડાયનાસોર" નો મુખ્ય પાત્ર અર્લ સિંકલેર આશ્ચર્યચકિત થઈને પોતાના હાથમાંથી બીયરનો ગ્લાસ પાડતો બતાવવામાં આવ્યો છે.

એટલે કે સરકારી વિભાગે પણ આ ઓફર પર આશ્ચર્ય અને હળવો મજાકિયો અંદાજ દર્શાવ્યો. બારે DHSની આ પ્રતિક્રિયાનો જવાબ આપતા લખ્યું "Love it!" એટલે કે તેમને આ ખૂબ ગમ્યું.

પોસ્ટ વાયરલ થયા પછી X પર કેટલાક લોકોએ તેની મજાક ઉડાવી તો કેટલાક લોકોએ સૂચનો આપ્યા. કેટલાક યુઝર્સે કહ્યું કે એક "ડિપોર્ટર લીડરબોર્ડ" બનવું જોઈએ, જેમાં સૌથી વધુ ગેરકાયદેસર પ્રવાસીઓને પકડાવનારનું નામ ટોચ પર રહે.

કેટલાક લોકોએ તો "ડિપોર્ટર ઓફ ધ યર" એવોર્ડની માંગ કરી અને કહ્યું કે વિજેતાને આજીવન મફત બીયર મળવી જોઈએ. બારે આ સૂચનો પર સકારાત્મક જવાબ આપતા લખ્યું કે આ વિચારો ખૂબ સારા છે અને તેઓ તેના પર ગંભીરતાથી વિચાર કરશે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળમાં ઈમિગ્રેશનને લઈને સખ્તાઈ વધારી દીધી છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, 15 નવેમ્બર 2025 સુધીમાં લગભગ 53,000 ઈમિગ્રન્ટ્સને અટકાયતમાં લેવામાં આવ્યા છે.

28 નવેમ્બરે ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ 'થર્ડ વર્લ્ડ કન્ટ્રીઝ'માંથી આવતા શરણાર્થીઓને હંમેશા માટે રોકી દેશે, જેથી અમેરિકા ફરીથી મજબૂત બની શકે. ટ્રમ્પે કહ્યું હતું કે ઈમિગ્રેશન પોલિસીના કારણે દેશના લોકોનું જીવન બદતર બની ગયું છે.

ટ્રમ્પે કહ્યું- જે લોકો અમેરિકા માટે ફાયદાકારક નથી અથવા જેઓ આપણા દેશને સાચો પ્રેમ નથી કરતા, તેમને પણ હટાવવામાં આવશે. ટ્રમ્પે ઈમિગ્રેશન પોલિસીને વધુ કડક બનાવવાનું વચન આપ્યું.

રાષ્ટ્રપતિએ કહ્યું કે હવે કોઈપણ બિન-નાગરિક (નોન-સિટિઝન)ને કોઈ સરકારી સુવિધા, સબસિડી કે લાભ આપવામાં આવશે નહીં. જે પ્રવાસીઓ દેશની શાંતિ ભંગ કરશે, તેમની નાગરિકતા પણ છીનવી લેવામાં આવશે.

ટ્રમ્પે કહ્યું કે જે લોકો જાહેર બોજ છે, સુરક્ષા માટે ખતરો છે અથવા પશ્ચિમી સભ્યતા સાથે મેળ ખાતા નથી, તેમને પણ દેશમાંથી હાંકી કાઢવામાં આવશે.

ટ્રમ્પનું કહેવું છે કે આ પગલાંઓથી ગેરકાયદેસર અને મુશ્કેલી ઊભી કરતી વસ્તી ઘટાડવામાં આવશે. તેમણે એવો પણ દાવો કર્યો કે બીજા વિશ્વ યુદ્ધ પછી અમેરિકામાં આ પ્રકારની સામાજિક સમસ્યાઓ નહોતી, પરંતુ હવે ખોટી ઈમિગ્રેશન નીતિઓના કારણે અપરાધ અને અરાજકતા વધી ગઈ છે.

તેમનું માનવું છે કે તકનીકી પ્રગતિ છતાં ઈમિગ્રેશનની ખોટી નીતિઓએ સામાન્ય અમેરિકનોનું જીવન બરબાદ કરી દીધું છે. ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું, "આ સમસ્યાનો સંપૂર્ણ ઉપચાર ફક્ત રિવર્સ માઈગ્રેશન એટલે કે લોકોને તેમના દેશમાં પાછા મોકલવા જ છે." પોસ્ટ વાયરલ થયા પછી X પર કેટલાક લોકોએ તેની મજાક ઉડાવી તો કેટલાક લોકોએ સૂચનો આપ્યા. કેટલાક યુઝર્સે કહ્યું કે એક "ડિપોર્ટર લીડરબોર્ડ" બનવું જોઈએ, જેમાં સૌથી વધુ ગેરકાયદેસર પ્રવાસીઓને પકડાવનારનું નામ ટોચ પર રહે.

કેટલાક લોકોએ તો "ડિપોર્ટર ઓફ ધ યર" એવોર્ડની માંગ કરી અને કહ્યું કે વિજેતાને આજીવન મફત બીયર મળવી જોઈએ. બારે આ સૂચનો પર સકારાત્મક જવાબ આપતા લખ્યું કે આ વિચારો ખૂબ સારા છે અને તેઓ તેના પર ગંભીરતાથી વિચાર કરશે.

# એરબસ એ320માં સોલાર રેડિયેશનથી સમગ્ર દુનિયા સ્તબ્ધ

## એરબસે 6000 વિમાનોને તાકીદે અપડેટ કરવાના આદેશ આપ્યા, ભારતમાં 350 વિમાનોનું ઉડ્ડયન પણ ખોરવાયું

**નવી દિલ્હી, તા,30**

જેટબ્લૂ એરલાઈન્સની ન્યૂયોર્ક જઈ રહેલી ફ્લાઈટને સોલાર રેડિયેશનના કારણે મોટો ઝાટકો લાગ્યો અને તે પીચ ડાઉન થઈ ગઈ. તેમાં 15 પેસેન્જર ઈજાગ્રસ્ત થયા હતા : સોલાર રેડિયેશનના કારણે બિલ ફ્લિપથી પાઈલટની કામગીરી કે મંજૂરી વગર જ પ્લેન કાબુ બહાર જતું રહે છે અને પીચડાઉન થઈ શકે છે. તે ઉપરાંત ઓટોપાઈલટ મોડ પણ ફેઈલ જાય છે. કોમ્યુનિકેશન બ્લેકઆઉટ જેવી સમસ્યા આવી શકે છે : નવેમ્બર 2025માં સોલાર સાઈકલ પોતાની ચરમસીમાએ હોય છે અહીંયા 10-20 વખત સોલાર ફ્લેર નીકળે તે સાહજિક હોય છે. આ સંજોગોમાં 28,000 કે તેનાથી વધારે ફૂટની ઉંચાઈએ ઉડતા વિમાનોને સોલાર રેડિયેશનની અસર થઈ શકે છે : ભારતમાં ઈન્ડિગો અને એર ઈન્ડિયા તથા એર ઈન્ડિયા એક્સપ્રેસના તમામ વિમાનો સોફ્ટવેર અપડેશન માટે ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યા છે. કેટલાક વિમાનો તો જૂના મોડલના છે જેમાં હાર્ડવેરમાં પણ મોટાપાયે ફેરફાર કરવો પડશે

વિમાનોમાં ટેકનિકલ ખામી આવે અને પ્લેન ખોટકાય અને તેના કારણે મુશ્કેલી થાય તે સમજી શકાય છે. તાજેતરમાં એક એવી સમસ્યા આવી છે જેના કારણે સમગ્ર વિશ્વ ચિંતામાં મુકાઈ ગયું છે. મહિના પહેલાં જેટબ્લૂ એરલાઈન્સની ન્યૂયોર્ક જઈ રહેલી ફ્લાઈટને સોલાર રેડિયેશનના કારણે મોટો ઝાટકો લાગ્યો અને તે પીચ ડાઉન થઈ ગઈ. તેમાં ૧૫ પેસેન્જર ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટના તાજેતરમાં બહાર આવતા સમગ્ર દુનિયા સ્તબ્ધ થઈ ગઈ છે. તપાસમાં સામે આવ્યું કે, એરબસ એ૩૨૦ વિમાનમાં એલીવેટર એન્ડ એઈલરોન કમ્પ્યૂટર સાથે જોડાયેલી સમસ્યા છે જે વિમાનને પિચ અને રોલ કરવામાં મદદ કરે છે. તેનું તમામ કન્ટ્રોલિંગ આ સિસ્ટમથી થાય છે જે ખોરવાઈ ગઈ.

આ ઘટના બાદ યુરોપિય યૂનિય એવિયેશન સેફ્ટિ એજન્સીએ તાત્કાલિક ડાયરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશનની ઈમર્જન્સી જાહેર કરી અને ઈમર્જન્સી એરવર્થિનેસ ડાયરેક્ટિવ હેઠળ એરબસના તમામ વિમાનને ગ્રાઉન્ડેડ કરવાનો આદેશ જારી કરી દીધો. આ તમામ વિમાનોના સોફ્ટવેર અપડેટ ન થાય ત્યાં સુધી તેને ગ્રાઉન્ડેડ રાખવા ઝણાવી દેવાયું.

ઉલ્લેખનીય છે કે, એરબસ દ્વારા ૬૦૦૦ જેટલા એ૩૨૦ વિમાનોને સોફ્ટવેર અપડેટ માટે ગ્રાઉન્ડેડ કરી દેવાયા છે અને કામગીરી પણ શરૂ કરી દેવાઈ છે. આ તો દુનિયાની વાત થઈ, જો કે ભારતમાં પણ સ્થિતિ કફોડી જ છે. ભારતમાં ઈન્ડિગો અને એર ઈન્ડિયા તથા એર ઈન્ડિયા એક્સપ્રેસ પાસે અંદાજે કુલ ૩૫૦ જેટલા એરબસ એ૩૨૦ વિમાનો છે. આ તમામ વિમાનો સોફ્ટવેર




અપડેશન માટે ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યા છે. કેટલાક વિમાનો તો જૂના મોડલના છે જેમાં હાર્ડવેરમાં પણ મોટાપાયે ફેરફાર કરવો પડશે જેમાં વધારે સમય જાય તેમ જણાવવામાં આવી રહ્યું છે. જાણકારો માને છે કે, જ્યારે સોલાર સાઈકલ તેના ચરમે પહોંચે છે ત્યારે આ પ્રકારના અત્યંત શક્તિશાળી રેડિયેશન નીકળે છે જે પ્લેનને ડેમેજ કરી શકે છે.

યૂરોપીય યૂનિયન એવિયેશન સેફ્ટી એજન્સીના આદેશને ધ્યાનમાં રાખીને ભારતમાં પણ તાકીદે પગલાં લેવાની જાહેરાત કરાઈ છે. ડીજીસીએ દ્વારા ભારતમાં રજિસ્ટર્ડ એરબસ એ૩૨૦ સેગમેન્ટના તમામ વિમાનોના સોફ્ટવેરનું ચેકિંગ અને અપગ્રેડેશન કરવાનો આદેશ આપી દીધો છે. ડીજીસીએ દ્વારા જણાવાયં છે કે, સોલાર રેડિયેશનની અસર એ૩૧૯-૧૧૧થી એ૩૧૯-૧૭૩એન સુધી, એ૩૨૦-૨૧૧થી એ૩૨૦-૨૭૩એન સુધી તથા એ૩૨૧-૨૧૧થી એ૩૨૧-૨૭૨એનએક્સ સુધીના તમામ વેરિયન્ટને થવાની છે. તેના કારણે ઈન્ડિગો, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસને તમામ પ્લેનમાં સુધારાના આદેશ આપી દેવાયા છે.

ઉલ્લેખનીય છે કે, સોલાર રેડિયેશનના કારણે બિલ ફ્લિપથી પાઈલટની કામગીરી કે મંજૂરી વગર જ પ્લેન કાબુ બહાર જતું રહે છે અને પીચડાઉન થઈ શકે છે. તે ઉપરાંત ઓટોપાઈલટ મોડ પણ ફેઈલ જાય છે. કોમ્યુનિકેશન બ્લેકઆઉટ જેવી સમસ્યા આવી શકે છે. ઘણી વખત સોલાર રેડિયેશન વધારે મોટું અને આક્રમક હોય તો તેનાથી પ્લેનના માળખાને પણ અસર થઈ શકે છે, તેને પણ નુકસાન થઈ શકે છે. ડબલ ઈએલએસી રિડેંડેંસી, ક્રૂ ટ્રેનિંગ અને ક્વિક રિકવરી પ્રોટોકેલ દ્વારા સ્થિતિ કાબુમાં લઈ શકાય છે. અપડેટ પછી પ્લેન્સને એરર ચેકિંગ તથા રેડિયેશન શિલ્ડ માટે ૯૯ ટકા સુરક્ષિત થાય ત્યારબાદ તેનું ફરી ટસ્ટિંગ કરાશે. આવી ઘટનાઓમાં પાઈલટ મેન્યુઅલ ઓવરરાઈડ કરી શકે છે પણ સોલાર સ્ટોર્મ આક્રમક હોય તો પાઈલટ કશું કરી શકતો નથી અને ત્યારે મોટી દુર્ઘટના થવાનું જોખમ વધી જાય છે.

મહત્ત્વનું છે કે, એરબસ એ૩૨૦ના ઈએલએસી સિસ્ટમમાં સોલાર રેડિયેશન હાઈ એનર્જી પાર્ટિકલ્સના રૂપે કમ્પ્યૂટર મેમરીને મોટાપાયે નુકસાન પહોંચાડે છે. આ પાર્ટિકલ્સ નાના બિટ્સને ફ્લિપ કરીને તેને નુકસાન કરે છે જેમ કે ૦ હોય તો તેને ૧ કરી નાખે છે. તેના કારણે પાઈલટ્સ સાઈડસ્ટિક કમાન્ડ ખોટા સિગ્નલ બની જાય છે. તેના કારણે અનકન્ટ્રોલ્ડ પીચ ડાઉન થઈ શકે છે. જેટબ્લૂની ફ્લાઈટ સાથે આવું જ થયું હતું. જાણકારો માને છે કે જ્યાં સુધી બિટ ફ્લિપની વાત છે તો એસબસની તપાસમાં સામે આવ્યું છે કે, એલ૧૦૪ સોફ્ટવેર એડિશન આ પ્રકારના રેડિયેશન બાબતે ખૂબ જ સંવેદનશિલ છે. તેના કારણે ફ્લાઈટ કન્ટ્રોલ ડેટા કરપ્ટ થઈ શકે છે. તેના દ્વારા વિમાનની સ્ટ્રક્ચરલ લિમિટ્સ પાર થઈ શકે છે.

સોલાર રેડિયેશન વિશે પણ જાણકારો ચેતવણી આપી રહ્યા છે. તેઓ જણાવે છે કે, નવેમ્બર ૨૦૨૫માં સોલાર સાઈકલ પોતાની ચરમસીમાએ હોય છે અહીંયા ૧૦-૨૦ વખત સોલાર ફ્લેર નીકળે તે સાહજિક હોય છે. આ સંજોગોમાં ૨૮,૦૦૦ કે તેનાથી વધારે ફૂટની ઉંચાઈએ ઉડતા વિમાનોને સોલાર રેડિયેશનની અસર થઈ શકે છે. આ તમામ વિમાનો સોલાર રેડિયેશન માટે સંવેદનશીલ ગણી શકાય છે. ખાસ વાત એ છે કે, રેડિયેશનના કારણે પ્લેનની બહારથી દેખીતી રીતે કોઈ નુકાસન થતું નથી પણ તેનું એલિવેટર ઓવરલોડ થઈ જાય છે જેના કારણે વિમાન ઉપરથી કાબુ જતો રહે છે. ઘણી વખત જો તેની સ્ટ્રક્ચરલ લિમિટ પાર થઈ જાય તો મોટી દુર્ઘટના પણ બની શકે છે. સંશોધકો ચેતવણી આપતા જણાવે છે કે, કોઈ પ્લેન સાથે વારંવાર આવું થાય તો તેના ઈલેક્ટ્રોનિક ડિવાઈઝ ડિગ્રેડ થઈ જાય છે અને તેના કારણે ફ્લાઈટ કન્ટ્રોલ ફેલ્યોરનું જોખમ અત્યંત વધી જાય છે. આ સ્થિતિ મોટી દુર્ઘટના નોંતરી શકે છે.

બીજી તરફ એવી પણ ચર્ચા છે કે, આ જોખમ માત્ર એરબસના એ૩૨૦ વિમાન પૂરતું જ સીમિત નથી. એઆલએસી એલ૧૦૪ સોફ્ટવેર સાથે જોડાયેલી આ સમસ્યા છે. એ૩૧૯, એ ૩૨૦, એ૩૨૧ જેવા તમામ વિમાનોને અસર પડે તેમ છે. બોઈંગના ૭૩૭ મેક્સ જેવા વિમાનમાં પણ ફ્લાય બાય વાયર સિસ્ટમ ઉપર આધાર રાખવો પડે છે તેથી સોલાર રેડિયેશનની અસર થવાની અને તેના કારણે બિટ ફ્લિપ થવાનું જોખમ રહેલું છે. હાલમાં આ વિમાનો માટે કોઈ ખાસ ચેતવણી જાહેર કરાઈ નથી. એક્સપર્ટ માને છે કે, બોઈંગના સિસ્ટમમાં રેડિયેશન ટોલરેન્ટ ડિઝાઈન સૌથી સારી છે પણ હાલની ઘટના બતાવે છે કે, કોઈપણ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સંપૂર્ણ સુરક્ષિત નથી.

ફ્રાન્સની આ કંપની એરબસની A320 સિરીઝ વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા સિંગલ આઈલ પ્લેન છે. જાણકારોના મતે A320 સિરીઝના વિમાનોમાં A319, A320 સીઈઓ અને ન્યૂ એન્જિન ઓપ્શન, A321 સીઈઓ અને A321 એનઈઓનો સમાવેશ થાય છે.

નવી A320 સિરીઝના વિમાનોમાં સોફ્ટવેર અપડેટમાં લગભગ અડધો કલાકનો સમય લાગે છે. ઘણી વખત તેમાં ત્રણ-ચાર કલાકનો સમય પણ જતો રહે છે.

બીજી તરફ જૂના A320 વિમાનોમાં, કેટલાક હાર્ડવેર અપગ્રેડની પણ જરૂર પડશે. તેમના અપગ્રેડેશનમાં વધુ સમય લાગશે. આના કારણે જૂના વિમાનોના ઓપરેશનમાં વધુ વિલંબની શક્યતા છે.

લોકોએ ફ્લાઈટ્સ રાબેતા મુજબ થતી જોવા માટે લગભગ અઠવાડિયાનો સમય કાઢવો પડશે. ત્યાં સુધી એરલાઈન્સની કામગીરી ખોરવાયેલી જ રહેશે.

જાણકારો વધુમાં જણાવે છે કે, એ૩૨૦નીઓમાં સોફ્ટવેર રોલબેક કરવામાં ૩૦ મિનિટથી ૩ કલાક સુધીનો સમય લાગે છે. તેના જ જૂના મોડલમાં હાર્ડવેર પણ બદલવું પડે છે અને તેમાં ઓછામાં ઓછા બે દિવસ જાય છે. એરબસના જણાવ્યા પ્રમાણે ૮૫ ટકા વિમાનો તાકીદે અપગ્રેડ કરવામાં આવશે.

ભારતમાં પણ અંદાજે ૫૦ ટકા વિમાનો અપગ્રેડ થઈ ગયા છે અથવા થઈ રહ્યા છે. તેના પગલે આગામી ચાર-પાંચ દિવસમાં ભારતમાં એવિયેશન સેક્ટરમાં ઘણી મુશ્કેલીઓ રહેવાની છે.

વૈશ્વિક સ્તરે પણ સોમવાર કે મંગળવાર સુધીમાં લગભગ મોટાભાગના પ્લેન અપગ્રેડ થઈ જશે. બીજી તરફ ૧૦૦૦ કરતા વધારે જૂના પ્લેન છે તેને અપગ્રેડ કરવામાં અને સિસ્ટમ બદલવામાં હજી લાંબો સમય લાગશે તેમાં દસ દિવસ સુધીનો સમય લાગી શકે છે.

## તંત્રી લેખ

# એઆઈનો દૂરૂપયોગ ગુનાખોરી વધારી રહ્યો છે

2024માં સાઈબર ક્રાઈમના કુલ 19.18 લાખ કેસ નોંધાયા હતા. જે તેના આગળના વર્ષની સરખામણીએ ઘણા વધારે હતા. આ દરમિયાન લોકોએ કુલ 22,812 કરોડ રૂપિયા ગુમાવ્યા છે. જે 2023ના આંકડા કરતા ત્રણ ગણા વધારે છે : મોટાભાગે બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને ટાર્ગેટ કરતા હોય છે. તે બેન્કોની નકલી લિંક, નકલી એપ અને નકલી ઓનલાઈન વિગત બનાવીને યૂઝરના ફોનમાં વાઈરસ નાખી દે છે અને તેમનો ડેટા ચોરી લે છે : ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિના ડીપફેક વીડિયોનો ઉપયોગ કરી 79 વર્ષની એક મહિલા સાથે 35 લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. તેવી જ રીતે મુકેશ અંબાણીના ડીપફેક વીડિયો દ્વારા બે લોકો સાથે 95 લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેટલી ઉપયોગી અને આધુનિક ટેક્નોલોજી છે તેટલા જ તેના દૂરુપયોગ અને જોખમો પણ છે. હાલમાં તેના દ્વારા જે ગુનાખોરી વધી છે અને ભયાનક સ્થિતિ ઊભી થઈ છે તેના વૈશ્વિક પડઘા પડી રહ્યા છે. થોડા દિવસ પહેલાં જ જોહાનિસબર્ગ ખાતે જી-૨૦ શિખર સંમેલાનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના દૂરુપયોગનો મુદ્દો ખાસ્સો ગાજ્યો હતો. તમામ સભ્ય દેશો દ્વારા સંયુક્ત રીતે એઆઈના દુષણોને ડામવા માટે કામગીરી કરવી જોઈએ તેવો સૂર પણ ઉઠયો હતો. ભારતે ખાસ ભાર મુક્યો હતો કે, એઆઈ હોય કે અન્ય કોઈ ટેક્નોલોજી પણ તેનો ઉપયોગ વિશ્વ કલ્યાણ માટે થવો જોઈએ. તેને માત્ર પૈસા કમાવાનું સાધન ન બનાવી શકાય.

આ તમામ વાતો તેની જગ્યાએ છે પણ વાસ્તવિકતા એ છે કે, ભારતમાં સાઈબર ક્રાઈમના ગુના અને એઆઈ દ્વારા છેતરપિંડી અને ગુનાખોરી ભયાનક સ્તરે વધ્યા છે. સાઈબર ક્રાઈમ કરનારા હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો એ રીતે ઉપયોગ કરતા થઈ ગયા છે કે, લોકો ભોળવાઈ જાય છે અને ફસાઈ જાય છે. તાજેતરમાં ગ્લોબલ ઈનિશિયેટિવ ફોર રીસ્ટ્રક્ચરિંગ એનવાર્યન્મેન્ટ એન્ડ મેનેજમેન્ટ તથા ટેકિયન દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું હતું કે, આજકાલ ૧૦માંથી ૮ ફિશિંગ હમલામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હોય છે. આ રીતે થઈ રહેલા ગુનામાં અકલ્પનીય વધારો થઈ ગયો છે.

ઉલ્લેખનીય છે કે, એઆઈથી થતી ગુનાખોરીમાં જો માત્ર ભારતની જ વાત કરવામાં આવે તો ભારતમાં ૨૦૨૪માં સાઈબર ક્રાઈમના કુલ ૧૯.૧૮ લાખ કેસ નોંધાયા હતા. જે તેના આગળના વર્ષની સરખામણીએ ઘણા વધારે હતા. આ દરમિયાન લોકોએ કુલ ૨૨,૮૧૨ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. જે ૨૦૨૩ના આંકડા કરતા ત્રણ ગણા વધારે છે. ૨૦૨૩માં સાઈબર ક્રાઈમમાં ભારતીયોએ ૭,૪૯૬ કરોડ ગુમાવ્યા હતા પણ ૨૦૨૪નો આંકડો ડરાવી દે તેવો છે. આ સિવાય ભારતમાં ક્રિપ્ટો કરન્સી ઉપર પણ હુમલા વધી ગયા છે અને તેમાં કામ કરનારા અને ઈન્વેસ્ટ કરનારા લોકોના વોલ્ટ ખાલી થઈ રહ્યા છે. તે ઉપરાંત આઈઓટી, રેન્સમવેર જેવા સાઈબર હુમલામાં પણ મોટો વધારો થયો છે જે ખરેખર ચિંતાજનક છે.

# પતિવ્રતા સ્ત્રીનાં શ્રાપથી સ્વયં ઈશ્વર પણ દંડિત થયાં હતાં, એ પ્રબોધિની એકાદશીનો બોધ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની દિવાળી શરૂ થશે. પહેલા માનવીની દિવાળી આવે એટલે ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે, પણ ભગવાન પહેલા ભક્તને ખુશી આપે અને પછી પોતે ખુશ થાય. કારતક સુદ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની અગિયારસે ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની દિવાળી શરૂ થશે. પહેલા માનવીની દિવાળી આવે એટલે ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે, પણ ભગવાન પહેલા ભક્તને ખુશી આપે અને પછી પોતે ખુશ થાય. કારતક સુદ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની અગિયારસે ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આજે દેવ એટલે ભગવાન વિષ્ણુનાં લગ્નનો દિવસ પણ છે, અથવા તો દેવની દિવાળીની શરૂઆત થઈ. આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે. પહેલાં ભગવાનના લગ્ન થાય, પછી જ આપણાં લગ્ન થાય એવી પ્રથા આ સાથે જોડાયેલી છે. ઉપરાંત આ દિવસને તુલસી વિવાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ દરેક હિંદુઓના ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે. જેને કોઈને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે. તુલસી વિવાહ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે.

પૌરાણિક સમયમાં રાક્ષસ કુળમાં વૃંદા નામની એક કન્યાનો જન્મ થાય છે, જે રાક્ષસ કુળમાં જન્મી હોવા છતાં વિષ્ણુની પરમ ભક્ત હોય છે, અને દિવસ-રાત વિષ્ણુની પૂજા કરવી એ તેનો રોજિંદો નિયમ હતો. મોટી થતાં આ કન્યાનાં લગ્ન રાક્ષસ કુળનાં જ જલંધર નામનાં એક રાજા સાથે થાય છે. જલંધર બધી જ રીતે બહાદુર હતો, અને તે એક બાહોશ યોદ્ધા પણ હતો. તે સમયગાળા દરમિયાન દેવ-દાનવ વચ્ચે યુદ્ધ થયું, અને જલંધર તે યુદ્ધમાં લડવા માટે નીકળે છે, ત્યારે તેની પતિવ્રતા પત્ની વૃંદા પતિને જણાવે છે, કે આપ યુદ્ધ કરીને પાછા નહીં ફરો ત્યાં સુધી હું અહીં આપનાં આયુષ્ય માટે મંત્ર અનુષ્ઠાન કરીશ. એ પછી તે યુદ્ધ માટે ચાલી નીકળે છે, અને યુદ્ધમાં દેવતાઓને જલંધરનો મુકાબલો કરવો બહુ અઘરો પડે છે. કોઈ તેને હરાવી શકતું નથી, આથી દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે જાય છે, અને જલંધરને હરાવવા માટે કોઈ માર્ગ કરવાનું કહે છે. ભગવાન વિષ્ણુ સ્પષ્ટ રીતે ના પાડે છે, કે તેની પત્ની વૃંદા મારી પરમ ભક્ત હોયને, હું તમારી કોઈ મદદ કરીશ નહીં, પરંતુ દાનવોને હરાવવા માટે એ સિવાય બીજો કોઇ છુટકો ન હોવાથી, અંતે માની જાય છે. ભગવાન વિષ્ણુ પોતે સ્વયં જલંધરનું રૂપ ધરી અને વૃંદા પાસે પહોંચે છે. મંત્ર અનુષ્ઠાનમાં બેઠેલી વૃંદા, પતિને જોઈને મંત્ર કરતી ઉભી થઇ તેનો ચરણ સ્પર્શ કરે છે, આ રીતે તેનું અનુષ્ઠાન વચ્ચેથી અધૂરું છૂટતા, અહીં જલંધરનું મૃત્યુ થાય છે, અને તેનું મસ્તક આવીને અહીં પડે છે. વૃંદા પતિના મસ્તક સામે જોવે છે, અને સામે ઉભેલ જલંધર રુપે વ્યક્તિને જુએ છે. ત્યારે ભગવાન વિષ્ણુ પોતાના મૂળ સ્વરૂપમાં આવે છે, અને આથી વૃંદાને આખી યોજના સમજાઈ જાય છે. એક પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરવા માટે ક્રોધિત થઈ તે તાત્કાલિક ભગવાનને શ્રાપ આપે છે, કે તે પથ્થર બની જાય, અને ભગવાન તરત જ પથ્થર બની જાય છે. આ વાતથી દેવતાઓમાં હાહાકાર મચી જાય છે, અને લક્ષ્મીજી વૃંદાને આજીજી કરે છે, તેથી વૃંદા ભગવાનને શ્રાપ મુક્ત કરે છે. આ પથ્થરને આપણે શાલીગ્રામ તરીકે ઓળખીએ છીએ. ભગવાન શંકરાચાર્ય બતાવ્યા મુજબની પંચ દેવપૂજામાં આપણે વિષ્ણુ તરીકે શાલિગ્રામને જ રાખીએ છીએ. સતી વૃંદા તે પછી પતિના મસ્તકને ખોળામાં રાખી સતી થાય છે, અને એ રાખમાંથી તુલસીનો જન્મ થાય છે. તેથી તે તુલસી સાથે શાલીગ્રામ સ્વરુપે ઈશ્વરનાં લગ્ન કરવાથી તેને શ્રાપમાંથી મુક્તિ મળે છે. તે દિવસથી ભગવાનનો અંશ આ પથ્થરમાં પણ વાસ કરે છે, અને તુલસી પર્ણ વગર તે કોઈ ભોગ ગ્રહણ નહીં કરે તેવું પણ કહે છે.

આ અગિયારસનું નામ પ્રબોધિની એટલા માટે રાખવામાં આવ્યું છે, કે આ અગિયારસ આપણને એક બોધ આપે છે, કે પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરનાર જો સ્વયં ઈશ્વર હશે, તો તેને પણ શ્રાપ લાગી શકે છે. માટે એ સ્ત્રી પછી દેવ કુળની હોય, રાક્ષસ કુળની હોય, કે નાગ ગંધર્વ કે માનવ કુળની હોય, પણ તેનો પતિવ્રતા ધર્મ જો અખંડ હશે, તો તેને ઈશ્વર પણ હરાવી નહીં શકે. સતી વૃંદાએ તે વખતે ઈશ્વરને એક બીજો શ્રાપ આપ્યો હતો, કે તમારે પણ પત્ની વિયોગ સહન કરવો પડશે, એટલે વિષ્ણુ ભગવાન રામ તરીકે જન્મ લે છે, અને સીતાના વિયોગનું દુઃખ સહન કરે છે. તો આ થઈ પૌરાણિક વાત કે જેને કારણે આપણે ત્યાં તુલસી વિવાહ થાય છે.

લક્ષ્મીના અવતાર તરીકે કે સતી વૃંદા સ્વરૂપે આપણે ત્યાં તુલસીને દરેક આંગણામાં સ્થાન મળ્યું છે, અને હિન્દુ સ્ત્રીઓ રોજ તુલસીનું પૂજન કરી, પોતાનું સુખ-સમૃદ્ધિ ટકાવી રાખવા તુલસી રુપે લક્ષ્મી માતાની પૂજા કરે છે. આ ઉપરાંત તુલસીને એક આયુર્વેદિક ઔષધી પણ બતાવવામાં આવી છે, જે લગભગ દરેક પ્રકારના રોગમાં ઉપયોગી છે. ખાસ કરીને શરદી સળેખમ અને પેટના રોગોમાં તુલસીના પાનનો અર્ક ગ્રહણ કરવો, અથવા તો તુલસીના પાનનો ઉકાળો બનાવીને પીવાથી, ઘણી રાહત રહે છે. તુલસી છોડ રૂપે જ લગભગ જોવા મળે છે. ત્રીસથી ચાલીસ સેન્ટિમીટર જેટલો ઊંચો તેનો છોડ થાય છે, અને લંબગોળ આકારના તેના પર્ણ હોય છે. સ્વાદમાં જરાક તીખા અને વિશિષ્ટ સુગંધ ધરાવતા આ પર્ણનું સેવન ઘણાં લોકો કરતા હોય છે. તુલસીમાં પણ ઘણાં પ્રકાર જોવામાં આવે છે. શ્યામ તુલસી, રામ તુલસી, તિલક તુલસી, તેમજ વન સ્વરૂપે જોવા મળતા ગાઢ તુલસી. અમુક ઊંચાઈ સુધી છોડની વૃદ્ધિ થતાં તેમાં માંજર આવે છે, અને આ માંજરમાંથી બીજા તુલસીના છોડ બંને છે. વૈષ્ણવના ઘરમાં તુલસી વિવાહ થયા પછી તુલસી મુરજાઈ જાય છે, તેવી એક માન્યતા પણ પ્રચલિત છે, તેથી તેઓ આ માંજર લગ્ન પહેલાથી જ બીજા કુંડામાં વાવી દેતા હોય છે, જેથી કરીને બીજો છોડ તરત થવાં લાગે. આ ઉપરાંત ઘણા પ્રાંતોમાં આ લગ્ન અગિયારસથી શરૂ કરી પૂનમ સુધી ઉજવવામાં આવે છે, અને પૂનમના દિવસે ભગવાન શાલીગ્રામના તુલસી સાથે સાત ફેરાથી વિધિવત લગ્ન સંપન્ન કરવામાં આવે છે. આપણે સૌ દેવની દિવાળીની ઉજવણી આંતરિક રીતે ગુણ સમૃદ્ધ થઈને ઉજવીએ, દરેકે દરેક સ્ત્રીનું સન્માન કરીએ, અને ભક્તિભાવથી રોજ કોઇને કોઇ રીતે ઈશ્વરનું અનુસંધાન થાય તેવી પૂજાપાઠનો નિયમ લઈએ. આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની દિવાળી શરૂ થશે. પહેલા માનવીની દિવાળી આવે એટલે ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે, પણ ભગવાન પહેલા ભક્તને ખુશી આપે અને પછી પોતે ખુશ થાય. કારતક સુદ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની અગિયારસે ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આજે દેવ એટલે ભગવાન વિષ્ણુનાં લગ્નનો દિવસ પણ છે, અથવા તો દેવની દિવાળીની શરૂઆત થઈ. આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે. પહેલાં ભગવાનના લગ્ન થાય, પછી જ આપણાં લગ્ન થાય એવી પ્રથા આ સાથે જોડાયેલી છે. ઉપરાંત આ દિવસને તુલસી વિવાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ દરેક હિંદુઓના ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે. જેને કોઈને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે. તુલસી વિવાહ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે.

પૌરાણિક સમયમાં રાક્ષસ કુળમાં વૃંદા નામની એક કન્યાનો જન્મ થાય છે, જે રાક્ષસ કુળમાં જન્મી હોવા છતાં વિષ્ણુની પરમ ભક્ત હોય છે, અને દિવસ-રાત વિષ્ણુની પૂજા કરવી એ તેનો રોજિંદો નિયમ હતો. મોટી થતાં આ કન્યાનાં લગ્ન રાક્ષસ કુળનાં જ જલંધર નામનાં એક રાજા સાથે થાય છે. જલંધર બધી જ રીતે બહાદુર હતો, અને તે એક બાહોશ યોદ્ધા પણ હતો. તે સમયગાળા દરમિયાન દેવ-દાનવ વચ્ચે યુદ્ધ થયું, અને જલંધર તે યુદ્ધમાં લડવા માટે નીકળે છે, ત્યારે તેની પતિવ્રતા પત્ની વૃંદા પતિને જણાવે છે, કે આપ યુદ્ધ કરીને પાછા નહીં ફરો ત્યાં સુધી હું અહીં આપનાં આયુષ્ય માટે મંત્ર અનુષ્ઠાન કરીશ.

એ પછી તે યુદ્ધ માટે ચાલી નીકળે છે, અને યુદ્ધમાં દેવતાઓને જલંધરનો મુકાબલો કરવો બહુ અઘરો પડે છે. કોઈ તેને હરાવી શકતું નથી.

# એસઆઇઆર પાછળનો મૂળ ઉદ્દેશ એનઆરસી લાગુ કરવાનો છે....

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આક્ષેપ કર્યો છે કે, મતદાન યાદીની સુધારણાના કાર્યક્રમ પાછળનો ઉદ્દેશ પાછલા દરવાજેથી નેશનલ રજીસ્ટર ઓફ સીટીઝન્સ (એનઆરસી) લાગુ કરીને સામાન્ય માણસમાં ડર ફેલાવવાનો છે. બેનર્જીના કહેવા પ્રમાણે લોકોના મૂળભૂત અધિકારો જોખમમાં છે. મમતાએ કહ્યું હતું કે, 'હું દુ:ખ સાથે જોઈ રહી છું કે લોકોનો મતાધિકાર છીનવાઈ રહ્યો છે. એમનો ધાર્મિક હક્ક પણ ઝૂટવી લેવામાં આવ્યો છે. ગંદી ભાષાનો ઉપયોગ કરીને હુમલો કરવામાં આવે છે અને કોઈને માફ કરવામાં આવતા નથી. દલીતો, લઘુમતીઓ અને સામાન્ય હિન્દુ મતદારોને પણ છોડવામાં આવતા નથી. આ પાછળનો ઉદ્દેશ એનઆરસી લાગુ કરવાનો છે. અમે દુ:ખી અને આઘાતમાં છીએ.'

વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ સુપ્રિમ કોર્ટને કહ્યું હતું કે, ચૂંટણી કમિશન ચૂંટણી કરાવવાની આડમાં સાંસદ અને ધારાસભ્યોના કામો પોતાને હસ્તક લઈ શકે નહીં. દેશના ચીફ જસ્ટીસ સુર્યકાંત અને જસ્ટીસ જોય માલ્યા બાગચીની બેન્ચ સમક્ષ કેટલાક રાજ્યોમાં ચાલી રહેલા એસઆઈઆર અભિયાન બાબતે વિરોધ કરી રહેલાઓની અરજીઓ પર દલીલ થઈ રહી હતી. બેન્ચે ચૂંટણી કમિશનની સત્તાનો વિસ્તૃત અભ્યાસ કર્યો હતો. સિંઘવી ઉપરાંત બીજા સિનિયર વકીલ કપિલ સિબ્બલએ પણ દલીલ કરી હતી કે ચૂંટણી કમિશન પોતાની બંધારણીય મર્યાદા ઓળંગે છે. એસઆઈઆરની પ્રક્રિયા દરમિયાન નાગરીકો પર અયોગ્ય દબાણ લાવવામાં આવે છે. સુનાવણી દરમિયાન સિંઘવીએ કહ્યું હતું કે, 'કોઈપણ રીતે એ કહી શકાય નહીં કે ચૂંટણી કમિશન બંધારણ પ્રમાણે સત્તાનો ત્રીજો સ્તંભ છે. સંસદમાં બનાવેલા કાયદા પોતાની ઈચ્છા અનુસાર બદલી શકાય નહીં.'

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં મળેલી જીત પછી નરેન્દ્ર મોદીએ એજ સાંજે કહ્યું હતું કે હવે એનડીએનું ટાર્ગેટ બંગાળ છે. એમણે કહ્યું હતું કે જે રીતે ગંગા બિહાર થઈને બંગાળ જાય છે એ રીતે બિહારમાં ભાજપની જીત પણ બંગાળ સુધી જશે. બીજી તરફ બિહારના ખરાબ દેખાવ પછી બંગાળ વિધાનસભાની ચૂંટણી બાબતે પણ કોંગ્રેસ ચિંતીત છે. કોંગ્રેસ સામે સમસ્યા એ છે કે, બંગાળમાં તેઓ કોની સામે લડશે. મમતા બેનર્જી સામે? મમતાની પકડ પુરા રાજ્યમાં મજબૂત છે. બીજી તરફ ભાજપ પણ બંગાળમાં પગ જમાવી રહી છે અને કોંગ્રેસ સાઈડટ્રેક થઈ ગઈ છે. બંગાળમાં કોંગ્રેસની પડતી સતત થઈ રહી છે. ૨૦૧૧માં કોંગ્રેસે ટીએમસી સાથે ગઠબંધન કર્યું હતું અને ૪૨ બેઠકો જીતી હતી. ૨૦૧૬માં ડાબેરીઓ સાથે ગઠબંધન કરીને કોંગ્રેસે ૪૪ બેઠકો જીતી હતી. ૨૦૨૧માં એની હાલત એટલી ખરાબ થઈ ગઈ હતી કે ૯૨ બેઠકો પર લડયા છતાં કોંગ્રેસને એક પણ બેઠક મળી નહોતી અને એનો વોટ શેર ફક્ત ૩ ટકા થઈ ગયો હતો.

એકાએક જાહેર થયેલા ૫૦ વર્ષ જૂના દસ્તાવેજોને કારણે બાંગ્લાદેશની સૌથી વધુ ચર્ચીત સફળતા હલી ગઈ છે. બાંગ્લાદેશના ભૂતપૂર્વ ઈન્ટેલિજન્સ અધિકારી અમિનુલ હક પોલાસએ ૧૯૭૬થી ૧૯૮૩ સુધીના કેટલાક ખાનગી કાગળો જાહેર કર્યા છે. એમનો દાવો છે કે, આ બધી ફાઈલો માઈક્રો ક્રેડીટની મૂળ હકીકત હંમેશ માટે બદલી શકે છે. પોલાસના કહેવા પ્રમાણે આ દસ્તાવેજો સાફ બતાવે છે કે માઈક્રો ક્રેડીટ મોડેલની શરૂઆત ચીતગાઉ યુનિવર્સિટીની એક રીસર્ચ યોજનાથી થઈ હતી. ત્યાર પછી મોહમદ યુનુસએ તફડંચી કરીને આ રીસર્ચને ધીમે ધીમે પોતાને નામે કરી લીધું હતું. વિશ્વ સમક્ષ એમણે આ રીસર્ચને પોતાની શોધ ગણાવી હતી. વર્ષોથી દુનિયા જે મોડેલને યુનુસની શોધ માનતી હતી એ ખરેખર તો એક યુનિવર્સિટીએ કરેલી શોધ હતી. આ ધડાકો કરનાર ઈન્ટેલિજન્સ અધિકારી હમણા અજ્ઞાત સ્થળે ખસી ગયા છે. કર્ણાટક સરકારમાં ચાલી રહેલા વિવાદને કારણે ટૂંક સમયમાં જ દિલ્હીમાં એક બેઠક થશે. કોંગ્રેસે જોકે આ બાબતે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

# જીવન એવું જ છે.જ્યાં પ્રેમ છે ત્યાં કોઈ હિસાબ નથી અને જ્યાં હિસાબ છે ત્યાં કોઈ પ્રેમ નથી,ત્યાં ફક્ત વ્યવસાય છે..!!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે સોમવારે આપણે જોઈએ તો સંસારના વિષય જેના મનમાં ન આવે તેને મુક્તિ સુલભ છે. પ્રભુએ જગત ઉત્પન્ન કર્યું છે તે ભજનમાં વિક્ષેપ કરતું નથી,પણ જીવ મનથી જે જગત ઊભું કરે છે તે ભજનમાં વિક્ષેપ કરે છે. મનમાંથી સંસારના સ્વરૂપને કાઢી નાખો એટલે ત્યાં શ્રીકૃષ્ણ આવશે જગતમાં રહો,પણ જગતને તમારામાં રાખશો નહીં.

એક તેલની બરણી છે.તેમાં ઘણાં વર્ષોથી તેલ રાખોછો.બરણી પાંચ વખત ધોશો,તો બરણી સ્વચ્છ થશે પણ ચિકાશ રહી જશે.હવે આ ચિકાશવાળી બરણીમાં મુરબ્બો નાખશો,તો મુરબ્બો બગડી જશે. મનુષ્યનું મસ્તક- બુદ્ધિ એ બરણી જેવાં છે. અનેક વર્ષોથી આ બરણીમાં કામવાસના રૂપી તેલ રાખતા આવ્યા છો. હવે એ બુદ્ધિરૂપી પાત્રમાં શ્રીકૃષ્ણરૂપી રસ રાખવાનો છે. બુદ્ધિ કંચન જેવી નિર્મળ થાય ત્યારે પ્રેમરસ, ભક્તિરસ તેમાં ઠરે છે. પરમાત્મા બુદ્ધિમાં આવે ત્યારે પૂર્ણ શાંતિ મળે છે.બુદ્ધિમાં ઈશ્વરનો અનુભવ ન થાય ત્યાં સુધી આનંદ નો અનુભવ થતો નથી.તે માટે મન ના માલિક ચંદ્રની અને બુદ્ધિના માલિક દેવ સૂર્યની આરાધના કરવાનું કહ્યું છે.

શુકદેવજી વિચારે છેકે પરીક્ષિતના મનમાં હજી સૂક્ષ્મવાસના રહી છે. વાસનાનો સહેજ અંશ,તેલની ચિકાશ જેટલો પણ હશે તો રાસ લીલામાં જવાશે નહીં. રાસલીલાનાં દર્શનની પાત્રતાપ્રાપ્ત કરવાની છે. ખરેખર ઊંડાં જળમાં હવે પ્રવેશ કરવાનો છે,એટલે શુક દેવજી રાજાને અને સૌ શ્રોતાઓ ને સાવધાન કરે છેકે બુદ્ધિમાંની સૂક્ષ્માતિસૂક્ષ્મ વાસનાનો નાશ કરવા તત્પર બનો!દૃઢ સંકલ્પ વગર હવે આગળ ડગલું ભરી શકાવાનું નથી,પણ ગુરુની કૃપા છે,પ્રભુની દયા છે,ભાગવત કથા નો આધાર છે,શુકદેવજી વાણીનો તરાપો છે,એટલે પરીક્ષિતને હોય છેતે દૃઢ ચિત્તે કથાનું શ્રવણ કરેછે ભાગવતમાં મુખ્ય કથા શ્રી કૃષ્ણ ની છે,છતાં રામને પધરાવ્યા પછી શ્રીકૃષ્ણ આવે છે.કોઈપણ સંપ્રદાયમાં માનો, પણ જ્યાં સુધી રામજીની મર્યાદાનું પાલન નહીં કરો ત્યાં સુધી આનંદ મળતો નથી રામજીની મર્યાદાનું પાલન એટલે રામજીના જેવું વર્તન રાખો ભાગવતની કથા સાંભળનાર વક્તા-શ્રોતા રામજીની મર્યાદામાં રહે.મનુષ્યને થોડી સંપત્તિ-અધિકાર મળે એટલે મર્યાદાને ભૂલી જાય છે, પણ રામજીની મર્યાદાનું પાલન કરો,રામના જેવું તમારું વર્તન રાખો,રામજીની મર્યાદા આપણી મર્યાદા બની શકેએ એનું મહત્ત્વ છે.

રામજીનું ચરિત્ર સર્વથાનુકરણીય છે,પણ શ્રીકૃષ્ણલીલાનુંઅનુકરણ કરવાનું નથી.શ્રીકૃષ્ણલીલા ચિંતન કરવા માટે,ચિંતન કરી તન્મય થવા માટે છે.રામજી કરે તે કરવાનું અને શ્રી કૃષ્ણ કહે તે કરવાનું.રામ પૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં મનુષ્યને આદર્શ બતાવે છે.રામજીનો માતૃ પ્રેમ, પિતૃપ્રેમ, બંધુપ્રેમ, રામજીનું એક પત્નીવ્રત વગેરે સઘળું જીવનમાં ઉતારવા જેવું છે. રામાયણના દરેક પાત્રનું આદર્શ ચરિત્ર છે.

શ્રીકૃષ્ણ કરે તે આપણાથી ન થાય. શ્રીકૃષ્ણ તો કાળીનાગ ઉપર નાચે છે અને કાળીનાગને નાથે છે. શ્રીકૃષ્ણ ટચલી આંગળી ઉપર ગોવર્ધનને ધરે છે. શ્રીકૃષ્ણ ના ચરિત્રનું અનુકરણ કરવું હોય તો પૂતના ચરિત્રથી કરજો. શ્રી કૃષ્ણ ઝેર પી ગયા હતા,તમે ઝેર પચાવ્યા



પછી શ્રી કૃષ્ણચરિત્રનું અનુકરણ કરજો.કરશો?રામજી એ નિજ ઐશ્વર્ય છુપાવ્યું છે. મનુષ્ય સમક્ષ મનુષ્યનો આદર્શ ધર્યો છે.સાધકનું વર્તન રામનાજેવું હોવું જોઈએ. સિદ્ધ પુરુષનું વર્તન શ્રીકૃષ્ણની લીલા હોઈ શકે. રામજીનો અવતાર રાક્ષસોને મારવા માટે થયો નથી,પણ મનુષ્યોને માનવધર્મ બતાવવા માટે થયો છે. રામજીની લીલા એવી સરળ છે, ત્યારે શ્રી કૃષ્ણની લીલા ગહન છે,અટપટી છે.રામ જીની લીલા એવી સરળ છે કે, તરત મનમાં વસી જાય.રામજી સરળતાની પ્રતિકૃતિ છે.એવો સરળ કોઈ પુરુષ કદી જગતમાં થયો નથી. અગ્નિ નારાયણ ભગવાને પ્રગટ થઈને કહ્યું કે, સીતા માતાજી પરમ પવિત્ર છે, શુદ્ધ છે,પછી બીજા પુરાવાની ક્યાં જરૂર હતી.પણ ગામનોધોબી માતાજીની નિંદા કરે છે તેને રામજી મહત્ત્વ આપે છે એટલા સારું કે,એમને આદર્શ બતાવવો છેકે,પ્રજાના સુખ માટે રઘુનાથ પોતાના સુખનો ભોગ આપેછે!આ માટે નિષ્ઠુર બની તેઓ સીતાજીનો ત્યાગ કરે છે અને જગતભરમાં એક અદ્ભુત લોક સેવાનો આદર્શ બતાવે છે.દુનિયા ની કોઈ સંસ્કૃતિ માં આવો ત્યાગ જોવા નહીં મળે. રામાયણ એક અપ્રતિમ ગ્રંથ છે, અને રામકથા અપ્રતિમ કથા છે.રામજી મર્યાદા પુરુષોત્તમ.શ્રીકૃષ્ણએ પુષ્ટિ પુરુષોત્તમ.રામજીનું નામ પણ સરળ.રામજીના નામમાં એક પણ જોડાક્ષર નથી.શ્રીકૃષ્ણના નામમાં એકપણ સરળ અક્ષર નથી બધા જોડાક્ષર છે.રામજી દિવસના બાર વાગે આવે છે. કનૈયો રાત્રે બાર વાગે આવે છે. દશરથજીના રાજમહેલમાં એક આવે છે,ત્યારે બીજો કંસના કારા ગૃહમાં. રામજીને ઓળખવા સહેલા છે, શ્રીકૃષ્ણને ઓળખવા કઠણ છે.પરંતુ રામજીની મર્યાદાને જીવનમાં ઉતારવી કઠણ છે. રામજીએ મર્યાદા છે, શ્રીકૃષ્ણએ પ્રેમ છે.મર્યાદા અને પ્રેમ જીવનમાં ઉતારશો તો સુખી થશો. નરસિંહાવતારની કથાએ ક્રોધનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું વામન અવતારની કથાએ લોભનો નાશ કેવી રીતે કરવો એ બતાવ્યું. રામચંદ્રજીના અવતારે કામનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. ક્રોધ,લોભ, કામ નો નાશ થાય તે પછી શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટે છે. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી જ પરમાત્મા મળે-કૃષ્ણમળે એટલે પહેલા સ્કંધથી શ્રીકૃષ્ણ કથા શરૂ થતી નથી,પણ વાસના ક્ષય થયા પછી તેની શરૂઆત થાય છે.આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં છેલ્લે જોઈએ એક દુધવાળી તેનો પ્રેમી અને માળા ગણી ગણીને ફેરવતા સાધુની વાત ક્યાંક આપણે પણ એ સાધુ તો નથી ને??!થોડું ચિંતન કરજો મજા આવશે..એકવાર,એક દૂધ વાળી સ્ત્રી ફૂટપાથ પર દૂધ વેચી રહી હતી અને બધાને માપિયાથી માપીને દુધ આપી રહી હતી.તે જ સમયે, એક યુવાન દૂધ લેવા તેની પાસે આવ્યો. દૂધવાળીએ તે યુવાનનું વાસણ માપ્યા વિના ભરી દીધું.

થોડે દૂર,એક સાધુ માળા ગણી ગણીને ફેરવી રહ્યો હતો.તેની નજર દૂધવાળી સ્ત્રી પર પડી, જેણે આ જોયું અને નજીકના એક માણસને પૂછ્યું કે આ દુધ વાળીએ આ જવાન છોકરાને માપ્યા વગર દુધ કેમ આપે છે. ત્યારે તે માણસે સમજાવ્યું કે જે યુવાનને દૂધવાળી માપ્યા વિના દૂધ આપે છે તે તેને પ્રેમ કરતો હતો તેથીજ દૂધવાળી તેને માપ્યા વિના દૂધ દરરોજ આપે છે.આ વાત સાધુના હૃદયને સ્પર્શી ગઈ, અને તેમને વિચાર્યું,'એકદૂધવાળી સ્ત્રી જેને પ્રેમ કરે છે તેનો હિસાબ રાખતી નથી, પણ હું,જેને હું પ્રેમ કરું છું તે ભગવાન માટે, સવારથી સાંજ સુધી માળા પર માળા ગણી ગણી ને ફેરવું છું. આ દૂધવાળી સ્ત્રી મારા કરતાં સારી છે,' એમ કહીને સાધુએ માળા તોડીને ફેંકી દીધી.

વાચક ચાહક મિત્રો,જીવન એવું જ છે.જ્યાં પ્રેમ છે ત્યાં કોઈ હિસાબ નથી અને જ્યાં હિસાબ છે ત્યાં કોઈ પ્રેમ નથી,ત્યાં ફક્ત વ્યવસાય છે..!! ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# સિવિલ હોસ્પિટલ ના પીડીયાટ્રીક સર્જરી વિભાગના તબીબો દ્વારા 15 મહિનાના બાળક ઉપર અત્યંત જટીલ ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરાઇ.....

## અત્યંત જટિલ ગેસ્ટ્રિક પુલઅપ સર્જરીમાં હોજરીને ખેંચી તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છેઃ ડૉ, રાકેશ જોષી



**અમદાવાદ, તા.30**

અમદાવાદની સિવિલ હોસ્પિટલ જટિલમાં જટિલ સર્જરી થકી દર્દીઓને નવજીવન આપવા માટે દેશભરમાં જાણીતી છે અને એટલે જ ગુજરાત ઉપરાંત આસપાસનાં રાજ્યોમાંથી લોકો અહીં એક આશા સાથે સારવાર માટે આવતા હોય છે.

લોકોના ભરોસાને વધુ મજબૂત કરતી વધુ એક અત્યંત જટિલ સર્જરી સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગના ડૉક્ટરોએ કરી બતાવી છે. ડૉક્ટરની ટીમ દ્વારા માત્ર 15 મહિનાના હિમાંક્ષ પર ગેસ્ટ્રીક પુલઅપ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી અને આ બાળક હવે સામાન્ય બાળકોની જેમ પોતાના મોંઢેથી ખાતું-પીતું થયું છે.

જન્મ્યા ત્યારથી જ ટ્યૂબ વડે બહારથી ભોજન લેવા મજબૂર બાળકને પહેલી વાર મોંઢેથી ખોરાક લેતાં જોઈને તેના માતા સહિતના પરિવારજનો ગદગદિત થઈ ગયા હતા. ભાવુક થયેલાં માતા-પિતાએ આંખમાં હરખનાં આંસુઓ સાથે સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોનો આભાર માન્યો હતો.

ફુડ પાઈપની ઈસોફેજીયલ એટ્રીસીયા નામની જન્મજાત ખામી થી પીડાતા મહારાષ્ટ્ર ના 15 મહિના ના હિમાંક્ષ ને સિવિલ ના ડોક્ટરો એ દુર્લભ સર્જરી થી આપી નવી જીંદગી.

હિમાંક્ષ ને જન્મ થી અન્નનળી બનેલી જ નહતી એટલે એ સમય પર ગળા માં કાણું કર્યું જ્યાં થી સલીવા બહાર આવે અને હોજરી માં ટ્યૂબ મૂકી જેથી ખાવાનું આપી શકાય.

ઈસોફેજીયલ એટ્રેશિયા એ 4000 બાળકોમાં એકમાં જોવા મળતી દુર્લભ જન્મજાત ખામી છે તેમ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું.

આ વિશે વધુ વિગતો આપતા સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષી એ જણાવ્યુ હતુ કે , મુંબઈ,મહારાષ્ટ્ર ના રહેવાસી અને વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એવા ધવલ ઉનડકટ અને અમીબેન ના પુત્ર હિમાંક્ષ ને જન્મ થી અન્નનળી બનેલી જ નહતી એટલે એ સમય તાત્કાલિક ધોરણે ઓપરેશન કરી ગળા માં કાણું કર્યું જ્યાં થી સલીવા બહાર આવે અને હોજરી માં ટ્યૂબ મૂકી જેથી ખાવાનું આપી શકાય

જન્મ થી 15 મહિના સુધી હિમાંક્ષ ખાવા માટે આ ટ્યુબ ઉપર જ આધારીત હતો.

15 મહિનાના હિમાંક્ષ ના ચિંતિત માતાપિતા ને આગળની સર્જરી કે જેના દ્વારા હિમાક્ષ પોતાના મોં વાટે ખોરાક લઈ શકે તેના માટે આશરે 8 લાખ રૂપિયા નો ખર્ચો પ્રાઈવેટ હોસ્પિટલો દ્વારા જણાવવા માં આવ્યો હતો પરંતુ તેમના દ્વારા તપાસ કરતા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આ પ્રકારના ઘણા દર્દીઓની સફળ સારવાર થઈ હોવાનું માલુમ પડતા તેઓએ હિમાંક્ષ ની આગળની ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી પણ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે જ કરાવવાનું નક્કી કર્યું

તારીખ 29.10.25 ના રોજ ડો. રાકેશ જોશી પ્રોફેસર પીડિયાટ્રિક સર્જરી વિભાગ અને ડો. નમ્રતા શાહ એસોસીએટ પ્રોફેસર એનેસ્થેસિયા વિભાગ દ્વારા 15 મહિના ના હિમાંક્ષ ની સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરવામાં આવી. ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી માં હોજરી ને ખેંચી તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છે જેથી બાળક મોઢે થી ખોરાક લઇ શકે છે તેમ ડો. જોષી એ જણાવ્યુ હતુ.

સર્જરી બાદ પોસ્ટઓપરેટિવ પીરીયડ કોઈ પણ તકલીફ વગર નો રહેતા બાળકે જીવનમાં પહેલીવાર મોઢા દ્વારા ખાવાનું શરૂ કર્યું હતું. બાળક ની સ્થિતી સામાન્ય અને સંતોષકારક થતા હોસ્પિટલ માંથી રજા આપવામાં આવી છે તેમ ડો. જોષીએ જણાવ્યુ હતુ.

# દેવગઢ બારિયા તાલુકા મા બચુભાઈ ખાબડના વરદ હસ્તે 17 કરોડના રસ્તાનું ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો



**દેવગઢ બારીઆ, તા.30**

દેવગઢ બારીઆ પૂર્વ પંચાયત અને કૃષિ મંત્રી અને ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ ના અધ્યક્ષ સ્થાને દેવગઢ બારિયા તાલુકા ના પીપલોદ ગુણા તોયણી રોડ,વાડોદર એપ્રોચ રોડ,અસાયડી વાડોદર રોડ,ભથવાડા વાદી ફળિયા રોડ,રેબારી તળાવ ફળિયા રોડ,મોટીઝરી પટેલ ફળિયા રોડ,કાલીયાગોટા મુખ્ય રોડ સહિત ના અનેક રસ્તાઓનું ભૂમીપૂજન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પૂર્વ પંચાયત અને કૃષિ મંત્રી અને ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ એ જણાવ્યું હતું કે, જિલ્લામાં ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે વિકાસ કામો શરૂ કર્યા છે. નાગરિકોને પૂરતી સુવિધા મળી રહે તે માટે આયોજનબદ્ધ વિકાસની દિશામાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની આગેવાની માં અનેક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માં ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબો ને પાયાની સુવિધાઓ પાણી, રસ્તા, શિક્ષણ, આરોગ્ય, આવાસો અને સ્વચ્છતા જેવી અનેક આંતર માળખાકીય સવલતો ગુજરાતના શહેરો અને ગામડા સુધી પહોંચાડવાની વિશેષ કાળજી લેવાઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના વિકાસ માટે રાજ્ય સરકાર કાર્યરત છે. ગુજરાત માં ડબલ એન્જિન ની સરકાર મા નાગરિકો ને લાભ મળી રહ્યો છે. રાજ્ય અને કેન્દ્રની યોજના ઓ ના લાભો મળી રહ્યા છે.વધુ માં ધારાસભ્ય શ્રી એ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગરીબ, વંચિત, પીડિતો ના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ માં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના વિકાસ છેક છેવાડાના ગામો અને લોકો સુધી વિસ્તર્યો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, ગુજરાત દેશમાં વિકાસનું રોલ મોડલ બન્યું છે તેના મૂળમાં વડાપ્રધાનશ્રીએ નાંખેલો મજબુત પાયો છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય શ્રી ઓ ,તાલુકા પંચાયતના સભ્ય શ્રીઓ,સરપંચશ્રીઓ સહિત અધિકારી શ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિતરહ્યાહતા.

# ચિત્રોડીયા ગામે 7 થી 8 ફૂટ લાંબો અજગર પકડાયો

## ઝાલોદ વન વિભાગના ફોરેસ્ટર રાજેન્દ્ર એસ. ડામોર દ્વારા સફળ રેસ્ક્યુ કામગીરી



**ઝાલોદ, તા.30**

બારીયા નોર્મલ ડિવિઝન હેઠળ આવતી ઝાલોદ નોર્મલ રેન્જ વિસ્તાર રાજસ્થાન અને મધ્યપ્રદેશને અડીને આવેલો હોવાથી અહીં જંગલી પ્રાણીઓ દેખાવાની ઘટનાઓ વારંવાર બને છે. આવી જ એક ઘટના આજે ઝાલોદ તાલુકાના ચિત્રોડીયા ગામે બની, જ્યાં એક રહેણાંક મકાનની બાજુમાં આશરે ૭ થી ૮ ફૂટ લાંબો અજગર જોવા મળ્યો હતો.

સ્થાનિક રહેવાસીઓએ ઘટનાની જાણ થતાં જ ફરજ પર રહેલા ઝાલોદ વન વિભાગના ફોરેસ્ટર રાજેન્દ્ર એસ. ડામોરને સંપર્ક કર્યો. જાણ મળતા તેઓ પોતાની ટીમ સાથે તરત જ સ્થળ પર પહોંચ્યા અને અજગરને સાવધાની સાથે રેસ્ક્યુ કરી સુરક્ષિત રીતે પકડી લીધો. ત્યારબાદ તેને માનવ વસાહતથી દૂર જંગલ વિસ્તારમાં જઈને સહીસલામત મુક્ત કરવામાં આવ્યો.

વન વિભાગ દ્વારા આવા પ્રસંગોએ ઝડપી કાર્યવાહી કરવામાં આવે છે જેથી ગામોમાં રહેતા નાગરિકો તથા જંગલી પ્રાણીઓ બંનેને કોઈ નુકસાન ન પહોચે. કુદરત અને માનવ જીવન વચ્ચેનું સંતુલન જળવાઈ રહે તે માટે વન વિભાગની ટીમ અવિરત સેવાબજાવીરહીછે.

# ગીતા જયંતીના અવસરે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ ગ્રામ્ય અને શહેર દ્વારા જિલ્લા સ્તરીય 'ગીતા મહોત્સવ' કાર્યક્રમનું આયોજન.....






**અમદાવાદ, તા.30**

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય તથા શહેરના સંયુક્ત ઉપક્રમે ૧ ડિસેમ્બરના રોજ ગીતા જયંતીના અવસરે જિલ્લા સ્તરીય 'ગીતા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે.

'ગીતા મહોત્સવ' અંતર્ગત સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ રાણીપ ખાતે જિલ્લા સ્તરીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગીતા પૂજન, ભગવતગીતાના અધ્યાયનો સમૂહ પાઠ, સંસ્કૃત ભાષા તેમજ સંસ્કૃતિને લગતી પ્રદર્શની યોજવામાં આવશે. આ ઉપરાંત, અમદાવાદ જિલ્લાના ત્રણ સમીક્ષા કેન્દ્રો પર ગીતાંશકંઠ પાઠ તેમજ શત સુભાષિતકંઠપાઠ યોજાશે. 'ગીતા મહોત્સવ' કાર્યક્રમમાં ૨૦૦ જેટલા સહભાગીઓ ઉત્સાહભેર ભાગ લેશે. કાર્યક્રમમાં સહભાગીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કાર્યક્રમના સફળ આયોજન અંગે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

# 2025ની મતદાર યાદીમાં રહેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ

**અમદાવાદ, તા.30**

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office)ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારીશ્રી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે.

2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં 100% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં 100% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીમાં 92.39 % ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે. ગણતરી દરમિયાન રાજ્યભરમાં 14.96 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે 3.45 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 20 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

# અમદાવાદ જિલ્લાના બાગાયતદાર ખેડૂતો વિવિધ સહાયલક્ષી યોજનાઓના લાભો મેળવવા ikhedut પોર્ટલ પર અરજી કરી શકશે

**અમદાવાદ, તા.30**

અમદાવાદ જિલ્લાના બાગાયતદાર ખેડૂતોને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓના લાભ આપવામાં આવી રહ્યા છે. અમદાવાદ જિલ્લામાં આ યોજનાનો લાભ લેવા માંગતા ખેડૂતોએ ikhedut portal (www.ikhedut.gujarat.gov.in) માં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

સરકારની વિવિધ સહાયલક્ષી યોજનાઓ હેઠળ નીચેના ઘટકોમાં સહાયનો લાભ લેવા માંગતા હોય તેવા બાગાયતદાર ખેડૂતો પોતાના ગામના ઈ-ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટના માધ્યમ દ્વારા ઓનલાઈન અરજી કરી શકાશે તેમ નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

૧) રાજ્યમાં જુથ/ગ્રામ્ય કક્ષાએ ફળ -શાકભાજી પાકોના કલેક્શન એકમ અને સોલાર કોલ્ડ રૂમ યોજનામાં તા.૨૬/૧૧/૨૦૨૫ થી ૩૧/૦૩/૨૦૨૬ સુધી , ૨) મહિલા તાલીમાર્થીઓને વૃતીકા (સ્ટાઈપેંડ) યોજનામાં તા.૨૮/૧૧/૨૦૨૫ થી ૧૨/૧૨/૨૦૨૫ સુધી, ૩) અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ (માળી તાલીમ) યોજનામાં તા.૧૭/૧૧/૨૦૨૫ થી ૦૬/૧૨/૨૦૨૫ સુધી, ૪) કૃષિ યાંત્રીકરણમાં પ્રોત્સાહિત કરવા અંગેની યોજનામાં તા.૦૧/૧૨/૨૦૨૫ થી ૧૦/૧૨/૨૦૨૫ સુધી, અરજી કરી શકાશે. આ અંગે વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, બ્લોક - સી, પ્રથમ માળ, બહુમાળી ભવન - ૧, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨ નો સંપર્ક કરી શકશે તથા ફો.નં.: 079-26577316 પર પણ માર્ગદર્શન મેળવી શકાશે.

# સરદાર પટેલના ક્રાંતિકારી નિર્ણયો અને સુઆયોજિત નગર નિયોજનનું સાક્ષી અમદાવાદ શહેર

## સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને કોર્પોરેશનના સુધારક તરીકે વહીવટી સુધારણા, જાહેર આરોગ્ય, ટાઉન પ્લાનિંગ સહિતની કામગીરી થકી સરદાર પટેલ સુશાસનના આદર્શ બન્યા

**અમદાવાદ, તા.30**

રાજ્યભરમાં રાષ્ટ્રીય એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. લોહપુરુષ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજ્યભરમાં 'યુનિટી માર્ચ' સહિતના અનેક પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આ ઉજવણી માત્ર સરદારના દેશ માટેના અદ્વિતીય યોગદાનને યાદ કરવા પૂરતી સીમિત નથી, પરંતુ તેમના આદર્શોને વર્તમાન પેઢી માટે પ્રેરણાસ્રોત બનાવવાનો પણ એક અવસર છે.

આઝાદી પૂર્વેના ભારતમાં, જ્યાં સરદાર પટેલની ઓળખ ખેડૂતોના મસીહા, બારડોલી સત્યાગ્રહના આગેવાન અને દેશી રજવાડાઓના વિલીનીકરણના મહાનાયક તરીકે પ્રસ્થાપિત થઈ, ત્યાં તેમના જાહેર જીવનનો પાયો ગુજરાતના આર્થિક - સાંસ્કૃતિક પાટનગર અમદાવાદમાં નંખાયો હતો.


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેમનો કાર્યકાળ આજના સ્વચ્છ, સુનિયોજિત અને સુશાસિત નગરતંત્ર માટે એક માર્ગદર્શક દીવાદાંડી સમાન છે. તેમણે અહીંથી જ પ્રશાસકીય નેતૃત્વના પાઠ શીખ્યા અને એક કુશળ વહીવટકર્તા તરીકેની પોતાની છાપ છોડી, જેનો વારસો આજે પણ જીવંત છે.

**સરદાર વલ્લભભાઈ પટેલના અમદાવાદ સાથેના રાજકીય સંસ્મરણો**

**પ્રમુખ પદ અને લોક-કેન્દ્રી વહીવટની શરૂઆત**

અમદાવાદના જાહેર જીવનમાં સરદાર પટેલના નેતૃત્વની નિર્ણાયક ક્ષણ ૯ ફેબ્રુઆરી, ૧૯૨૪ના રોજ આવી. ઈતિહાસની તવારીખમાં આ તારીખનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે આ દિવસે અમદાવાદ મ્યુનિસિપાલિટીના નવા ચૂંટાયેલા બોર્ડની સૌપ્રથમ બેઠકમાં સરદાર વલ્લભભાઈ પટેલ ૫૩ વિરુદ્ધ બે મતની જંગી બહુમતીથી મ્યુનિસિપલ પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

આ ચૂંટણી બે વર્ષ બાદ યોજાઈ હતી, કારણ કે ૯ ફેબ્રુઆરી ૧૯૨૨ના રોજ મ્યુનિસિપાલિટીને સસ્પેન્ડ કરવામાં આવી હતી. ૩૦ જાન્યુઆરી ૧૯૨૪ના રોજ યોજાયેલી ચૂંટણીમાં ૪૮ પ્રજાનિયુક્ત સભ્યો ચૂંટવા માટે સ્પર્ધા હતી. અગાઉ ત્રણ-ત્રણ વખત દરિયાપુર વોર્ડથી ચૂંટાનારા સરદારે આ વખતે ખાડિયા વોર્ડમાંથી ઉમેદવારી નોંધાવી હતી અને તેઓ બિનહરીફ ચૂંટાયા હતા.



પ્રમુખ બન્યા બાદ સરદારે વહીવટી પ્રણાલીમાં મૂળભૂત પરિવર્તન લાવીને આ પદની ગરિમા અને ગૌરવમાં વધારો કર્યો. વર્ષોથી અંગ્રેજીમાં ચાલતો વહીવટ તેમણે સામાન્ય પ્રજા માટે સરળતાથી સમજાય તે રીતે ગુજરાતી ભાષામાં શરૂ કરાવ્યો હતો.

**પ્રજાની મ્યુનિસિપાલિટી અને સુનિયોજિત વિકાસ**

સરદારના આગમન પહેલાં, મ્યુનિસિપાલિટીમાં સામાન્ય પ્રજાજનોનો પ્રવેશ લગભગ અશક્ય ગણાતો હતો, પરંતુ સરદાર પટેલના કાર્યકાળમાં આ પરિસ્થિતિ બદલાઈ. સામાન્ય નાગરિક કોઈ પણ ખચકાટ વિના પોતાની નાનકડી સમસ્યા સાથે પણ સરદારને મળી શકતો, જ્યાં સરદાર તેમને શાંતિથી સાંભળતા અને તેમની સમસ્યાનું નિરાકરણ લાવતા. આમ ખરા અર્થમાં મ્યુનિસિપાલિટી 'પ્રજાની મ્યુનિસિપાલિટી' બની.

સરદાર પટેલે મ્યુનિસિપલ કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો કરવા સાથે વહીવટી પ્રક્રિયાઓને ઝડપી અને પારદર્શક બનાવી.

અમદાવાદનો વિકાસ કરવા માટે સરદાર પટેલે વિવિધ યોજનાઓનો મક્કમતાપૂર્વક અમલ કરાવ્યો હતો. અમદાવાદને એક આધુનિક શહેર બનાવવા માટે ટાઉન પ્લાનિંગ (ટીપી) સ્કીમ લાગુ કરાવવામાં પણ તેમની ભૂમિકા નિર્ણાયક રહી હતી.

તેમના માર્ગદર્શનમાં કોટની ચાર દીવાલમાં વસતા અમદાવાદનો વિકાસ કરવા માટે એલિસબ્રિજ અને મણિનગરની ટાઉન પ્લાનિંગ સ્કીમ રજૂ કરવામાં આવી હતી.

સરદાર પટેલે કોર્પોરેશન હેઠળની શાળાઓમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધાર્યો અને ગુણવત્તા સુધારવા પર ભાર મૂક્યો હતો.

આ ઉપરાંત, શહેરમાં ગીચ વસવાટને કારણે ફેલાતા રોગચાળાને ડામવા માટે સરદારના નેતૃત્વમાં ૨૨૨ દિવસ સુધી યુદ્ધના ધોરણે સાફસફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ ઝુંબેશની પ્રશંસા ખુદ મહાત્મા ગાંધીએ પણ કરી હતી.

**ક્રાંતિકારી પહેલ અને આપત્તિ વ્યવસ્થાપનનો વારસો**

મ્યુનિસિપલ પ્રમુખ તરીકે સરદાર પટેલે કેટલીક ક્રાંતિકારી પહેલ પણ કરી હતી. તેમણે વર્ષોથી રિપન હોલ તરીકે ઓળખાતા સભાખંડનું નવસંસ્કરણ કરીને તેને ગાંધી હોલ નામ આપ્યું.

૨૪ ઓગસ્ટ ૧૯૨૪ના રોજ, તેમણે ગાંધીજીનું સૌપ્રથમ નાગરિક સન્માન કરવાનું માન અમદાવાદ મ્યુનિસિપાલિટીને અપાવ્યું.

એટલું જ નહીં, ગુજરાતની સૌપ્રથમ અને ભારતની બીજી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી અમદાવાદના કોચરબ જેવા પરાં વિસ્તારમાં સાકાર થઈ.

સરદારના સૂચનથી, તેના નિર્માણમાં પ્રીતમરાય દેસાઈના પ્રયાસોને સન્માન આપવા માટે ધી બ્રહ્મક્ષત્રિય કો ઓ હાઉસિંગ સોસાયટીનું નામ પ્રીતમનગર રાખવામાં આવ્યું.

આ જ પ્રીતમનગરની પ્રેરણાથી ખેડા જિલ્લામાં દૂધ ઉત્પાદકોએ નાના પાયા પર દૂધ ઉત્પાદક મંડળી રચી, જે આગળ જતાં વિશ્વવિખ્યાત સહકારી સંસ્થા અમૂલ તરીકે પ્રસિદ્ધિ પામી.

સરદાર પટેલની વહીવટી ક્ષમતાનો અનુભવ જુલાઈ ૧૯૨૭માં પણ થયો, જ્યારે સમગ્ર ગુજરાતમાં અતિવૃષ્ટિને કારણે વ્યાપક તારાજી થઈ હતી. સરદાર એ સમયે અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હોવાની સાથે સાથે ગુજરાત પ્રાંતિક સમિતિના પણ પ્રમુખ હતા. તેમણે અને તેમના સાથીઓએ સેવાભાવનાથી જે રીતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ કર્યું, તેનો અનુભવ સ્વતંત્રતા પૂર્વે સમગ્ર દેશવાસીઓને થયો હતો.

આમ, સરદાર વલ્લભભાઈ પટેલનો અમદાવાદ મ્યુનિસિપાલિટીનો કાર્યકાળ માત્ર એક ઈતિહાસ નથી, પરંતુ સુશાસનનું એક ઉત્તમ ઉદાહરણ છે. તેમણે વકીલાતના વૈભવી જીવનનો ત્યાગ કરીને સામાન્ય નાગરિકોના હિત માટે જે પ્રતિબદ્ધતા દર્શાવી, તે પ્રેરણારૂપ છે. ટાઉન પ્લાનિંગ સ્કીમ્સ દ્વારા શહેરના ભવિષ્યને સુરક્ષિત કરવાનો તેમનો દૃષ્ટિકોણ તથા ૧૯૨૭ના પૂર જેવી આફતોમાં તેમનું અડીખમ નેતૃત્વ સહિતના તમામ સંસ્મરણો અમદાવાદના વિકાસની ગાથામાં સુવર્ણ અક્ષરે લખાયેલા છે.

સરદારની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે, આપણે તેમના આ વારસાને યાદ કરીએ અને સમજાવટ, એકતા અને કર્મઠતાના આદર્શોને આપણા જાહેર જીવનમાં અપનાવીએ - એ જ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

# કોહલીએ વન-ડેમાં 52મી અને ઈન્ટરનેશનલ કરિયરની 83મી સેન્ચુરી ફટકારી, કોઈ એક ફોર્મેટમાં સદીના મામલે સચિનનો રેકોર્ડ તોડ્યો....

નવી દિલ્હી, તા.30

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ત્રણ મેચની વન-ડે સિરીઝની પહેલી મેચ રાંચીના JSCA સ્ટેડિયમમાં રમાઈ રહી છે. સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

ટીમ ઈન્ડિયાનો સ્કોર 279/5 છે. ટીમ તરફથી કેએલ રાહુલ અને રવીન્દ્ર જાડેજા ક્રિઝ પર છે.

વિરાટ કોહલી (120 બોલમાં 135 રન) આઉટ થયો. તેને નાન્દ્રે બર્ગરે આઉટ કર્યો.

વિરાટ કોહલીએ વન-ડેમાં 52મી અને ઈન્ટરનેશનલ કરિયરની 83મી સદી ફટકારી છે. છેલ્લે તેણે આ વર્ષે દુબઈમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન સામે સદી ફટકારી હતી.






વિરાટે કોઈ એક ફોર્મેટમાં સૌથી વધુ સદી ફટકારવાના મામલે સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો છે. કોહલીએ વન-ડેમાં 52મી સેન્ચુરી ફટકારી. સચિન તેંડુલકરે ટેસ્ટમાં સૌથી વધુ 51 સદી ફટકારી છે. આવી રીતે કોઈ એક ફોર્મેટમાં સૌથી વધુ સેન્ચુરી હવે કોહલીના નામે છે.

ઋતુરાજ ગાયકવાડ (8 રન)ને ઓટનિલ બાર્ટમેનએ ડેવાલ્ડ બ્રેવિસના હાથે કેચ કરાવ્યો. રોહિત શર્મા (51 બોલમાં 57 રન)ને માર્કો યાન્સને LBW આઉટ કર્યો. યશસ્વી જયસ્વાલ 18 રન બનાવીને આઉટ થયો. તેને નાન્દ્રે બર્ગરે વિકેટકીપર ક્વિન્ટન ડી કોકના હાથે કેચ કરાવ્યો.

રોહિતે તોડ્યો શાહિદ આફ્રિદીનો વર્લ્ડ રેકોર્ડ 20મી ઓવરમાં રોહિત શર્માએ માર્કો યાન્સેનના બોલ પર છગ્ગો ફટકાર્યો. આ સાથે જ તે વન-ડેમાં સૌથી વધારે છગ્ગા ફટકારનાર બેટર બની ગયો. તેણે પાકિસ્તાનના શાહિદ આફ્રિદીનો 351 સિક્સનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો.

# દ.આફ્રિકાની સ્ટાર ક્રિકેટરે લેસ્બિયન પાર્ટનર સાથે કરી સગાઈ, ઘૂંટણીએ બેસી પ્રપોઝ કર્યું

નવી દિલ્હી, તા.30

દક્ષિણ આફ્રિકાની સ્ટાર ઓલરાઉન્ડર ક્લો ટ્રાયને તેની લેસ્બિયન પાર્ટનર મિશેલ નટિવેલ સાથે સગાઈ કરી લીધી છે. ટ્રાયોને પોતાની ગર્લફ્રેન્ડને ઘૂંટણીએ બેસી પ્રપોઝ કર્યું હતું. નટિવેલ અને ટ્રાયન ઘણા સમયથી એક-બીજાને ડેટ કરી રહી હતી. ટ્રાયન તાજેતરમાં ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચેલી દક્ષિણ આફ્રિકાની ટીમનો હિસ્સો હતી.

ક્લો ટ્રાયને દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમ માટે 3 ટેસ્ટ, 124 વનડે અને 113 T20 ઈન્ટરનેશનલ મેચ રમી છે. ટ્રાયને મહિલા ટેસ્ટ મેચોમાં 23.80ની એવરેજથી 119 રન બનાવ્યા છે. ટ્રાયોને ટેસ્ટ મેચોમાં 50ની એવરેજથી 4 વિકેટ પણ ઝડપી છે. ટ્રાયને મહિલા વનડેમાં 39.74ની એવરેજથી 62 વિકેટ ખેરવી છે, આ દરમિયાન તેણે એક અવસર પર ઈનિંગમાં 5 વિકેટ ઝડપી હતી.

31 વર્ષીય ક્લો ટ્રાયોને મહિલા વનડેમાં 14 અડધી સદીની મદદથી 2292 રન (એવરેજ 26.65) બનાવ્યા છે. ટ્રાયને મહિલા T20માં 19.43ની એવરેજથી 1,283 રન બનાવ્યા છે, જેમાં એક અડધી સદી સામેલ છે. આ સાથે જ તેણે 36.48ની એવરેજથી 39 વિકેટ પણ ખેરવી છે.



મિશેલ નટિવેલના ઈન્સ્ટાગ્રામ બાયો પ્રમાણે તે એક કોરિયોગ્રાફર અને ડાયરેક્ટર છે. આ સાથે જ નટિવેલ એક વિડીયોગ્રાફર પણ છે અને સોશિયલ મીડિયા માટે કન્ટેન્ટ તૈયાર છે. નટિવેલના ટિકટૉક એકાઉન્ટ પર 1 લાખથી વધુ ફોલોઅર્સ છે અને ઈન્સ્ટાગ્રામ તો ફોલોઅર્સ 50,000થી વધુ છે.

ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2025ની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકા ભારત સામે 52 રનથી હારી ગયું હતું. ભારતીય ટીમ પહેલી વાર મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ જીતવામાં સફળ રહી. બીજી તરફ દક્ષિણ આફ્રિકા પહેલી વાર વનડે વર્લ્ડ કપ ફાઈનલ રમવા ઉતરી હતી, પરંતુ ટાઈટલ જીતવામાં નિષ્ફળ રહી.

# 16 છગ્ગા, 32 બોલમાં સદી... અભિષેક શર્માની વિસ્ફોટક બેટિંગ, રોહિત-યુવીના રેકોર્ડની બરાબરી!

નવી દિલ્હી, તા.30

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2025-26માં પંજાબની ટીમ વતી રમી રહેલા ઓપનર અભિષેક શર્માએ આજે (રવિવાર, 30 નવેમ્બર) બંગાળ સામેની મેચમાં ધમાકેદાર પ્રદર્શન કરીને ક્રિકેટ જગતમાં હલચલ મચાવી દીધી છે. હૈદરાબાદના જિમખાના ગ્રાઉન્ડ પર રમાયેલી આ એલિટ ગ્રુપ-સીની મેચમાં અભિષેકે અવિશ્વસનીય બેટિંગનો નમૂનો રજૂ કર્યો હતો. યુવા બેટ્સમેન અભિષેક શર્માએ માત્ર 32 બોલમાં પોતાની સદી પૂરી કરી, જેમાં 11 છગ્ગા અને 7 ચોગ્ગા સામેલ હતા. તેણે કુલ 52 બોલમાં 16 છગ્ગા અને 8 ચોગ્ગાની મદદથી વિસ્ફોટક 148 રન બનાવ્યા. અભિષેક શર્માની ટી20 ક્રિકેટમાં આ 8મી સદી છે. 157 ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવીને, તે ટી20 ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારનારા ભારતીય બેટ્સમેનોમાં પૂર્વ કેપ્ટન રોહિત શર્માની બરાબરી પર પહોંચી ગયો છે. ભારતીય બેટ્સમેનોમાં હવે તેના કરતાં વધુ ટી20 સદી (9 સદી) માત્ર વિરાટ કોહલીના નામે છે. અભિષેકે આ મેચમાં માત્ર 12 બોલમાં અર્ધશતક (ફિફ્ટી) ફટકારીને એક મોટો રેકોર્ડ બનાવ્યો છે. તે પુરુષોના T20 ક્રિકેટમાં સંયુક્ત રીતે ત્રીજી સૌથી ઝડપી ફિફ્ટી છે. કોઈપણ ભારતીય ખેલાડી દ્વારા ફટકારવામાં આવેલી આ સંયુક્ત રીતે બીજી સૌથી ઝડપી ફિફ્ટી છે. આ સાથે અભિષેકે યુવરાજ સિંહની બરાબરી કરી લીધી છે, જેમણે 2007ના T20 વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે માત્ર 12 બોલમાં જ અર્ધસદી ફટકારી હતી. આ પહેલા સૌથી ઝડપી અર્ધસદી (9 બોલ) નેપાળના દીપેન્દ્ર સિંહ એરીના નામે અને બીજી સૌથી ઝડપી (11 બોલ) અર્ધ સદી ભારતના આશુતોષ શર્માના નામે છે.

અભિષેક શર્મા હવે ટી20 ક્રિકેટમાં બીજો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર બનાવનાર ભારતીય બેટ્સમેન બની ગયો છે. તેણે મુંબઈ તરફથી 147 રન બનાવનાર શ્રેયસ ઐયરને પાછળ છોડી દીધો છે. આ મામલે પ્રથમ સ્થાને તિલક વર્મા છે, જેમણે નવેમ્બર 2024માં હૈદરાબાદ તરફથી મેઘાલય સામે 151 રન બનાવ્યા હતા.

# વનડેમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારો ખેલાડી બન્યો રોહિત શર્મા, આફ્રિદીનો વર્લ્ડરેકોર્ડ તોડ્યો

નવી દિલ્હી, તા.30

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે આજથી વનડે સીરિઝની શરૂઆત થઈ છે. આજે રાંચીમાં બંને ટીમો વચ્ચે સીરિઝની પ્રથમ મેચ રમાઈ. જેમાં ભારતીય ટીમના સ્ટાર ખેલાડી રોહિત શર્મા અને વિરાટ કોહલીએ આજે શાનદાર બેટિંગ કરી. બંને ખેલાડીઓએ 100થી વધુ રનની પાર્ટનરશિપ કરી. જ્યારે રોહિત શર્માએ આજે વધુ એક વર્લ્ડરેકોર્ડ પોતાના નામે કર્યો છે.

રોહિત શર્મા વનડે ઈન્ટરનેશનલમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારો ખેલાડી બની ગયો છે. અત્યાર સુધી આ રેકોર્ડ પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદીના નામે હતો. આફ્રિદીએ 398 મેચોમાં 351 છગ્ગા ફટકાર્યા હતા. જ્યારે રોહિત શર્માએ 277 મેચમાં 352 છગ્ગા ફટકારી આ રેકોર્ડ હવે પોતાના નામે કરી લીધો છે.

વનડે ઈન્ટરનેશનલમાં સૌથી વધુ સિક્સરનો રેકોર્ડ, 352*- રોહિત શર્મા ( ભારત ) 351- શાહિદ આફ્રિદી ( પાકિસ્તાન ) 331- ક્રિસ ગેલ ( વેસ્ટઈન્ડિઝ ) 270- સનથ જયસૂર્યા ( શ્રીલંકા ) 229- એમ એસ ધોની ( ભારત ) મેચમાં રોહિત શર્માએ 5 ચોગ્ગા અને 3 છગ્ગા સાથે 57 રન ફટકાર્યા. રોહિત શર્મા અને વિરાટ કોહલીએ 136 રનની પાર્ટનરશિપ કરી. જે બાદ રોહિત માર્કો જાનસેનની ઓવરમાં LBW આઉટ થયો.

મેચમાં ભારતની પ્લેઈંગ-11: રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, ઋતુરાજ ગાયકવાડ, વોશિંગ્ટન સુંદર, કે એલ રાહુલ, રવીન્દ્ર જાડેજા, હર્ષિત રાણા, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, પ્રસિધ કૃષ્ણા





# તમારા ડ્રેસ કે લિપસ્ટિકને દોષ ન આપશો : ઐશ્વર્યા

મુંબઇ, તા.30

ઐશ્વર્યા વિશ્વ સુંદરી હોવાની સાથે પોતાનો અવાજ ઉઠાવવા માટે પણ જાણીતી છે, ખાસ કરીને જ્યારે છોકરીઓ અને સ્ત્રીઓને લગતો કોઈ મુદ્દો હોય. હવે ઐશ્વર્યાએ જાહેર રસ્તાઓ પર સ્ત્રીઓની સતામણી અંગે તેણે અવાજ ઉઠાવવાની વાત કરી છે. તાજેતરમાં લોરિઅલ પેરિસ સ્ટેન્ડ અફ ટ્રેનિંગ પ્રોગ્રામના ભાગરૂપે યોજાયેલા એક પ્રોગ્રામમાં ઐશ્વર્યાએ કહ્યું કે સતામણી પાછળના કારણો અને જવાબદારીનો ભાર મહિલાઓ પર ન આવવવો જોઈએ, કે તેના ડ્રેસ કે લિપસ્ટિક કે નિર્ણયો પર ન આવવો જોઈએ.

લગભગ એક દાયકાથી ઐશ્વર્યા આ બ્રાન્ડ સાથે જોડાયેલી છે. તેના સંદર્ભે તેણે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો, તેમાં તેણે સમસ્યાઓ વિશે ખુલીને બોલવા પર વાત કરી હતી. સામાન્ય રીતે રસ્તા પર આવી રીતે સ્ત્રીઓની સતામણી કરતા લોકોને અવગણવા અથવા તો તેમની સાથે નજર મિલાવ્યા વિના ત્યાંથી નીકળી જવાની સલાહ છોકરીઓને પરિવારમાંથી અપાતી હોય છે. તેથી ઉલટું ઐશ્વર્યાએ આ વાત અંગે અલગ દૃષ્ટિકોણથી વાત કરી છે. આ વીડિયોમાં ઐશ્વર્યાએ કહ્યું, “જાહેર રસ્તા પર થતી સતામણી. તેનો સામનો કઈ રીતે કરશો?”

આગળ ઐશ્વર્યાએ કહ્યું, “આંખ ન મેળવવી-ના. સમસ્યાની આંખમાં આંખ મેળવીને જુઓ. તમારું માથું હંમેશા ઊંચું જ રાખો. સ્ત્રીત્વ અને સ્ત્રીવાદી, મારું શરીર, મારું મુલ્ય. તમારા મુલ્ય સાથે ક્યારેય સમાધાન ન કરો. તમારી જાત પર ક્યારેય શંકા ન કરો. તમારા મુલ્ય માટે અવાજ ઉઠાવો. તમારા ડ્રેસ કે તમારી લિપસ્ટિકને ક્યારેય દોષ ન આપશો, રસ્તા પર થતી સતમાણીમાં ક્યારેય તમારો દોષ હતો નથી.” આ વીડિયો જોઈને સોશિયલ મીડિયા પર ઐશ્વર્યાના ઘણા વખાણ થયા હતા. તેના આ પોસ્ટ પર કમેન્ટનું પૂર આવ્યું હતું. એક વ્યક્તિએ કમેન્ટમાં લખ્યું હતું, “જાહેરમાં સતામણી વાસ્તવિકતા છે, જેના પર બહુ ચર્ચા થતી નથી. બહુ ગમ્યું.” તો કોઈએ લખ્યું, “એક મજબુત વાત યાદ અપાવી અને દરેક શહેરની યુવતિઓ અને સ્ત્રીઓ માટે મહત્વનો સંદેશ.”

# ટીવી જગતનો સુપરસ્ટાર હવે બોલિવૂડમાં કરશે એન્ટ્રી, સલમાન ખાને કરી કામની ઓફર!

મુંબઇ, તા.30

ટીવી જગતનો લોકપ્રિય ચહેરો અને સિરિયલ 'અનુપમા'થી જાણીતા બનેલા અભિનેતા ગૌરવ ખન્નાના ચાહકો માટે મોટા સમાચાર છે. રિયાલિટી શો 'બિગ બોસ 19'માં પોતાનું નસીબ અજમાવી રહેલા ગૌરવ ખન્નાને હવે નાના પડદાથી સીધા બોલિવૂડના મોટા પડદા પર કામ કરવાની તક મળી છે, અને આ ઓફર ખુદ સુપરસ્ટાર અને શોના હોસ્ટ સલમાન ખાને કરી છે.

શનિવારે (29મી નવેમ્બર) 'બિગ બોસ 19'ના 'વીકેન્ડ કા વાર' એપિસોડમાં સલમાન ખાને ગૌરવ ખન્નાના વર્તન અને ધીરજની જોરદાર પ્રશંસા કરી. તેમણે કહ્યું કે, ‘ગૌરવ ખન્નાની પત્ની આદર કરે છે. તેના માતા-પિતાને તેના પર ગર્વ હોવો જોઈએ.



મિત્રોને તેના પર ગર્વ હોવો જોઈએ. લોકો



તેની સાથે કામ કરીને ખુશ હોવા જોઈએ.'

આ પ્રશંસા બાદ સલમાન ખાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'હકીકતમાં, મને તેની સાથે કામ કરવાનું ગમશે. હું ટૂંક સમયમાં ગૌરવ સાથે કામ કરીશ.' આ સાંભળીને ગૌરવ ખન્ના ભાવુક થઈ ગયો અને તેણે સલમાન ખાનનો આભાર માન્યો હતો.

'વીકેન્ડ કા વાર' દરમિયાન સલમાને ઘરના સભ્યોને ગૌરવના ગેમપ્લે પર તેમના વિચારો શેર કરવા જણાવ્યું હતું. અન્ય સભ્યોએ તેના પર દંભી કે વધુ પડતો વ્યૂહાત્મક હોવાનો આરોપ લગાવ્યો, પરંતુ સલમાને ગૌરવના શાંત અને સંયમિત વર્તનની પ્રશંસા કરી. સલમાને કહ્યું, 'જો આ તમારી વ્યૂહનીતિ છે, તો ગૌરવ ખન્નાને સલામ, કારણ કે આ વાતાવરણમાં ધીરજ રાખવી લગભગ અશક્ય છે... ભાઈ, તને સલામ.'

ગૌરવ ખન્નાએ 'સેલિબ્રિટી માસ્ટર શેફ' જીત્યા બાદ 'બિગ બોસ 19'માં ભાગ લીધો છે. હવે સલમાન ખાન તરફથી ખુલ્લી ઓફર મળતાં ટીવીના આ સુપરસ્ટારની બોલિવૂડમાં એન્ટ્રી નિશ્ચિત માનવામાં આવે છે.

# જ્હોન અબ્રાહમે રોહિત શેટ્ટીની રાકેશ મારિયાની બાયોપિકનું શૂટિંગ શરૂ કર્યું

મુંબઇ, તા.30

રોહિત શેટ્ટીની મોટા ભાગની ફિલ્મો પોલીસ વિષય પર આધારિત હોય છે. હવે આમાં મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર રાકેશ મારિયાની બાયોપિક બનાવી રહ્યો છે. જેમાં જોન અબ્રાહમ મુખ્ય રોલમાં જોવા મળશે. જો કે અભિનેતા તેમજ દિગ્દર્શક ફિલ્મની હાલમાં જ અભિનેતાનું સત્તાવાર ઘોષણા કરી નથી. ખાખી વરદીમાં સોશયિલ મીડિયા પર તસવીર અને વીડિયો વાયરલ થયા હતા. જે જોઈને લોકો અનુમાન કરી રહ્યા છે કે જોન અબ્રાહમે રોહિત શેટ્ટીની આગામી ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. અટકળ એવી પણ છે કે જોન અબ્રાહમ આ ફિલ્મનું શૂટિંગ મુંબઈ સેન્ટ્રલ પર કરી રહ્યો છે. એક રિપોર્ટના અનુસાર રોહિત શેટ્ટીની રાકેશ મારિયાની બાયોપિકનું મોટા ભાગનું શૂટિંગ સાઉથ મુંબઈમાં



થઈ રહ્યું છે. એટલું જ નહીં, રોહિત શેટ્ટીએ આ બાયોપિક માટે એલોરા સ્ટુડિયોમાં એક પોલીસ સ્ટેશન પણ બનાવ્યું છે. જો કે રોહિત શેટ્ટીએ અભિનેતાની તથા ફિલ્મની સત્તાવાર ઘોષણા કરી નથી.રોહિત શેટ્ટીની આ ફિલ્મ ૨૬/૧૧ના બોમ્બ બ્લાસ્ટ સાથે જોડાયેલી હોવાથી તેમાં ૫૮૦ કલાકારોને કાસ્ટ કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં દરેક કોન્સ્ટેબલ, ઈન્સ્પેક્ટર અને હવાલા ઓપરેટરોના સમાવેશ કરવામાં આવ્યો છે. બાયોપિકનો સૌથી મહત્વાકાંક્ષી હિસ્સો મુંબઈ પોલીસ કન્ટ્રોલ રૂમ ૨૬/૧૧ના હુમલાનું પુનનિર્માણ છે. ચાર કલાકમાં ૧૩૦૦ ફોન આવ્યા હતા અને ૫૮૦ પોલીસ અધિકારીઓ ફિલ્ડમાં હતા.

# મનોજ બાજપાયી અને રાજકુમાર રાવ એક ફિલ્મમાં સાથે જોવા મળશે

મુંબઇ, તા.30

મનોજ બાજપાયી અને રાજકુમાર રાવ શૂજિત સરકારની એક કોમેડી ફિલ્મમાં સાથે જોવા મળશે. દિગ્દર્શક શૂજિત સરકાર મહાભારતના એક ચેપ્ટર પરથી કોમેડી ફિલ્મ બનાવવાની તૈયારી કરી રહ્યા છે.

આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૬માં શરૂ કરવામાં આવશે. કહેવાય છે કે આ ફિલ્મ ભારતીય સિનેમાની સૌથી અનોખા પ્રોજેક્ટ્સમાંની એક હશે.

એક રિપોર્ટના અનુસાર, મનોજ બાજપાયી અને રાજકુમાર રાવ મળીને મહાભારતી એ કહાનીને અનોખો રંગ આપશે જેમાં હાસ્ય અને ચતુરાઈનો સમાવેશ હશે.

આ કોમેડીને આધુનિક સમયને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવશે. જોકે ફિલ્મની વાર્તાના મૂળિયા મહાભારત સાથે જોડાયેલા હશે.

ઉલ્લેખનીય છે કે, રાજકુમાર રાવ અને મનોજ બાજપાયી બોક્સ ઓફિસના સફળ કલાકારોમાંના છે.



# IMFએ ભારત-પાકને એક સરખો ગ્રેડ 'C' કેમ આપ્યો

## 8.2% GDP ગ્રોથ પર વિપક્ષે સવાલો ઉઠાવ્યા, શું ખરેખર આંકડાઓમાં ગડબડ છે

**નવી દિલ્હી, તા.30**

કલ્પના કરો કે તમે સ્કૂલમાં છો અને તમારું રિપોર્ટ કાર્ડ આવ્યું છે. ગણિતમાં C મળ્યો, પણ બાકીના વિષયોમાં B એટલે કે તમે પાસ તો થઈ ગયા, પણ સુધારાની જરુર છે. આપણા દેશની અર્થવ્યવસ્થા સાથે પણ આવું જ થયું છે. 26 નવેમ્બરે IMFએ ભારતના GDP ડેટાને 'C' ગ્રેડ આપ્યો.

બીજા જ દિવસે 27 નવેમ્બરે સરકારે Q2 એટલે કે જુલાઈ-સપ્ટેમ્બર 2025ના GDP આંકડા જાહેર કર્યા. તેમાં જણાવાયું કે આપણા દેશની અર્થવ્યવસ્થા બીજા ક્વાર્ટરમાં 8.2%ના દરે વધી. આ બધાના અનુમાન કરતાં વધુ છે, સાથે જ દુનિયામાં સૌથી ઝડપથી વધતી અર્થવ્યવસ્થા પણ છે.

હવે વિરોધ પક્ષો IMFના રિપોર્ટને ટાંકીને સવાલો ઉઠાવી રહ્યા છે. કહી રહ્યા છે કે GDP ગ્રોથના આંકડા ભરોસાપાત્ર નથી. અહીં ધ્યાન આપવા જેવી એક વાત એ પણ છે કે 2024માં પાકિસ્તાનની અર્થવ્યવસ્થાને લઈને જે રિપોર્ટ આવ્યો હતો, તેમાં આપણા પાડોશી દેશને પણ C ગ્રેડ મળ્યો હતો.

એટલે કે, IMF માને છે કે ભારત અને પાકિસ્તાન બંને દેશોના સત્તાવાર આંકડાઓમાં એકસરખી ખામીઓ છે. આ ન્યૂઝ આર્ટિકલમાં સમજીએ કે શું ખરેખર GDPના આંકડાઓમાં કંઈ ગડબડ છે? IMFના C ગ્રેડનો શું અર્થ છે? શું ભારત-પાકિસ્તાનને એકસરખી રેટિંગ મળવું યોગ્ય છે?

સૌથી નબળી જગ્યા કવરેજ (C ગ્રેડ): એટલે કે, આપણે ઘણો ડેટા એકત્રિત કરી શકતા નથી, ખાસ કરીને નાના દુકાનદારો, લારી-ગલ્લાવાળા, ઘરેથી કામ કરતા લોકોનો.

GDP ડેટાનો કુલ ગ્રેડ C: કારણ કે કવરેજમાં ઘટાડો છે, તેથી સંપૂર્ણ GDP આંકડો પણ સંપૂર્ણપણે ભરોસાપાત્ર માનવામાં આવતો નથી. વિરોધ પક્ષો પણ આ જ કારણોસર સવાલો ઉઠાવી રહ્યા છે.

ભારતનો ઓવરઓલ ડેટા B ગ્રેડ: એટલે કે "કામ તો ચાલી જાય છે, પરંતુ ઘણી નબળાઈઓ છે, જેને ઝડપથી સુધારવી જોઈએ. નબળાઈ દૂર થયા પછી A ગ્રેડ મળી શકે છે.

નવું બેઝ યર: 2011-12 બેઝ યર બદલવું પડશે. તેનો હજુ પણ ઉપયોગ થઈ રહ્યો છે. આનાથી આંકડા વર્તમાન અર્થતંત્રને યોગ્ય રીતે દર્શાવતા નથી. જ્યારે દુનિયામાં તે દર 5 વર્ષે અપડેટ થાય છે. ભારત આવતા વર્ષે એટલે કે, 2026માં તેને બદલવા જઈ રહ્યું છે. નવું બેઝ યર 2022-23 હશે.

ડેટા કવરેજ: તેને વધારવું પડશે. અનૌપચારિક સેક્ટર (90% કામદારો - લારીવાળા, નાના દુકાનદારો, ઘરેથી કામ કરનારા) નો હિસાબ હજુ બરાબર જોડાતો નથી. આનાથી અર્થતંત્રનું સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થશે, કોઈ અંતર રહેશે નહીં. 2026સીરીઝમાં તેમાં સુધારો થવાની અપેક્ષા છે.

નવો સૂચકાંક: હાલમાં આપણે WPI (જથ્થાબંધ ભાવ) જોઈએ છીએ, એટલે કે દુકાનદારે ફેક્ટરીમાંથી જથ્થાબંધ કેટલા




રૂપિયામાં માલ ખરીદ્યો. આમાં ફેક્ટરીમાં બનાવવાની સાચી કિંમતનો હિસાબ મળતો નથી. તેથી, WPI ને બદલે PPI (ઉત્પાદક ભાવ સૂચકાંક) અપનાવવો પડશે, જે સીધો ફેક્ટરીનો ખર્ચ દર્શાવે છે.

સરકાર: વડાપ્રધાન મોદીએ કહ્યું- 2025-26 ના બીજા ક્વાર્ટરમાં 8.2% GDP ગ્રોથ ખૂબ જ ઉત્સાહજનક છે. આ આપણી ગ્રોથ-લક્ષી નીતિઓ અને સુધારાઓની અસર દર્શાવે છે. જ્યારે નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું- GDP ડેટા ભારતીય અર્થતંત્રની મજબૂત ગ્રોથ અને ગતિ સ્પષ્ટપણે દર્શાવે છે.

આરોપ: કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું- આ એક મુઝવણ છે કે ત્રિમાસિક GDPના આંકડા ત્યારે જાહેર કરવામાં આવ્યા છે, જ્યારે IMF રિપોર્ટે ભારતીય રાષ્ટ્રીય લેખા-જોખા આંકડાશાસ્ત્રને 'C' ગ્રેડ આપ્યો છે. અર્થતંત્રના આંકડા હજુ પણ નિરાશાજનક છે. ખાનગી રોકાણમાં કોઈ ગતિ નથી.

જવાબ: કેટલાક વિશ્લેષકોનું કહેવું છે કે આ આંકડા વાસ્તવિક છે. કેટલીક ખામીઓ છે, પરંતુ તેને ગડબડ કહેવું સંપૂર્ણપણે યોગ્ય નહીં હોય. 'C' ગ્રેડ મળવો એ સુધારાની ચેતવણી છે. 2026માં નવી GDP સિરીઝ આવવાથી ગ્રેડમાં સુધારો થઈ શકે છે. IMFએ અર્થતંત્રની ઓવરઓલ રેટિંગ 'B' જ આપી છે.

ભારત અને પાકિસ્તાનને IMFએ GDP ડેટામાં એક જેવો 'C' ગ્રેડ એટલા માટે આપ્યો કારણ કે હિસાબ લખવાની રીત બંને દેશોની લગભગ એક જેવી છે. નાના દુકાનદારો, લારીવાળાઓ અને ઘરેથી કામ કરનારાઓનો હિસાબ બરાબર જોડાતો નથી, બેઝ યર જૂનું છે, મેથડ પણ જૂની છે.

IMFએ એ નથી જોયું કે એક દેશમાં લોકશાહી છે અને બીજામાં બેકગ્રાઉન્ડમાં સેનાનો પ્રભાવ છે. તેણે ફક્ત કેટલી ભૂલો છે તે જોયું. પરંતુ આખી માર્કશીટમાં ભારત પાકિસ્તાનથી ઘણું આગળ છે.

ભારતનો ગ્રોથ દર 8.2% રહ્યો, જ્યારે પાકિસ્તાન 5.70% પર જ અટકી ગયું. મતલબ કે હિસાબની ગુણવત્તામાં બંને સમાન છે, પરંતુ વાસ્તવિક પ્રદર્શનમાં ભારત આગળ છે.

ભારત સહિત દુનિયામાં US ટેરિફનું દબાણ છે, ખાનગી રોકાણ ધીમું છે, તેમ છતાં ભારતની અર્થવ્યવસ્થા જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં 8.2% ના દરે વધી છે. આ છેલ્લા 6 ક્વાર્ટરમાં સૌથી વધુ છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં GDP 5.6% હતી. જ્યારે એપ્રિલ-જૂનમાં તે 7.8% હતી.

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) ના આંકડાઓ પરથી સ્પષ્ટ છે કે ગ્રામીણ માંગ, સરકારી ખર્ચ અને મેન્યુફેક્ચરિંગની ગતિએ અર્થતંત્રને વેગ આપ્યો છે. GST રેટ કટની સંપૂર્ણ અસર હજુ આવવાની બાકી છે, પરંતુ આ પરિણામો અપેક્ષા કરતાં વધુ સારા છે.

અર્થતંત્રના સ્વાસ્થ્યને ટ્રેક કરવા માટે GDPનો ઉપયોગ થાય છે. તે દેશની અંદર એક નિશ્ચિત સમયમાં તમામ ગુડ્સ અને સર્વિસના મૂલ્યને દર્શાવે છે. તેમાં દેશની સીમાની અંદર રહીને જે વિદેશી કંપનીઓ ઉત્પાદન કરે છે, તેને પણ સામેલ કરવામાં આવે છે.

GDP બે પ્રકારની હોય છે. રિયલ GDP અને નોમિનલ GDP. રિયલ GDPમાં ગુડ્સ અને સર્વિસની વેલ્યુનું કેલ્ક્યુલેશન બેઝ યરની વેલ્યુ અથવા સ્થિર ભાવ પર કરવામાં આવે છે.

હાલમાં GDPની ગણતરી કરવા માટે બેઝ યર 2011-12 છે. જ્યારે નોમિનલ GDPની ગણતરી વર્તમાન ભાવ પર કરવામાં આવે છે.

GDPની ગણતરી કરવા માટે એક ફોર્મ્યુલાનો ઉપયોગ કરવામાં આવે છે. GDP=C+G+I+NX, અહીં C નો અર્થ પ્રાઈવેટ કન્ઝમ્પ્શન, G નો અર્થ ગવર્નમેન્ટ સ્પેન્ડિંગ, I નો અર્થ ઈન્વેસ્ટમેન્ટ અને NX નો અર્થ નેટ એક્સપોર્ટ છે.

# 46% મોબાઈલ ફોનની ખરીદી લોન પર, ઘર ખરીદવાના ટાર્ગેટમાં Gen-Z આગળ

**અમદાવાદ**

એક સ્ટડીમાં સામે આવ્યું છે કે, ભારતમાં ઉધાર લેવાની પદ્ધતિમાં નાટકીય બદલાવ જોવા મળી રહ્યો છે. 46 ટક કસ્ટમર્સ સ્માર્ટફોન લેવા માટે અથવા હોમ એપ્લાયન્સ ખરીદવા માટે લોન લે છે. 25 ટકા કસ્ટમર્સ નવો બિઝનેસ શરૂ કરવા માટે અથવા બિઝનેસનો વિસ્તાર કરવા માટે લોન લે છે. 17 સિટીમાં ઉપાર લેનારાઓને આવરી લેતા રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે, ધરખમ વ્યાજ વસુલતા ઈએમઆઈ કોર્ડ 65 ટકા ગ્રાહકોની પસંદ બન્યા છે. 35 ટકા પુરુષો બિઝનેસના વિસ્તરવા પર ધ્યાન આપી રહ્યા છે. જ્યારે, 33 ટકા મહિલાઓ પર ખરીદવાને પ્રાથમિકતા આપી રહી છે. ઓનલાઈન શોપિંગમાં મહિલાઓ આગળ જોવા મળી રહી છે.



આ રિપોર્ટમાં Gen Z સૌથી મહત્ત્વકાંક્ષી ગ્રુપ તરીકે ઊભરી આવ્યા છે. 35 ટકા જેન-ઝએ નવો બિઝનેસ શરૂ કરવા પ્રયત્નશીલ છે. જ્યારે 32 ટકાનું ટારગેટ ઘર ખરીદવાનું છે. સૌથી ચોકાવનારી વાત એ છે કે, Gen Z ઘરે ખરીદવાના ટારગેટમાં મિલેનિયલ્સ અને જેન-એક્સ કરતા ઘણાં આગળ છે. જનરેશન-ઝી 'ફાઈનાન્શિયલ ફ્રીડમ'ને પણ મહત્ત્વ આપે છે. રિપોર્ટ મુજબ, તેઓ વહેલી લોન ભરપાઈ કરવાના ઓપાનને પ્રાથમિકતા આપે છે. જ્યારે, મિલેનિયલ્સ કોસ્ટ કટ્રોલ અને ઈન્ટરેસ્ટ રેટને પ્રાથમિક્તા આવે છે.

અનેક રાજ્યોમાં લાઈફસ્ટાઈલ માટેલોનનો ટ્રેન્ડ વધી રહ્યો છે. બીજી તરફ, એવા ઘણાં સિટીઝ છે જ્યા, ભવિષ્ય પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જેમ કે, દિલ્હી એનસીઆર, ચેન્નઈ, જયપુર, અમદાવાદમાં ઘર ખરીદવા માટે અનુક્રમે, 37, 33 અને 32 ટકા લોન લેવામાં આવી રહી છે. જ્યારે, બાળકોના ભણતર પાછળ ચેન્નઈ, પૂણે, દિલ્હી એનસીઆર, કોચી વધુ ખર્ચ કરી રહ્યું છે. હોમ રિનોવેશનમાં પૂર્ણ, ભોપાલ, કોલકાતા અને ચેન્નઈ આગળ છે.

હવે ગ્રાહકો લોન લેવા માટે પણ ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરી રહ્યા છે. ફિઝિકલ ચેનલ્સને છોડીને 51 ટકા ગ્રાહકોની પસંદ ડિજિટલ ચેનલ બની છે. પરંતુ, 84 ટકા કસ્ટમર્સ આ કંપનીઓ દ્વારા કરવામાં આવતા ડેટા કલેક્શનથી ચિંતિત છે. 54 ટકા મિલેનિયલ્સ અને 50 ટકા જેન-ઝી જિટલ માધ્યમથી કેડિટ લઈ રહ્યા છે. ઉત્તર ભારતમાં 59 ટકા લોન ડિજિટલ બની છે. પૂણે અને લુધીયાણામાં 64 ટકા ડિજિટલ ક્રેડિટ સાથે સૌથી આગળ છે. ચંડીગઢમાં 42, બેંગલુરુમાં 41, અમદાવાદમાં 41 ટકા લોન ડિજિટલ બની છે.

મોબાઈલ ફોન લોનમાં હપ્તો ન ભરાય તો શું થાય? થોડા સમય પહેલા એવી વ્યવસ્થા હતી કે, હપ્તો ન ભરાય તો ફોન રિમોટલી લોક કરી દેવામાં આવતો હતો. પરંતુ, આ સિસ્ટમમાં બદલાવ કરવામા આવ્યો છે. ત્યારબાદથી, મોબાઈલ ફોનના હપ્તા ન ચૂકવનારાઓની સંખ્યામાં જોવા મળી રહ્યો છે. બેંગલુરુ સ્થિત ટીપીડીઝીરોના રિપોર્ટ અનુસાર, તેમની સંખ્યામાં દર મહિને 20 ટકાનો વધારો થઈ રહ્યો છે. આરબીઆઈએ ગત વર્ષે ડિવાઈઝ બ્લોકિંગની સિસ્ટમ બંધ કરી હતી. ઓક્ટોબર 2025માં નાણાકીય સમિતિની બેઠકમાં ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું હતું કે, 'હું ડિવાઈઝ બ્લોકિંગની પદ્ધતિનો અભ્યાસ કરી રહ્યાં છે. તેના ફાયદા-ગેરફાયદા વિશે ચર્ચા ચાલી રહી છે.'

# વૃદ્ધિ અને વૈવિધ્યકરણ ભાગ 4- ભારતનું રિયલ એસ્ટેટ બજાર નોંધપાત્ર વિસ્તરણ માટે તૈયાર....

**નવી દિલ્હી, તા.30**

સર્વાંગી વિકાસ, આવકમાં વધારો, વધતું શહેરીકરણ, ઓફિસ અને કોર્પોરેટ સંસ્થાઓની માંગમાં રોજિંદો વધારો આ બધા જ કારણોના લીધે 2025માં રિયલ એસ્ટેટ બજારની ખૂબ જ માંગ રહી છે અને એમાં વધારો પણ સૂચિત છે.

આના મુખ્ય વલણોમાં વૈભવી આવાસમાં વધારો, નાના શહેરો (ટાયર 2) તરફ વૃદ્ધિનું વલણ અને ઓફિસ કામકાજમાં વધારા સાથે કોર્પોરેટ રિયલ એસ્ટેટ પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો સામેલ છે. પરંતુ, તાજેતરના કેટલાક ડેટા હાઉસિંગ વેચાણમાં ટૂંકા ગાળાનો ઘટાડો દર્શાવે છે, જેને સરકારી નીતિઓ અને આર્થિક બાબતોના તજજ્ઞો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.આ બજાર 2025ના અંત સુધીમાં $46.76 ટ્રિલિયનના મૂલ્ય સુધી પહોંચે તેવી પૂરેપૂરી સંભાવના છે અને તે જ વર્ષ સુધીમાં દેશના GDPમાં 13% યોગદાન અંદાજિત છે.

લખનૌ, ઇન્દોર, વડોદરા, સુરત, કોઈમ્બતુર, જયપુર, વિશાખાપટનમ અને ભુવનેશ્વર જેવા શહેરો માળખાગત વિકાસ અને સ્માર્ટ સિટી પહેલને કારણે મુખ્ય વિકાસ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યા છે, જે રિયલ એસ્ટેટ રોકાણને આકર્ષિત કરી રહ્યા છે.

વૈભવી આવાસોમાં તેજી: લક્ઝરી સેગમેન્ટ એટલે કે (સાધન સંપન્ન ઘર)માં નોંધપાત્ર વૃદ્ધિ થઈ રહી છે, જેમાં પ્રીમિયમ-કિંમતના ઘરોના વેચાણમાં ખૂબ જ વધારો



થયો છે.

કોર્પોરેટ રિયલ એસ્ટેટની હરણફાળ : ઉચ્ચ શિક્ષણ, માસ્ટર ડિગ્રીની માંગના લીધે કર્મચારીઓની ઓફિસમાં માંગના લીધે ઓફિસ જગ્યાઓની માંગ વધી રહી છે, જેના કારણે ખાલી જગ્યાઓના દરમાં ઘટાડો થયો છે અને કોર્પોરેટ ક્ષેત્રમાં વિસ્તરણ થયું છે.

ટેકનોલોજીનું એકીકરણ: ટેકનોલોજી દ્વારા બજાર પરિવર્તન પામી રહ્યું છે, જેમાં મિલકત મૂલ્યાંકન માટે AI અને મશીન લર્નિંગનો સમાવેશ થાય છે. જેનાથી સ્માર્ટ સિટીનો વ્યાપ વધ્યો છે.

મિશ્ર વેચાણ પ્રદર્શન: તાજેતરના અહેવાલ અનુસાર રિયલ એસ્ટેટ બજારમાં ત્રિમાસિક ઘટાડાનો સંકેત આપે છે, ત્યારે નવા લોન્ચમાં અને મિલકતના ભાવમાં વધારો સૂચિત દર્શાવે છે.

પ્રીમિયમ પ્રોજેક્ટ્સ પર ઉદ્યોગપતિઓનું ધ્યાન: ડેવલપર્સ હાલની માંગને અનુરૂપ, Rera certified હાઈ-એન્ડ પ્રોજેક્ટ્સ, લક્ઝરી ઘરો અને આધુનિક, ટેક-સક્ષમ ઘરો પર લોકોનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

સરકારી નીતિઓ અને સુધારા: RERA અને સહાયક હાઉસિંગ નીતિઓ જેવી પહેલ, વધુ જવાબદાર અને ગ્રાહક-મૈત્રીપૂર્ણ બજાર બનાવવાનું ચાલુ રાખે છે.

ગ્રાહક પસંદગીઓમાં ફેરફાર: ગ્રાહકોની પસંદગીમાં પ્રીમિયમ ઘરો સાથે એમિનિટીઝ, affordable ભાડા વિકલ્પો અને જીવનશૈલી આધારિત વિકાસ તરફ નોંધપાત્ર અને ઉલ્લેખનીય વધારો થયો છે.

બજારને અસર કરતા પરિબળો વધતી આવક અને શહેરી વસ્તી: વધતી જતી ઘરગથ્થુ આવક અને વધતી જતી શહેરી વસ્તી તમામ મિલકત વિભાગોમાં માંગના મુખ્ય પરિબળો છે.

જાન્યુઆરી 2025 – ફ્લેક્સિબલ ઓફિસ સ્પેસ અને 'કોર + ફ્લેક્સ' મોડેલ અપનાવવાથી લોકપ્રિયતા જળવાઈ રહી છે.

ભારતનું રિયલ એસ્ટેટ ક્ષેત્ર, જે કૃષિ પછી બીજા ક્રમનું સૌથી મોટું રોજગાર સર્જન કરનારું બજાર છે, તે ઉલ્લેખનીય વૃદ્ધિ માટે તૈયાર છે.

જૂન 2025 – Artificial intelligence, મશીન લર્નિંગ અને મોટા ડેટા એનાલિટિક્સ જેવા નવીનતાઓ પ્રોપર્ટી માર્કેટમાં ક્રાંતિ દર્શાવી રહી છે. 2025માં ભારતના રિયલ એસ્ટેટ ક્ષેત્રનો વિકાસ: ઓક્ટોબર 2025 – ભારતનું રિયલ એસ્ટેટ બજાર નોંધપાત્ર વિસ્તરણ માટે તૈયાર છે, જે 2025માં $332.85 બિલિયનથી વધીને 2030 સુધીમાં $985.80 બિલિયન થવાનો અંદાજ છે , જેમાં 24.25%ના CAGRનો સમાવેશ થાય છે.

ભારતીય રિયલ એસ્ટેટ બજાર શહેરીકરણ, વસ્તી વૃદ્ધિ અને વધતી આવકને કારણે 2025માં સતત વૃદ્ધિ થવાની સંભાવના છે, અને વર્ષના અંત સુધીમાં અંદાજે $46.76 ટ્રિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે.

2025 માટે સરેરાશ 6.58% સાથે, મુખ્ય શહેરોમાં ભાવવધારો થવાની અપેક્ષા છે. જેમાં દિલ્હી-એનસીઆર અને બેંગ્લોર ખાસ કરીને મજબૂત વધારો દર્શાવે છે.

ગ્રાહક ખર્ચમાં વધારો રિટેલ અને હોસ્પિટાલિટી ક્ષેત્રોને વેગ આપી રહ્યો છે. શોપિંગ મોલ્સ Experience Center (અનુભવ કેન્દ્રો)માં પરિવર્તિત થઈ રહ્યા છે, અને સ્થાનિક પ્રવાસન અને MICE (મીટિંગ્સ, પ્રોત્સાહનો, પરિષદો અને પ્રદર્શનો) બજાર વિસ્તરણને કારણે હોસ્પિટાલિટી ક્ષેત્રનો વિકાસ થવાની અપેક્ષા છે.

વ્યાજ દરો : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રેપો રેટમાં ઘટાડાથી લોન લેવાની અનુકૂળ પરિસ્થિતિઓ ઊભી થઈ છે, જેના કારણે મિલકત ખરીદવાનો આ એક આકર્ષક સમય બન્યો છે.

કુલ બજાર : 2030 સુધીમાં એકંદર બજાર 1 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે અને 2025 સુધીમાં દેશના જીડીપીમાં 13% યોગદાન આપવાની ધારણા છે.

# પાંચ મહિનામાં ભારતની અમેરિકા ખાતેની નિકાસમાં 28 ટકાથી પણ વધુનું ગાબડું....

## ટેરિફમાંથી મુકત સ્માર્ટફોન, ફાર્મા, પેટ્રો પ્રોડકટસની નિકાસ પર પણ અસર

**મુંબઈ**

ભારતના સૌથી મોટા નિકાસ મથક અમેરિકા ખાતે દેશની નિકાસ મેથી ઓકટોબરના ગાળામાં ૮.૮૩ અબજ ડોલર પરથી ૨૮.૫૦ ટકા ગબડી ૬.૩૦ અબજ ડોલર રહી હોવાનું ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું હતું.



ભારતના માલસામાન પર અમેરિકા દ્વારા લાગુ કરાયેલા જંગી ટેરિફને પરિણામે નિકાસમાં ઘટાડો થયો છે. એપ્રિલના પ્રારંભમાં ૧૦ ટકા પરથી ટેરિફ ઓગસ્ટમાં વધી ૨૫ ટકા થઈ હતી અને ઓગસ્ટના અંતમાં જ તે ૫૦ ટકા લઈ જવાઈ હતી.

અમેરિકાના મુખ્ય ભાગીદાર દેશોમાં સૌથી વધુ ટેરિફ ભારતના માલસામાન પર લાદવામાં આવી છે. ચીન પર ૩૦ ટકા જ્યારે જાપાનના માલસામાન પર ૧૫ ટકા ટેરિફ લેવામાં આવે છે.

ટેરિફમાંથી મુક્ત રખાયેલા સ્માર્ટફોન, ફાર્મા તથા પેટ્રોલિયમ પ્રોડક્ટસની નિકાસ પણ મેની સરખામણીએ ઓક્ટોબરમાં ૨૫.૮૦ ટકા નીચી રહી છે. મેમાં ૩.૪૨ અબજ ડોલરની સરખામણીએ ઓક્ટોબરનો આંક ૨.૫૪ અબજ ડોલર રહ્યો હતો.

ભારતની ઓક્ટોબરની નિકાસમાં આ પ્રોડકટસનો હિસ્સો ૪૦.૩૦ ટકા રહ્યો હતો. જે માલસામાન પર અમેરિકાએ દરેક દેશો માટે સમાન ટેરિફ રાખ્યા છે તે આયર્ન, સ્ટીલ, એલ્યુમિનિયમ તથા કોપરનો હિસ્સો ઓક્ટોબરની નિકાસમાં ૭.૫૦ ટકા રહ્યો છે.

આ માલસામાનની અમેરિકા ખાતે નિકાસ જે મેમાં ૬૨.૯૦ કરોડ ડોલર રહી હતી તે ઓકટોબરમાં ૨૪ ટકા જેટલી ઘટી ૪૮ કરોડ ડોલર પર આવી ગયાનું પણ રિપોર્ટમાં નોંધાયું છે.

અમેરિકા ખાતે નિકાસમાં થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં રાખી સદર સંસ્થાએ એક્સપોર્ટ પ્રમોશન મિશનનો પ્રારંભ કરવા સૂચન કર્યું છે અને લાગુ કરાયેલી ૨૫ ટકા વધારાની ટેરિફ નાબુદ કરવા અમેરિકા પર દબાણ લાવવું જોઈએ.મિશનની જાહેરાત માર્ચમાં થઈ હતી અને કેબિનેટે તેને ૧૨ નવેમ્બરે મંજુરી આપી છે, આમછતાં હજુ તે કાગળ પર જ છે.

# ડાલમિયા સિમેન્ટને ₹266 કરોડની ટેક્સ નોટિસ:વર્ષ 2019-20 અને 2022-23 સંબંધિત મામલો છે, કંપનીએ કહ્યું કે તેનાથી કોઈ મુશ્કેલી નહીં થાય

**નવી દિલ્હી**

ડાલમિયા ભારતની સબસિડિયરી કંપની ડાલમિયા સિમેન્ટ (ભારત) લિમિટેડ (DCBL) ને તમિલનાડુના સેલ્સ ટેક્સ ડિપાર્ટમેન્ટે બે મોટી શો-કોઝ નોટિસ (કારણ દર્શાવો નોટિસ) મોકલી છે. કુલ મળીને કંપની પર 266.3 કરોડના ટેક્સ અને પેનલ્ટીનો દાવો કરવામાં આવ્યો છે.




કેટલી-કેટલી નોટિસ આવી?, વર્ષ 2019-20 માટે:

ટેક્સની માંગ: 128.39 કરોડ

પેનલ્ટી: 19.25 કરોડ

કુલ: આશરે 147.64 કરોડ

વર્ષ 2022-23 માટે:

ટેક્સની માંગ: 59.32 કરોડ

પેનલ્ટી: 59.32 કરોડ (એટલે કે ટેક્સ જેટલો જ દંડ)

કુલ: આશરે 118.64 કરોડ

બંને મળીને કુલ 266.3 કરોડનો મામલો છે.

કારણ શું છે? ટેક્સ વિભાગને આ બે વર્ષમાં કંપનીના ટેક્સેબલ ટર્નઓવર (એટલે કે વેચાણનો તે ભાગ જેના પર GST લાગે છે) અને ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) માં કેટલીક ગડબડી જણાઈ છે. એટલે કે કંપનીએ જે વેચાણ દર્શાવ્યું અને જે ઈનપુટ ક્રેડિટ ક્લેમ કરી, તેમાં તફાવત દેખાઈ રહ્યો છે. આને લઈને નોટિસ જારી કરવામાં આવી છે.

ડાલમિયા ભારતે સ્ટોક એક્સચેન્જને આપેલી જાણકારીમાં સ્પષ્ટ કહ્યું છે કે આ શો-કોઝ નોટિસની કંપની પર કોઈ નાણાકીય અસર નહીં થાય. એટલે કે કંપનીને પૂરો ભરોસો છે કે તે પોતાનો પક્ષ મજબૂતીથી રજૂ કરશે અને આ પૈસા ચૂકવવા નહીં પડે.

છેલ્લા 1 વર્ષમાં ડાલમિયા ભારતનો શેર 13% વધ્યો છે. 2025 વર્ષની શરૂઆતમાં તેનો શેર 1,771 રૂપિયા પર હતો, જે હવે 2,010 રૂપિયા પર પહોંચી ગયો છે. જ્યારે છેલ્લા 6 મહિનામાં કંપનીના શેરમાં 3%નો ઘટાડો જોવા મળ્યો છે.

# સાયબર ક્રાઈમ-બેટિંગ માટે 1500માં સીમકાર્ડ આપનાર ઝડપાયો

## બે વર્ષમાં ગુજરાતમાંથી 1000થી વધુ સિમકાર્ડ દુબઈ પહોંચાડ્યા, આંતરરાષ્ટ્રીય સિમકાર્ડ કૌભાંડનો પર્દાફાશ

**અમદાવાદ, તા.30**

અમદાવાદમાં થોડાક દિવસ પહેલાં એક સિનિયર સિટીઝન સાથે થયેલા 25 લાખના 'ડિજિટલ અરેસ્ટ' ફ્રોડની તપાસ દરમિયાન સાઈબર ક્રાઈમ પોલીસે એક મોટા આંતરરાષ્ટ્રીય સિમકાર્ડ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં અત્યાર સુધીમાં 4 આરોપીઓની ધરપકડ કરી છે. આ કૌભાંડમાં સામે આવ્યું છે કે, એરટેલ એજન્ટ અને મુખ્ય ડિસ્ટ્રીબ્યુટર વિજય રાવળ ગ્રાહકોના બાયોમેટ્રિક્સ અને દસ્તાવેજોનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર રીતે સિમકાર્ડ ઈશ્યૂ કરતો હતો અને છેલ્લા બે વર્ષમાં 1000થી વધુ આવા સિમકાર્ડ્સ દુબઈ સ્થિત ગેરકાયદેસર બેટિંગ અને સાઈબર ક્રાઈમ કોલ સેન્ટરોમાં મોકલવામાં આવ્યા હતા.

પકડાયેલો ચોથા આરોપી કુલદીપ જોશી, જે દુબઈના કોલ સેન્ટરમાં કામ કરતો હતો, તે ભારત આવે ત્યારે પ્રતિ સિમ 1500ના દરે ખરીદી કરીને સિમકાર્ડ દુબઈ પહોંચાડવાનું કામ કરતો હતો, જેનો ઉપયોગ 'ડિજિટલ અરેસ્ટ' જેવા ફ્રોડમાં થતો હતો. સાયબર ક્રાઈમ પોલીસે દુબઈમાં બેઠેલા મુખ્ય આરોપીઓ ભાવેશ જોશી ઉર્ફે લાદેન અને કનુ વારાહી સહિત અન્ય સંડોવાયેલા લોકોની ધરપકડ માટે વધુ તપાસ હાથ ધરી છે.

થોડાક દિવસ પહેલાં અમદાવાદમાં એક સિનિયર સિટીઝન સાથે રૂપિયા 25 લાખના ડિજિટલ અરેસ્ટ ફ્રોડ થયું હતું. આ ફ્રોડ માટે ઉપયોગમાં લેવાયેલા વ્હોટ્સએપ નંબરની કોલ ડિટેલ માટે SDR મંગાવતા તે અમદાવાદના એક વ્યક્તિના નામે નોંધાયેલું હોવાનું જણાયું હતું. જે ગ્રાહકના નામે સિમકાર્ડ હતું, તેમણે પોલીસને જણાવ્યું કે, તેઓ તેમના પિતાનું સિમકાર્ડ પોતાના નામે ટ્રાન્સફર કરાવવા માટે એરટેલ એજન્ટ પાસે ગયા હતા. એજન્ટે ટ્રાન્સફરના બહાને તેમના બાયોમેટ્રિક્સ અને દસ્તાવેજો મેળવ્યા હતા, પરંતુ પછી 'ટેકનિકલ એરર'નું બહાનું આપી ટ્રાન્સફર ન થઈ શક્યું હોવાનું જણાવ્યું હતું. આમ જાણવા મળ્યું હતું કે, ગ્રાહકની જાણ બહાર આ સિમકાર્ડ ઈશ્યૂ કરીને તેને દુબઈ મોકલી દેવામાં આવ્યું હતું, જેનો ઉપયોગ સાઈબર ક્રાઈમ અને ગેરકાયદેસર બેટિંગ કોલ સેન્ટરોમાં થતો હતો.




આ મામલે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરીને તપાસ શરૂ કરાઈ હતી. જેમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં મુખ્ય ભૂમિકા વિજય રાવળની હતી, જે પોતે એરટેલનો એજન્ટ અને મુખ્ય ડિસ્ટ્રીબ્યુટર હતો. તે ગ્રાહકોના નામે ગેરકાયદેસર રીતે સિમકાર્ડ ઈશ્યૂ કરતો હતો. આ સિમકાર્ડ મોટેભાગે એરટેલના હતા, કારણ કે કંબોડિયાના કોલ સેન્ટરોમાં તેની ડિમાન્ડ વધુ હતી. શુભમ પરાડિયા અને કિરણ ઠક્કર ઈશ્યૂ થયેલા આ સિમકાર્ડ એકત્રિત કરીને તેમને દુબઈ મોકલવામાં મદદ કરતા હતા.

આ ત્રણેયે મળીને બે વર્ષમાં લગભગ 1000 જેટલા સિમકાર્ડ દુબઈ મોકલ્યા હતા, જેનો ઉપયોગ 'ડિજિટલ અરેસ્ટ' જેવા સાઈબર ક્રાઈમ અને કમ્બોડિયાના કોલ સેન્ટરોમાં થતો હતો. આ કેસમાં ચોથો પકડાયેલો આરોપી કુલદીપ જોશી છે, જે દુબઈમાં બે વર્ષથી બેટિંગ કોલ સેન્ટરોમાં કામ કરતો હતો અને તેને મહિને 20,000થી 25,000 રૂપિયાનો પગાર મળતો હતો. કુલદીપ જ્યારે પણ ગુજરાત આવતો, ત્યારે તે શુભમ અને કિરણ પાસેથી સિમકાર્ડ મેળવીને દુબઈ પહોંચાડવાનું કામ કરતો હતો.

તપાસમાં જાણવા મળ્યું છે કે, દુબઈમાં બે મુખ્ય આરોપીઓ ભાવેશ જોશી ઉર્ફે લાદેન અને કનુ વારાહી આ સિમકાર્ડ રિસીવ કરતા હતા અને કોલ સેન્ટરોમાં તેનો ઉપયોગ કરાવતા હતા. ભાવેશ જોશી અને કનુ વારાહી દુબઈમાં તેમની સાથે કામ કરતા લોકોને જ્યારે તેઓ ભારત આવે ત્યારે સિમકાર્ડ કલેક્ટ કરવાની જવાબદારી સોંપતા હતા. દુબઈના આરોપીઓ ભારતમાં સિમકાર્ડ ઈશ્યૂ કરનારાઓને પ્રતિ સિમ રૂપિયા 1500 ચૂકવતા હતા. ભારતના આરોપીઓ ગ્રાહકોને 500થી 700 રૂપિયા આપીને અથવા કન્સ્ટ્રક્શનના મજૂરોને ટાસ્ક પૂરો કરવાના બહાને શોધીને સિમકાર્ડ ઈશ્યૂ કરાવતા હતા. કેટલાક કિસ્સાઓમાં ગ્રાહકોની જાણ બહાર પણ સિમકાર્ડ ઈશ્યૂ કરાયા હતા.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, 2023 અને 2024 દરમિયાન આ આરોપીઓએ ગુજરાતમાંથી કુલ 1000 જેટલા સિમકાર્ડ દુબઈ પહોંચાડ્યા છે. આ સિમકાર્ડ્સનો ઉપયોગ દુબઈમાં ચાલતા ગેરકાયદેસર બેટિંગ, ગેમિંગ કોલ સેન્ટરો અને ડિજિટલ અરેસ્ટ માટે થતા હતા. મહત્ત્વનું છે કે, પોલીસે ભાવેશ જોશી ઉર્ફે લાદેન અને કનુ વારાહી સહિત અન્ય સંડોવાયેલા લોકોની ધરપકડ માટે વધુ તપાસ હાથ ધરી છે. સાયબર ક્રાઈમના એસીપી હાર્દિક માકડિયાએ લોકોને અપીલ કરી છે કે, તમે તમારા નામે કોઈ સીમકાર્ડ ઈશ્યૂ થયું છે કે કેમ તેની તપાસ TAFCOP નામની વેબસાઈટ પર ચેક કરી શકો છો. દરેક લોકોએ એકવાર ચેક કરવું જોઈએ, ચેક કર્યા બાદ તમારી જાણ બહાર કોઈ સીમ ઈશ્યૂ કરવામાં આવ્યું હોય તો રિપોર્ટ કરી પોલીસને જાણ કરવી જોઈએ.

# સ્કૂલે મુકવા જતા બાળકોને ચોકલેટની લાલચ આપી શોષણ કરવાના ગંભીર કેસમાં રિક્ષાચાલકની ધરપકડ, પોલીસ તપાસ શરૂ

**અમદાવાદ, તા.30**

અમદાવાદના રામોલમાં સ્કૂલે લેવા મુકવા જતા રિક્ષાચાલક દ્વારા બાળકો સાથે વિકૃત હરકત કર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. 55 વર્ષીય રીક્ષાચાલક ચોકલેટ અને અન્ય લાલચ આપીને શારીરિક અડપલા કરાવતો હોવાની ઘટના અંગે માસૂમોએ માતા-પિતાને જાણ કરી હતી. જે બાદ માતા-પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ પછી પોલીસે આરોપી રિક્ષાચાલક રાજકુમાર રાજપૂતની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે જણાવ્યા મુજબ, અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગંભીર ગુનામાં પોલીસે રિક્ષાચાલક રાજકુમાર રાજપૂતની ધરપકડ કરી છે, જે છેલ્લા 22 વર્ષથી સ્કૂલોની વર્ધીનું કામ કરતો હતો અને હાલમાં વસ્ત્રાલની બે અલગ-અલગ સ્કૂલોના બાળકોને લેવા-મુકવા જતો હતો. આ વ્યવસ્થા વાલીઓએ ખાનગી ધોરણે રાખી હતી.

પોલીસે વધુમાં જણાવ્યું કે, આ શખસ રિક્ષાના હેન્ડલ ઉપર સુતરાવ કાપડનો થેલી બાંધીને તેમાં ચોકલેટ અને બોલ રાખતો હતો. રિક્ષાચાલક બાળકોને આગળ



બેસાડીને ગેમ રમવાની લાલચ આપતો કે 'જે વધારે ચોકલેટ કાઢશે તેને ઈનામ આપવામાં આવશે.' આ રમતની આડમાં તે બાળકો પાસે શારીરિક અડપલા કરાવતો હતો. ભોગ બનનાર તમામ બાળકો સગીર વયના છે, જેમની ઉંમર 12 વર્ષથી નીચેની છે. ચોંકાવનારી વાત એ છે કે, આરોપીએ દીકરીઓ-દીકરાઓ સાથે વિકૃત કૃત્ય કર્યું હતું.

પોલીસે વધુમાં જણાવ્યું કે, આ કૃત્ય અંગે ભોગ બનનાર કેટલીક સગીર વયની બાળકીઓ એકબીજા સાથે આ વિશે વાત કરી રહી હતી. આ પછી માતા-પિતાએ એકબીજા સાથે ચર્ચા કરી અને રિક્ષાચાલક સામે ગુનો દાખલ કર્યો હતો. હાલમાં જે ફરિયાદી અને ભોગ બનનાર છે, તેઓ છેલ્લા ચાર મહિનાથી આ રિક્ષામાં આવન-જાવન કરતા હતા. પોલીસ દ્વારા અત્યાર સુધીમાં પાંચેક સગીર વયના બાળકોના નિવેદનો લીધા છે.

**અમદાવાદ પૂર્વ ઝોનને મળશે મોટી રાહત**

# 86.58 કરોડના પ્રોજેક્ટથી ઇસનપુર-નિકોલ-વટવા-રામોલના તળાવો ઇન્ટરલિંક થશે, વરસાદી પાણી સીધુ જ નદીમાં જશે....

**અમદાવાદ, તા.30**

ચોમાસાની સિઝન દરમિયાન વરસાદી પાણી ભરાવવાની સમસ્યા ઊભી થતી હોય છે ત્યારે વરસાદી પાણીનું નિકાલ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના પૂર્વ વિસ્તારમાં રૂ. 86.58 કરોડના ખર્ચે તળાવ ઈન્ટરલિંકિંગ કરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટ ભારતના નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ મંજૂર કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટ અંતર્ગત ઈસનપુર, નિકોલ, વટવા, રામોલ-હાથીજણ અને વટાલ વિસ્તારમાં આવેલા રતનપુરા તળાવ, સાત તલાવડી, રામોલ તલાવડી, ઠેકડી તલાવડી, બેટલા તલાવડી, વડુ તળાવ સહિતના તળાવોને ઈન્ટરલિંક કરી જોડવામાં આવશે. જેથી ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાવાની




સમસ્યા ઓછી થશે.

શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા હોય છે જે પાણીનું નિકાલ કરવા માટે તળાવમાં લાઈન જોડવામાં આવતી હોય છે. જોકે, વરસાદમાં તળાવો ઓવરફ્લો થઈ જતા હોય છે ત્યારે એક તળાવમાં પાણી વધારે ભરાઈ જાય ત્યારે તળાવોમાંથી ઓવરફ્લો થતા પાણી માટે 300 મીમીથી 2400 મીમી ડાયાની કુલ 24.62 કિમી લાંબી સ્ટોર્મવોટર લાઈન નાખવામાં આવશે. દરેક તળાવમાંથી નીકળતું વધારાનું પાણી સ્ટોર્મ વોટરની લાઈન દ્વારા વિંઝોલ પાસેના વેહળા સુધી પહોંચાડવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં વરસાદી સીઝનમાં પાણી ભરાવવાની સમસ્યાથી રાહત મળશે અને તળાવો ભરાશે.

# કેનેડા વર્ક પરમિટના નામે વડોદરાના એજન્ટે 3 લાખની છેતરપિંડી આચરી

## કૃષ્ણનગરના રીતેશ પટેલના પરિવારને ટુરિસ્ટ વિઝા અપાવી રિજેક્ટ કરાવ્યા, પૈસા પરતના નામે ડિઝઓનર ચેક આપ્યો

**વડોદરા, તા.30**

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારના આશ્રય બંગ્લોઝમાં રહેતા રીતેશભાઈ દશરથભાઈ પટેલ (ઉં.વ.42)એ બાપોદ પોલીસ સ્ટેશનમાં વડોદરાના વિઝા એજન્ટ અજીતસિંહ બ્રિજલાલ જાટ સામે 3 લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. બાપોદ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આરોપીની શોધખોળ શરૂ કરી છે. છ વર્ષ પહેલાં કેનેડા વર્ક પરમિટ માટે રીતેશભાઈ પટેલ અજીતસિંહ જાટની વડોદરા ખોડિયારનગર વિસ્તારમાં આવેલી ઓફિસના સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ નવેમ્બર 2023માં રિતેશભાઈને પોતે, પત્ની દીપ્તીબેન, દીકરી વિધીબેન તથા દીકરી હારીકાને કેનેડા વર્ક પરમિટ




અને ડિપેન્ડન્ટ વિઝા પર મોકલવા અજીતસિંહની નવી ઓફિસ 'એસ્ટર મેગ્નેટ વિઝા સોલ્યુશન્સ એલએલપી' (ક્રિષ્ના પ્લેટિના, ખોડિયારનગર, વડોદરા) ખાતે રૂબરૂ મુલાકાત લીધી હતી.

અજીતસિંહે કુલ 18.50 લાખ રૂપિયાની ફી સ્ટેજ વાઈઝ લેવાનું કહ્યું હતું અને 6 મહિનામાં વિઝા પ્રોસેસ પૂર્ણ કરી આપવાની ખાતરી આપી હતી. આ માટે 5 નવેમ્બર, 2023ના રોજ નોટરી સમક્ષ કરાર કરવામાં આવ્યો હતો. કરાર મુજબ શરૂઆતમાં 3 લાખ રૂપિયા 1થી 3 નવેમ્બર 2023 દરમિયાન રીતેશભાઈના બેંક એકાઉન્ટમાંથી અજીતસિંહના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. કરારમાં સ્પષ્ટ જણાવાયું હતું કે, વિઝા ન મળે તો સંપૂર્ણ રકમ પરત કરવામાં આવશે. જોકે, અજીતસિંહે વર્ક પરમિટની પ્રોસેસિંગ કરવાને બદલે ચારેય વ્યક્તિઓની ટુરિસ્ટ વિઝા એપ્લિકેશન ઓનલાઈન સબમિટ કરી અને તેની ફી તરીકે 655 કેનેડિયન ડોલર તથા ડિગ્રી વેરિફિકેશન માટે વર્લ્ડ એજ્યુકેશન સર્વિસિસમાં 275 કેનેડિયન ડોલર ભર્યા હતા. 25 જાન્યુઆરી, 2024ના રોજ કેનેડા સરકારે "ઈન્ટેન્શન ઈઝ નોટ પ્રોપર"ના કારણે ચારેયના વિઝા રદ કર્યા હતા. આ જાણ થતાં રીતેશભાઈએ પૈસા પરત માંગ્યા ત્યારે અજીતસિંહે યશ બેંકના ખાતાનો 3 લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો, જે બેંકમાં જમા કરાવતા ઈનસફિશિયન્ટ ફંડના કારણે ડિઝઓનર થયો હતો. ત્યારબાદ અજીતસિંહે ફાઈલ પ્રોસેસમાં પૈસા ખર્ચાઈ ગયા છે, થોડો સમય આપો, જેવી બહાનાબાજી કરી હતી અને હવે રૂપિયા પરત આપવાનું ટાળે છે. વિઝા એજન્ટ અજીતસિંહ બ્રીજલાલ જાટે પાકો ભરોસો આપી કરાર કરી 3 લાખ રૂપિયા લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હોવાથી રીતેશભાઈએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બાપોદ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# પત્ની સાથે ઝઘડા બાદ માથાફરેલા પતિનું 6 રાઉન્ડ ફાયરિંગ

## ફોર્ડ ટાઈટેનિયમ કારમાં રિવોલ્વર અને બાર બોરની બંદૂક લઈ સસરાના ઘરે પહોંચ્યો'તો, આરોપીની અટકાયત

**અમદાવાદ, તા.30**

અમદાવાદમાં પત્ની સાથે ઝઘડો થયા બાદ પતિએ ધડાધડ છ રાઉન્ડ ફાયરિંગ કરતા ચકચાર મચી છે. અમદાવાદના વિજય ચાર રસ્તા પાસે આવેલી સુભાષ સોસાયટીમાં પિતાના ઘરે આવેલી પત્નીને આજે બપોરે પતિ મળવા આવ્યો હતો. કોઈ કારણસર દંપતી વચ્ચે ઝઘડો થતા પતિએ ઘરની બહાર નીકળી પોતાની પાસે રિવોલ્વર અને બાર બોરની બંદૂકથી આડેધડ 6 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

રવિવારની રજાનો દિવસ હોય મોટાભાગના લોકો ઘરે હાજર હોય આસપાસના બંગલામાંથી બહાર દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ફાયરિંગ કરનાર રાહુલ સોની નામના શખસની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ ગઈ છે. જ્યાં હાલ તેની પૂછપરછ ચાલી રહી છે. ફાયરિંગના બનાવમાં કોઈને ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું નથી.

મળતી માહિતી અનુસાર વિજય ચાર રસ્તા પાસે આવેલી સુભાષ સોસાયટીના બંગલા નંબર 16માં ફાયરિંગ કરનાર રાહુલ સોનીના સાસરીયા પક્ષના લોકો રહે છે.



ત્યારે રાહુલ સોનીની પત્ની તેના પિતાના ઘરે આવી હતી તે દરમિયાન રાહુલ સોની પણ ત્યાં પહોંચ્યો હતો. આ દરમિયાન બપોરે 3:30 વાગ્યા દરમિયાન રાહુલ અને તેની પત્ની વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. જેથી ગુસ્સે ભરાયેલા રાહુલે એક રાઉન્ડ ઘરના કમ્પાઉન્ડમાં અને એક રાઉન્ડ ઘરના ગેટની બહાર એમ ધડાધડ છ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

રાહુલે એક રિવોલ્વર અને એક બાર બોરની બંદૂકથી ધડાધડ છ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જોકે, ઘટનાની જાણ થતાં જ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ફાયરિંગ કરનાર રાહુલ સોનીની અટકાયત કરી હતી. ત્યાર બાદ પોલીસ દ્વારા વધુ તપાસ માટે FSL ટીમને બોલાવાઈ હતી. ઘટનાસ્થળેથી FSLની ટીમે તપાસ કરી જે બાદ FSLની ટીમ પોલીસ સ્ટેશન પહોંચી હતી.

પોલીસ ઘટનાસ્થળે રાહુલ સોનીની ગાડી લઈને પંચનામું કરવા પહોંચી હતી. રાહુલના સસરા જે ફરિયાદી છે તેમને સાથે રાખીને વીડિયોગ્રાફી સાથે પંચનામું કરવામાં આવ્યું હતું. રાહુલ સોની ફોર્ડ ટાઈટેનિયમ કારમાં બાર બોરની બંદૂક અને રિવોલ્વર લઈને આવ્યો હતો. રાહુલ સોનીએ બાર બોરની બંદૂક અને રિવોલ્વર કારની સીટ પર મૂકીને આવ્યો હતો. ઘટનાસ્થળેથી પોલીસને ફાયરિંગ કરાયેલી ખાલી કારતૂસ મળી આવી હતી.

ફાયરિંગના બનાવ બાદ ગુજરાત યુનિવર્સિટી પોલીસ આરોપીને લઈ પોલીસ સ્ટેશન લાવી હતી. પાસપોર્ટ રૂમમાં રાખવામાં આવ્યો હતો. જો કે, મીડિયાકર્મીઓ પહોંચતા જ આરોપીને અન્ય રૂમમાં લઈ જવાયો હતો. પોલીસ ઈન્સપેક્ટર રજા પર હોય ચાર્જ સિનિયર પીએસઆઈ પાસે છે. જેઓએ હાલ આ મામલે જવાબ આપવાનું ટાળ્યું હતું.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**

